
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

નવેમ્બર, ૨૦૧૯







## તીર્થધામ ગોંડલ ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઊજવાયો શરદોત્સવ...

તા. ૧૩-૧૦-૨૦૧૯ના રોજ તીર્થધામ ગોંડલ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં હજારો ભક્તોએ શરદોત્સવ - અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રાગટ્યદિન માણ્યો. મંદિરનું સમગ્ર પરિસર, ભવ્ય અક્ષરદ્વાર વગેરે બધું જ ઉત્સવના વાઘાઓથી શોભતું હતું. અક્ષરબ્રહ્મ પ્રાગટ્યોત્સવે સૌની સુખાકારી માટે મહંત સ્વામી મહારાજે દિવ્ય સાક્ષાત્ સ્થાન અક્ષરદેરીમાં પ્રાર્થના-પ્રદક્ષિણા કર્યાં હતાં.



# નૂતન વર્ષારંભે ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો પ્રેરણા પત્ર

સ્વામી શ્રીજી
પ.પૂ.-પ્રમુખ સ્વામી

નાઈરોબી
૧-૧૦-૧૯
મંગળવાર


પ્રતિ
અતિશય લાડીલા સત્સંગ સમુદાય,
અક્ષર-પુરુષોત્તમના સર્વ ઉપાસકો,

~~સમૃ~~ સ્વામિનારાયણના નવા વર્ષે ઘણાજ હેતપૂર્વક
જયશ્રી સ્વામિનારાયણ.

સંતો, પાર્ષદો, કાર્યકરો બધા નિષ્ઠાપૂર્વક મંડી પડ્યા છો. તે જોઈને અમારા બધાની છાતી ગજ-ગજ ફૂલે છે. સત્સંગના કાર્યકરોને ધન્યવાદ ઘટે છે. તેમાય વળી સ્વામિનારાયણ પ્રગટ્યા તો ડંકો મારી દીધો છે. શું લેખા! અને સર્વ પ્રકારે ઉઠાવ લાવનાર. કોઈ ખામી રહેતી નથી. બી.એ.પી.એસ. સંસ્થામાં ચારે કોરે ડંકા વાગી રહ્યા છે. સિદ્ધાંત, સત્સંગ, સંસ્કાર મંદિરો, યોગી બાપા અને પ્રમુખસ્વામી મહારાજ વિ. ના ડંકા વાગી રહ્યા છે. ચારે બાજુ વિજય પતાકા ફરકે છે. જય જયકાર થઈ રહ્યો છે. ભક્તો સંતો હરિભક્તો આનંદમાં ઝૂમી રહ્યા છે અને સદાય સુખડા માણી રહેશો. બધાના દેશકાળ સારા રહેશે અને તને મને ધને સુખી રહેશો. સર્વ સત્સંગમાં દિવ્યભાવ રાખે છે, પરસ્પર દિવ્યભાવ રાખે છે તે ખાસ ગુણો છે

જયશ્રી સ્વામિનારાયણ







# નૂતન વર્ષાભિવંદન સાથે માણીએ દિવાળીનો મર્મ...


૩. નૂતન વર્ષના આશીર્વાદ
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૫. પ્રસંગમર્મ: ત્યાં જ હોય ઘનશ્યામ..

૮. આશીર્વચનઃ અંતરમાં પ્રકાશ કરીએ
– બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

૧૦. દીપોત્સવનાં અજવાળાં: તાળાં હજાર અને ચાવી એક
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૧૪. માનવ જન્મ સાર્થક થાય એ જ દિવાળીનો મર્મ..
– સાધુ સ્વયંપ્રકાશદાસ (ડૉક્ટર સ્વામી)

૧૬. રાજ મારે દિન દિન દિવાળી રે...
– સાધુ યોગેન્દ્રદાસ

૨૩. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૬. નૈરોબી ખાતે ઊજવાયો ગુરુહરિનો ૮૬મો જન્મોત્સવ

૪૦. ચાણસદમાં પ્રવાસી સુવિધાઓનાં વિકાસકાર્યોનો શુભારંભ

૪૨. અબુધાબીમાં ઐતિહાસિક સમારોહ

૪૩. બ્રાઝિલમાં સંતોનું સત્સંગ વિચરણ

૪૪. સારંગપુરમાં તબીબી શિબિર

૪૫. બ્યુમોન્ટ અને હેવન્ટ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૬. પર્થમાં પ્રમુખસ્વામી મહારાજનું બહુમાન

૪૮. વિવિધ પશુ હરીફાઈમાં સારંગપુરનું પશુધન અગ્રક્રમે

૪૯. અન્ય સમાચાર


આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પરમહંસ સંતકવિ બ્રહ્માનંદ સ્વામીએ સ્વાનુભવનું કીર્તન ઘૂંટતાં ગાયું છે:

'રાજ મારે દિન દિન દિવાળી રે...'

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિનો આનંદ અનેક કષ્ટો વચ્ચે પણ દિવાળીનો અનુભવ કરાવે છે. આજે ૨૦૦ વર્ષ પછી પણ એ શબ્દોમાં તાજગી અનુભવાય છે.

શું બ્રહ્માનંદ સ્વામીની જેમ આપણે પણ રોજ રોજ દિવાળીના એ આનંદને માણી ન શકીએ?

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક એવી સામગ્રીઓ લઈને આપની પાસે આવે છે, જેમાં દિવાળીના મર્મને જીવનમાં સાર્થક કરવાની પ્રેરણા છે.

ભગવાન સ્વામિનારાયણે દિવાળી-અન્નકૂટના પર્વે ધર્મયુક્ત એટલે કે સદાચાર યુક્ત ભક્તિ કરવાની પ્રેરણા આપી હતી, એ પ્રસિદ્ધ પ્રસંગમર્મ અહીં પ્રસ્તુત છે, તો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દિવાળી પર્વે વરસાવેલાં આશીર્વચનોમાં પણ જીવનનું નામું માંડીને આત્મામાં પ્રકાશ પાથરવાની પ્રેરણા આપી છે. ભગવાન અને ગુરુની આજ્ઞામાં રહીને દિવ્યભાવપૂર્વક ભક્તિ કરીએ તો હજાર તાળાં એક જ ચાવીએ ખૂલી જાય - એમ કહીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે નિત્ય દિવાળીનો નવો આનંદ માણવાની ચાવી બતાવી છે. મનુષ્ય જન્મને સાર્થક કરવાની પ્રેરણા આપીને ડૉક્ટર સ્વામીએ દિવાળીનો મર્મ સમજાવ્યો છે. તો ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસોની અનુભૂતિપૂર્ણ કીર્તન-કણિકાઓમાં એમના હૈયે ઘૂંટાતો પ્રાપ્તિનો કેફ પણ દિવાળીના આનંદની કંઈક નોખી દિશા ચીંધે છે.

આ પ્રેરણાબિંદુઓ દિવાળીના ઉત્સવને વધુ મર્મસભર બનાવે છે. આવો, નૂતન વર્ષના હાર્દિક અભિવંદન સાથે આ અંકની સામગ્રીને હૈયે ધારીએ... ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૧૧,**
**નવેમ્બર, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



દીપાવલિ-અન્નકૂટ પર્વે ભગવાન સ્વામિનારાયણનો પ્રસંગ-મર્મ

# ત્યાં જ હોય ઘનશ્યામ...

ભગવાન સ્વામિનારાયણે ગઢપુરના નિવાસ દરમ્યાન ભક્તોની ભક્તિને અવિચળ રાખવા માટે શ્રી વાસુદેવ નારાયણની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. દાદાખાચરના દરબારગઢમાં સૌને આ મૂર્તિનું એક અનોખું આકર્ષણ હતું. અહીં નિત્ય આરતી-ધૂન-કીર્તન-કથાની રમઝટ બોલે. સૌમાં ભક્તિ અને આનંદની લહેર છવાઈ જાય. અહીં નિત્ય ઉત્સવોની પણ રંગત જામે. શ્રીહરિ ઉત્સવો તો ઊજવે, પરંતુ ઉત્સવનો આધ્યાત્મિક મર્મ પણ સમજાવે. ઉત્સવ એટલે માત્ર બાહ્યાચાર નહીં, પરંતુ આંતરિક ચેતના જગાવવી તે પણ તેનો એક આયામ છે.

વિક્રમ સંવત ૧૮૬૩નું વર્ષ હતું.

દિવાળી અને અન્નકૂટના દિવસો આવ્યા હતા.

ભગવાન સ્વામિનારાયણની ઉપસ્થિતિમાં આ ઉત્સવ આવ્યો એટલે ગઢપુરવાસીઓને તો હરખ સમાતો નહોતો. વાસુદેવ નારાયણની મૂર્તિ સમક્ષ આ પ્રથમ અન્નકૂટોત્સવ અને તે પણ શ્રીહરિના સાંનિધ્યમાં ઊજવવાનો! એટલે ઉત્સવનો આનંદ કોને ન હોય?

ભક્તરાજ એભલખાચરના દરબારગઢમાં દાદાખાચર, લલિતાબા, જયાબા વગેરે સૌનો ઉત્સાહ આકાશને આંબતો હતો. લલિતાબાએ નક્કી કર્યું કે 'આ ઉત્સવની સેવા તો મારે એકલીએ જ કરવી છે.' તે જ પ્રમાણે જયાબાએ પણ નક્કી કરી દીધું હતું, પણ જ્યારે વાત બહાર પડી ત્યારે જયાબાએ લલિતાબાને કહ્યું: ''તમે તો જન્માષ્ટમીના ઉત્સવની સેવા કરી હતી. તો હવે આ સેવાનો લહાવો મને લેવા દ્યો.''

પરંતુ આવો અમૂલ્ય લાભ જતો કરવાનો લોભ લલિતાબા જતો કરે તેમ ન હતું. છતાં જયાબા અને લલિતાબાની ભક્તિ જેમ પરાકાષ્ટાએ પહોંચી હતી તેમ તે બંનેનાં સ્વરૂપમાં પણ એવો અભેદ પરાકાષ્ટાએ પહોંચેલો હતો. જયાબા કે લલિતાબાના પૃથક ગુણોનું વર્ણન થઈ શકે તેમ ન હતું. અંતે નક્કી થયું કે આ ઉત્સવની તમામ સેવા જયાબા તથા લલિતાબાએ ભેગાં મળીને જ કરવી.

એભલ બાપુના દરબારમાં અનાજનાં ગાડાં ઠલવાવા લાગ્યાં. ઘીના ઘાડવા, ગોળની ભેલિયું વગેરે સામગ્રીઓ પુષ્કળ પ્રમાણમાં આવવા લાગી. દરબારગઢમાં રહેતી તમામ સ્ત્રી હરિભક્ત આ સેવામાં લાગી ગઈ. કોઈ દળવામાં, કોઈ ખાંડવામાં, કોઈ મસાલા તૈયાર કરવામાં, તો કોઈ અનાજની સાફસૂફીમાં. ગઢપુરવાસી સ્ત્રીઓ પણ આ લહાવો લેવા તૈયાર થઈ ગઈ. તે પણ દરબારગઢમાંથી અનાજ સાફ કરવા, દળવા લઈ જવા લાગી. ગઢપુર ગામ વાસુદેવ નારાયણના અન્નકૂટ ઉત્સવની તૈયારીઓમાં ગાજવા લાગ્યું. શ્રીહરિની પ્રસન્નતા અર્થે આ સેવાનો લહાવો તેમણે લઈ લીધો. શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ રાખતાં રાખતાં સેવા કરતી બહેનો ઘણી વાર કામ કરતી થંભી જતી. ત્યારે લલિતાબા તેમને ટપારતાં: ''અલી! સાંબેલું કેમ અધ્ધર રહી ગયું! કામ જલદી આટોપવાનું છે!''

ત્યારે તે કહેતી: ''શું કરું બા! મને ખાંડણિયામાં શ્રીહરિ દેખાય છે. સાંબેલું કેમ છોડું?''

એ સાંભળી લલિતાબા હસતાં. તે કહેતાં: ''ખરું બહેન! મારી પણ એ દશા છે. પાપડ વણતાં વેલણ હાથમાં રહી જાય અને પાટલી ઉપર ઘનશ્યામ દેખાય છે.''

''મોટીબાને પણ માળા ફેરવવાનું નિયમ છે, પણ આ સેવામાં માળા નથી ફેરવાતી તેથી વડી મૂકતાં 'સ્વામિ-નારાયણ, સ્વામિનારાયણ' મંત્ર જપે છે. તો એક એક વડીમાં શ્રીહરિ બાલ મનોહર સ્વરૂપે દેખાય છે.''

એટલામાં તો દળણું કરીને આવેલી સ્ત્રીએ ત્યાં લોટની કથરોટ મૂકી. લલિતાબાએ તે જોઈ અને કહ્યું: ''આખા દિવસમાં આટલું જ દળણું થયું? શી રીતે પહોંચાશે?''

એટલે તે પણ રડતાં રડતાં કહેવા લાગી: ''બા, આખી રાત જાગીને દળણું કર્યું, પણ ઘંટીના પડ ઉપર મહારાજનાં દર્શન થાય છે, એટલે પડ ફરતું જ નથી.''

આ સાંભળી લલિતાબા બોલ્યાં: ''અરેરે, આજે શ્રીહરિએ આ બધાનાં મન હરિ લીધાં છે. પોતાનો ભાવ ભૂલી સૌ શ્રીહરિમય થઈ ગઈ છે. ભક્તિમય ગોપીઓની વાતો તો શ્રીમદ્ ભાગવતમાંથી સાંભળી હતી પણ આજે અહીં ગોપીઓની ભક્તિ જાણે પ્રત્યક્ષ થઈ છે.''



અન્નકૂટનો દિવસ પાસે આવતો જતો હતો અને તૈયારી ઘણી કરવાની હતી. તેથી જયાબા તથા લલિતાબા જ્યાં જ્યાં અન્નકૂટની સેવાનું કામ ચાલતું હતું ત્યાં ફરી વળતાં, પણ બધે જ સેવા કરનાર બહેનોની આ જ દશા હતી. દહીંથરા તળતાં ઝારી હાથમાં રહી જતી અને કડાઈમાં શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં જેમ જળક્રીડા કરે તેમ ક્રીડા કરતાં દેખાયા. લોટ બાંધનારની, પકવાનો બનાવનારની આ જ સ્થિતિ થઈ ગઈ હતી. કામ બહુ ધીમું પડી ગયું હતું.

શ્રીહરિ પણ કેટલાં પકવાનો થયાં, કેટલાં બાકી છે તે તપાસ કરવા કયારેક આવતા. કામ ધીમું જોઈને તેમણે જયાબાને કહ્યું: ''ક્યારે પહોંચાશે? હવે તો બે જ

દિવસ રહ્યા છે અને સામગ્રી તો કાંઈ થઈ નથી?''

જયાબાએ હસતાં હસતાં કહ્યું: ''એમાં વાંક તમારો છે. બધાનાં ચિત્તમાં પેસી ગયા છો એટલે તમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ કોઈને દેખાતું જ નથી! સાંબેલાં અધ્ધર રહી જાય છે, વેલણ હાથમાં રહી જાય છે, તળવાની ઝારી પણ હાથમાં સ્થિર થઈ જાય છે. બધાંને તમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ જ દેખાતું નથી, એટલે ક્રિયા શી રીતે થાય?''


શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું: ''મોટીબા! ભક્તિની આ અંતિમ સ્થિતિ છે. મારા મય રહીને જેટલી ક્રિયા કરશો તે વાસુદેવ નારાયણ સ્વીકારશે, બાકી તો સામગ્રીનો અન્નકૂટ દેખાશે, તેમાં ભક્તિનો ભાવ નહીં હોય તો કેવળ બાહ્યાચાર જ થઈ પડશે.''

મોટીબા સમજી ગયાં. તેમણે આંખો બંધ કરી દીધી. એ જ સ્થિતિમાં તેમણે હાથ જોડી કહ્યું: 'પ્રભુ! આ સ્થિતિમાંથી ચલિત ન થવાય અને એ સ્થિતિમાં રહીને જ સેવા થાય તેવી દૃષ્ટિ સદા રાખજો.''

શ્રીહરિની કૃપાથી અન્નકૂટની તમામ સામગ્રીઓ સમયસર તૈયાર થઈ ગઈ!

જોતજોતાંમાં દીપાવલિ ઉત્સવની ચરમસીમા સમો અન્નકૂટનો માંગલિક દિવસ આવી ગયો.

શ્રીવાસુદેવ નારાયણની મૂર્તિ સમક્ષ અન્નકૂટના ઉત્સવનો આજે મંગલ દિવસ હતો. વાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા પછીનો આજે પ્રથમ અન્નકૂટ હતો. લલિતાબા તથા જયાબાએ ખૂબ જ ભક્તિભાવપૂર્વક આ સેવા સ્વીકારી લીધી હતી. શ્રીહરિને તમામ તૈયારી થઈ ગયાના સમાચાર આપ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું: ''પ્રથમ ગોવર્ધન ઉત્સવ કરો, પછી અન્નકૂટ પૂરો.''



શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ગોવર્ધન ઉત્સવની તૈયારી વાસુદેવાનંદ બ્રહ્મચારી, મુકુન્દ બ્રહ્મચારી તથા અન્ય સર્વ વર્ણીઓએ કરી. લિંબતરુ નીચે આવીને શ્રીહરિ બિરાજ્યા, સભા થઈ, ગોવર્ધન ઉત્સવ થયો.

પછી વાસુદેવ નારાયણ સમક્ષ અન્નકૂટ પૂરવાની તૈયારી સૌ કરવા લાગ્યા. અન્નકૂટ પુરાઈ ગયો. શ્રીહરિ ત્યાં પધાર્યા, અનિમિષ દૃષ્ટિએ વાસુદેવ નારાયણનાં દર્શન કર્યાં. તમામ વાનગીઓ નીરખી જયાબા-લલિતાબાના ભક્તિભાવની પ્રશંસા કરી. પછી બ્રહ્માનંદ સ્વામી સ્વરચિત થાળ *'જીમંત નાથ સમરથ સંત હાથ સુંદરે...'* બોલ્યા. તેમાં અન્નકૂટમાં ધરાવેલી તમામ વાનગીઓ તેમણે વર્ણવી લીધી હતી. શ્રીહરિ થાળગાન સાંભળી ખૂબ પ્રસન્ન થયા. ત્યારબાદ શ્રીહરિએ વાસુદેવ નારાયણની આરતી ઉતારી. આરતી બાદ કીર્તન-ભક્તિ થયાં. શ્રીહરિ મૂર્તિ સન્મુખ જ બિરાજ્યા હતા.

લલિતાબાના લાલજીની મૂર્તિ આગળ પણ પકવાનો ગોઠવ્યાં હતાં. શ્રીહરિ ત્યાં પણ દર્શન કરવા પધાર્યા. તે વખતે લલિતાબાએ લાલજીને ધરાવેલ થાળ શ્રીહરિ પ્રત્યક્ષ જમી રહ્યા હતા એવાં દર્શન સૌ ભક્તોને થયાં. આ દિવ્ય દર્શનથી અચંબિત થતાં લલિતાબાએ શ્રીહરિને કહ્યું: ''મહારાજ! મૂર્તિ પાસે માતાજી દિવ્ય દર્શન આપે છે તે કોણ છે?''

શ્રીહરિએ કહ્યું: ''તેમને જ પૂછો ને!''

એટલે લલિતાબાએ હાથ જોડી પ્રાર્થના કરતાં માતાજીને પૂછ્યું: ''માતાજી! આપ કોણ છો?''

માતાજીએ હસીને કહ્યું: ''તમે જેમની ભક્તિ કરો છો તે શ્રીહરિનાં અમે માતા છીએ. અમારું નામ ભક્તિ છે.''

લલિતાબાને આ સાંભળી આનંદ થયો. તેમણે શ્રીહરિને આ વાત કહી. ત્યારે શ્રીહરિએ કહ્યું: ''ભક્તિમાતાને જઈને કહો તો ખરા કે હવે અહીં અખંડ રહો જેથી અમારા અંતરમાં ભક્તિ પાંગરે.''

લલિતાબાએ તે પ્રમાણે ભક્તિમાતાને કહ્યું, ત્યારે માતાજીએ ફરી કહ્યું: ''બહેન! હું તો પતિવ્રતા છું. મારા પતિ ધર્મદેવ છે, તેથી ધર્મને રાખો તો હું રહું.''

લલિતાબાને આ સાંભળી આશ્ચર્ય થયું! ધર્મ અને ભક્તિને આવો દિવ્ય સંબંધ છે, તે તેમને સમજાયું. તેમણે શ્રીહરિને આ વાત કરી, ત્યારે શ્રીહરિએ તેમને સમજાવ્યું કે ''જો ધર્મ હશે તો ભક્તિ રહેશે. ધર્મ અને ભક્તિ બંને હશે તો અમે રહીશું, કારણ અમે ધર્મ-ભક્તિના પુત્ર છીએ.''

શ્રીહરિનાં આ વચનો સૌનાં અંતરમાં સોંસરાં ઊતરી ગયાં. ધર્મ હોય ત્યાં ભક્તિ હોય. ધર્મ અને ભક્તિ હોય ત્યાં ધર્મ-ભક્તિના પુત્ર ઘનશ્યામ હોય.

વાતમાં મર્મ છે.

ધર્મ એટલે સદાચાર. ધર્મ એટલે નિયમ. ધર્મ એટલે શાસ્ત્ર, ભગવાન અને ગુરુની આજ્ઞાનું પાલન.

ધર્મથી ઈન્દ્રિયોની શુદ્ધિ થાય છે.

ધર્મ સાથે ભક્તિ જોઈએ. ભક્તિથી આત્માની શુદ્ધિ થાય છે. શ્રીહરિએ આ રીતે ભક્તિ અને ધર્મનું સંયુક્ત મહત્ત્વ સમજાવ્યું. શ્રીહરિએ આપેલો દિવાળી અને દીપાવલિ-અન્નકૂટનો આ સંદેશ ચિરંતન બની ગયો...

(ભગવાન સ્વામિનારાયણ - વિસ્તૃત જીવનચરિત્રમાંથી સંકલિત) ◆



## દીપાવલિ-નૂતન વર્ષારંભે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં આશીર્વચન

# અંતરમાં પ્રકાશ કરીએ...

દિવાળીના આ પવિત્ર દિવસોમાં દરેકના હૃદયમાં પ્રકાશ થાય એ જ પ્રાર્થના. આજે બાહરલી લાઇટોનો પ્રકાશ ઘણો છે, છતાં હૃદયમાં અંધારું છે. રાગ-દ્વેષ-છળ-કપટ-એકબીજાને દુઃખ આપવાની વૃત્તિ - આ બધો અંધકાર છે. એ દૂર થાય અને હૃદયની અંદર જ્ઞાનનો પ્રકાશ આવે એ માટે - એવી ભાવનાઓ માટેનું આ પર્વ છે.

આજે ભગવાનને પ્રાર્થના કરીએ કે તમે અમારા હૃદયમાં બિરાજો, અમને પ્રકાશ આપો, અમે બધા સારું કાર્ય કરી શકીએ, દુનિયામાં સર્વત્ર પ્રકાશ થાય, શાંતિ થાય, ધર્મભાવના જાગ્રત થાય, માણસો સુખી થાય, દરેક દેશની ઉન્નતિ થાય, દરેકને ધર્મભાવના દૃઢ થાય, લૌકિક - ભૌતિક સંપત્તિ સમૃદ્ધિ તો છે, પરંતુ આંતરિક સંપત્તિનો વિકાસ થાય એ આજના દિવસે પ્રાર્થના કરીએ. રાજકીય શાંતિ, સામાજિક શાંતિ, કૌટુંબિક શાંતિ થાય એ પ્રાર્થના કરીએ.

આજે દિવાળીનો પવિત્ર દિવસ છે. ભારતીય સંસ્કૃતિ મુજબ આજે શારદાપૂજન ને લક્ષ્મીપૂજન કરવામાં આવે છે.

આજે ચોપડાપૂજન થયું છે. જેના ચોપડા પૂજન માટે ન આવ્યા હોય, દેશ-પરદેશમાં ગમે ત્યાં હોય, તે બધાને ભગવાન સુખિયા કરે.

વળી, આજના ચોપડાપૂજન નિમિત્તે મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે આપ બધાની આર્થિક, શારીરિક પરિસ્થિતિ સારી રહે અને જ્ઞાન, કથાવાર્તા ને આધ્યાત્મિકતાની દૃઢતા વધતી જાય. દુનિયાના દેશો તથા ભારતમાં શાંતિ થાય, દરેક મનુષ્ય સુખી બને એ જ ભગવાનને પ્રાર્થના.



લક્ષ્મીપૂજન અને શારદાપૂજન થાય તો એ પ્રસન્ન થાય. ઉજાસ થાય, લક્ષ્મી ઉજાસવાળી

આવે. એનાથી સારાં કાર્યો થાય. ભગવાન અને સંત રાજી થાય એવી રીતે લક્ષ્મી વપરાય. લક્ષ્મી ઉજાસવાળી હોય તો સમાજ ને રાષ્ટ્રની સેવામાં વપરાય.

લક્ષ્મી ભગવાનની છે, આપણી નથી. લક્ષ્મીને લૉકમાં રાખી મૂકીએ તો એ મૂંઝાઈ જાય. ભગવાનને માટે, સારાં કાર્યો માટે વાપરો તો રાજી થાય. અને એટલે આવા માર્ગે વાપરે એને અનંતગણું થઈને પાછું આવે.

આપણી જૂની રીત પ્રમાણે આજે ફાઈનલ સરવૈયું કરીએ છીએ. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે નામું દરરોજનું લખવું. અડધો કલાક-પોણો કલાક બેસીને લખાઈ જાય તો વાંધો આવે નહીં. બેંકબેલેન્સની જેમ ખબર પડે કે કેટલી આવક થઈ ને કેટલી જાવક થઈ? એ જ રીતે રોજ અંતર્દષ્ટિ કરીને આધ્યાત્મિક નામું પણ માંડવું.

સત્સંગમાં કોઈનો અભાવ કે અવગુણ આવે છે?

અભાવ આવે તો સત્સંગને ઘસારો લાગે છે.

ભક્તિ, જ્ઞાન, કથાવાર્તા એ બધું કેટલું વધ્યું?

ભક્તિ, જ્ઞાન, કથાવાર્તા એ બધામાં આગળ વધવાનું છે.

સરવૈયું કરીને જોવું કે આ વર્ષે ભગવાન કેટલા સાંભર્યા?

ભગવાનની કેટલી ભક્તિ અને સેવા કરી?

કેટલાં સારાં કાર્યો કર્યાં?

નિર્માનીપણે કેટલા રહ્યા?

લોભ કેટલો ગયો?

આપણામાંથી કામ-ક્રોધ કેટલા ગયા? કેટલો મોહ ગયો?

અહં અને મમતા ગયાં? આસક્તિ ગઈ?

એ બધું આપણે દરરોજ જોવાનું છે. એ જોઈને આપણે આપણું કાર્ય કરીએ તો ભગવાન આપણા પર રાજી થાય છે.

આજે ચોપડા ચોખ્ખા થઈ જાય. એ વહેવારની વાત છે. તેમ આત્માનો પણ એક વહેવાર છે. એનું પણ સરવૈયું માંડવાનું છે. બૅલેન્સ માંડવાનું છે. કાંઈક ભૂલ થઈ ગઈ હોય, એવા પ્રસંગો બની ગયા હોય, એની માફી માગવી. ભગવાન માફ કરે. આવતી સાલ ફરી સારું કાર્ય કરવાનું છે. એ આત્માનું કાર્ય છે. આત્માને લૌકિક કાર્ય નથી, આધ્યાત્મિક કાર્ય છે. દેહનો વહેવાર અને આત્માનો વહેવાર - બંને કાર્ય સમજીને બૅલેન્સ ચાલે એને વાંધો ન આવે. બે પૈડાં સરખાં જોઈએ. રેલવેના બે પાટા જોઈએ. પક્ષીને બે પાંખ જોઈએ, એમ વ્યવહાર-કાર્ય અને આધ્યાત્મિક કાર્યનું બૅલેન્સ કરવું. એ વિવેક શીખવો.

મૂળ તો આત્માનો પ્રકાશ કરવાની વાત છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, આ પ્રકાશ જો આપણામાં થઈ જાય તો બધી રીતનાં સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. નવા વરસે ભગવાનને પ્રાર્થના કરીએ કે આવો પ્રકાશ હંમેશાં પ્રાપ્ત થતો જ રહે.

બીજું, ભગવાન અને સંતનો પ્રસંગ દૃઢ રાખવો.

ગંગામાં ગમે તેટલું પાણી બહારથી આવે, એમાં ભળે એટલું બધું જ ગંગા બની જાય, એમ ભગવાન ને ગુણાતીત સંતના પ્રસંગમાં જે કાંઈ આવે એ ભગવાનરૂપ બની જાય. એ શુદ્ધ સ્વરૂપ છે. એના સંબંધે બધું શુદ્ધ થઈ જાય.

ગોંડલમાં મંદિર થયું ત્યારથી જ અક્ષરદેરીમાં મહાપૂજા અને સાથે સાથે ચોપડાપૂજન થાય છે. યોગીબાપા અક્ષરદેરીમાં જ બેસીને આ વિધિ કરતા. એમને દેરીમાં, ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેઓ ધૂન કરાવતા કે સત્સંગ વધો, સાધુ વધો. કેટલાકને એમ થતું કે સ્વામી તો કહે, પણ આજે સત્સંગ દેશ-પરદેશમાં વધી ગયો, મંદિરો થયાં અને સેંકડો સાધુ થયા. એટલે એમના સંકલ્પના પ્રભાવની ખબર પડી કે યોગીબાપા સામાન્ય વ્યક્તિ નહોતા. સાક્ષાત્ ગુણાતીત હતા. ભગવાનને ધારી રહેલા સંત હતા. એમણે જે જે સંકલ્પ કર્યા તે પૂરા થયા છે.

ભગવાન અને આવા ગુણાતીત સંતનાં ચરણે મન રાખવું. ભગવાન અને સંતને ભૂલવા નહીં. જેટલા ભગવાનને આપણે આગળ રાખીશું એટલું ભગવાન આપણને આગળ રાખશે. ભગવાન કહે છે કે 'તમે મારું જેટલું ભજન કરશો, મને જેટલા સંભારશો, તેટલો હું તમને સંભારીશ.' તો આપણે જેટલું કરશું, તેટલો લાભ આપણને હંમેશાં મળવાનો છે. એ આપવા જ બેઠા છે, માટે રોજ સવારે ઊઠીને નાહી-ધોઈને ભગવાનની પૂજા-પ્રાર્થના કરીને પછી કામમાં ચડી જવાનું, પછી મંદિરે આવી સત્સંગ કરવો, ઘરે આવીને ઘરસભા કરવી, તેથી અનંતગણો લાભ થશે.

આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ, આપણા સંસ્કારો વિશેષ દૃઢ રહે અને આપણા પરિવારમાં તથા બાળકોમાં દૃઢ રહે એ માટે આવાં મંદિરો છે, આવા ઉત્સવો છે. આપણા પવિત્ર ધર્મગ્રંથો, મહાન સંતો, મંદિરો અને આવા ઉત્સવોનું જેટલું મહત્ત્વ સમજાશે એટલા સંસ્કારો દૃઢ રહેશે.

આવા ઉત્સવોને જેટલું માન આપીશું, સત્સંગલાભ લઈશું, મંદિરે જઈશું એટલી સંસ્કૃતિની રક્ષા થશે.

અંતરમાં આધ્યાત્મિક પ્રકાશ કરીને, નૂતન વર્ષે ભગવાનનાં ચરણે પ્રાર્થના કરીને નવા વર્ષમાં પ્રવેશ કરીએ.

(દીપાવલિ-નૂતન વર્ષ પર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગોંડલ અને લંડનમાં આપેલા આશીર્વચનો પરથી સંકલિત) ◆

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.**

## દીપોત્સવનાં અજવાળાં:

# તાળાં હજાર અને ચાવી એક...



દિવાળી આવી. જૂનું વરસ ગયું. નવું વરસ બેઠું. નવા ચોપડા, નવાં વસ્ત્રો, નવા રંગ-રોગાન... સૌને નવું ગમે છે.

વૃક્ષો પણ સમયે સમયે જૂનાં પાંદડાં ખંખેરી નાખે છે, નવાં ધારણ કરે છે. વળી, નવાં પાંદડાં જૂનાં થાય છે.

નવું આવે છે અને થોડા સમયમાં તે જૂનું થાય છે. આ ક્રમ ચાલ્યા જ કરે છે.

પરંતુ એવું નૂતન કે નવું શું છે કે જે જૂનું ન થાય?

ભૌતિક રીતે ગમે તેટલું નવું કરીશું, તો નક્કી છે કે તે થોડા સમયમાં જૂનું થઈ જશે અને એનો આનંદ ઓસરી જશે.


કાયમ નવું રાખવું હોય એના રસ્તા જુદા છે.

એ આધ્યાત્મિક માર્ગ છે. હૃદયની અંદર આધ્યાત્મિક રીતે નવું કરીશું તો તે આનંદ કાયમ રહેશે.

એવો એક આધ્યાત્મિક વિચાર છે – મહિમાનો વિચાર. ભગવાન અને સંતની પ્રાપ્તિનો વિચાર.

આ વિચાર રોજ કરીશું તો રોજ નવું લાગશે, રોજ નવો આનંદ આવશે, રોજ દિવાળી લાગશે.

નવા વરસનું મંગળ પ્રભાત ઉત્સાહથી માણીએ છીએ. પણ આપણા માટે તો રોજ નૂતન વર્ષનું મંગળ પ્રભાત જ છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન ગુરુ મળ્યા છે, તેમના હૃદયમાં બિરાજમાન સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. આ પ્રાપ્તિનો કેફ નિત્ય નવો રાખવો ઘટે. આ મહિમાનો વિચાર એક ઉત્તમ આધ્યાત્મિક વિચાર છે.



મહિમામાં ખામી છે. એટલે નિત્ય નવીનતાનો અનુભવ થતો નથી. નાની નાની બાબતોમાં અટવાઈ જઈને દુઃખી થઈ જઈએ છીએ.

મહારાજાનો કુંવર મૂળા સારુ રડે. એને ખબર તો છે કે મારો બાપ સમ્રાટ છે, છતાં મૂળા સારુ રડે છે. કારણ કે એને સમ્રાટનો મહિમા શું છે તેની ખબર નથી. તેમ આપણને પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુણાતીત સંત મળ્યા, શાસ્ત્રોમાં જે સંત માટે મોક્ષના દાતા કહીને લક્ષણો વર્ણવ્યાં છે એવા સાચા પરમ એકાંતિક ગુરુ મળ્યા છે, તેમણે આપણને પોતાના માનીને સ્વીકાર્યા છે, એ બધી આપણને ખબર છે, પણ તેનો યથાર્થ મહિમા નથી.

પ્રમુખસ્વામી મહારાજ આપણી વચ્ચે આપણા જેવા થઈને રહ્યા. સાવ સાદા, સાવ સરળ, સાવ નિર્માની. પરંતુ એ તો ભગવાનના અખંડ ધારક સત્પુરુષ! સમર્થ હોવા છતાં સામર્થી દબાવીને આપણા જેવા થઈને રહ્યા. ૧૯૮૦ના અરસામાં એકવાર સ્વામીબાપા ગોંડલ બિરાજતા હતા. ત્યાં ઉત્તર ભારતના બધા સંન્યાસી-મહંતો ભેગા થયા હતા. તેઓ બધા પ્રમુખસ્વામી મહારાજની રાહ જોઈને બેઠા હતા. કેટલાક સંન્યાસીઓ કહેઃ 'પ્રમુખસ્વામી ક્યું નહીં આયે?' ત્યાં કોઈક બોલ્યુંઃ 'આ બેઠા...!' સ્વામીબાપા તો બધાની પાછળ બેસી ગયા હતા! જાણે પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી!

પ્રમુખસ્વામી મહારાજને દેહભાવ જ નહીં. ગુણાતીત અને દેહાતીત!

પરંતુ આપણને દેહભાવ નડે છે, અહંકાર નડે છે, પોતાના માનેલા વિચારો નડે છે. પરિણામે, જે કરવાનું છે તે રહી જાય છે અને ન કરવાનું થઈ જાય છે. આપણે ભગવદ્ગીતા કે વચનામૃતનું વાંચન કરવા માટે તે લેવા ગયા હોઈએ ને બાજુમાં સામાન્ય ફરફરિયું પડ્યું હોય તો તે વાંચવા બેસી જઈએ! કારણ? મહિમાનો અભાવ. સાચી દૃષ્ટિનો અભાવ. દેહભાવ.

શાસ્ત્રો અને મહાપુરુષો કહે છે કે આવા સાચા ગુણાતીત સંતના મહિમાનો નિત્ય વિચાર કરવો. કરવાનું એ છે. તો નિત્ય આનંદ આવશે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં પહેલી જ વાત આ કરી છેઃ ભગવાન અને સંતના મહિમાની વાતો નિરંતર કરવી અને સાંભળવી. તેનાથી નિશ્ચય અને નિષ્ઠા દૃઢ થાય છે.

બીજું નવું કરવાનું છે – ભગવાનની આજ્ઞામાં દૃઢતા. ભગવાને આપેલા ધર્મ-નિયમમાં દૃઢતા.

જેતલપુરના વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સ્પષ્ટ કહ્યું છે કે 'છેલ્લા શ્વાસ સુધી મારી બાંધેલી ધર્મ-મર્યાદામાં રહેવું.' જો મહિમા યથાર્થ દૃઢ હોય તો ધર્મ-નિયમમાં રહેવું અઘરું પડે જ નહીં. જો ભૂલમાં આજ્ઞા-વચન લોપાયું હોય તો

પ્રાર્થના કર્યે છૂટકો થાય, પ્રાયશ્ચિત્ત કરે, પશ્ચાત્તાપ કરે તો છુટાય. પરંતુ જાણીને લોપે તેનો શો ઉપાય!

ઘણા 'અહં બ્રહ્માસ્મિ' કહીને ધર્મ-નિયમ ન પાળે. સમજણથી 'હું આત્મા છું' એમ માનો, એની ના નથી, પણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છેઃ 'જે ધર્મ-નિયમ પાળે છે તે જ સાચો બ્રહ્મરૂપે વર્તે છે.'

ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃતમાં કહ્યું છે કે 'આજ્ઞા પાળે છે તે આત્મસત્તારૂપે વર્તે છે.'

આ હાઈ-વે છે. છતાં આપણે આડાઅવળા રસ્તે જઈએ તો કાંટા વાગે. સ્વામિનારાયણ ભગવાને અતિશય ઉપવાસ-તપનો આગ્રહ નથી કર્યો, પણ પંદર દિવસે એક વખત એકાદશી આવે, તે દિવસે પણ ઉપવાસ કે ફરાળને બદલે દાળ-ભાત-શાક-રોટલા-રોટલી ખાય ને કહે, 'હું બ્રહ્મ છું' એ શું યોગ્ય છે?

યોગીજી મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજનું વર્તન તો જુઓ...! તેઓ સાક્ષાત્ બ્રહ્મ હોવા છતાં જીવનભર નાનામાં નાની આજ્ઞામાં પણ ક્ષતિ આવવા દીધી નથી.

સ્વામિનારાયણ ભગવાને ગાળેલા પાણીનો આદેશ આપ્યો છે. ખાવું-પીવું વગેરેમાં ગાળેલું પાણી વાપરવું. યોગીજી મહારાજે સૌને આ આદેશને દૃઢ કરાવવા માટે એકવાર વિશિષ્ટ ચરિત્ર કર્યું હતું.

એકવાર ગોંડલમાં અક્ષરમંદિરમાં એક જણ બે મણ બટાકા સેવામાં આપી ગયા. મને યોગીજી મહારાજે કહ્યું: 'જાવ, બટાકા ધોઈને રસોડે પહોંચાડો. આજે સૌ યાત્રાળુઓ માટે શાક કરવાનું છે.' અમે તો બધા બટાકા ધોયા અને રસોડે પહોંચાડવા જતો હતો, ત્યાં યોગીજી મહારાજ પાસે આવ્યા અને પૂછ્યુંઃ 'બટાકા ધોયા?'

'હા, બાપા.'

'ગાળેલા પાણીથી ધોયા?' તેમણે પૂછ્યું.

મેં કહ્યું, 'ના, બાપા!'

તો બાપા કહે, 'બધાં બટાકા ઊટકી નાખો.'

વાસણ ઊટકે એમ બે મણ બટાકા રાખથી ઉટકાવ્યા અને પછી ગાળેલા પાણીથી ધોવડાવ્યાં! આ જીવનભરનો બોધ આપી દીધો. પછી ક્યારેય ભૂલ થાય?

શિક્ષાપત્રીની સાવ નાની આજ્ઞાના પાલનનો પણ કેટલો દૃઢ અને સૂક્ષ્મપણે આગ્રહ!

ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણના સમયે કંઈ પણ ન ખાવાનો શાસ્ત્રોનો આદેશ છે. તેની પાછળ એક વિજ્ઞાન પણ છે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પણ તેની આજ્ઞા કરી છે. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે તેનું જીવનભર ખૂબ દૃઢતાથી પાલન કર્યું છે.

એકવાર ચંદ્રગ્રહણ આવ્યું. જો કે આ ગ્રહણ તો આફ્રિકામાં દેખાવાનું હતું. અહીં ભારતમાં નહોતું દેખાવાનું, છતાં ગ્રહણના દિવસે યોગીજી મહારાજે બધા યુવકો પાસે અહીં ભારતમાં ઉપવાસ કરાવ્યો. બધાએ કહ્યુંઃ 'બાપા! ગ્રહણ તો આફ્રિકામાં દેખાવાનું છે, અહીં નથી દેખાવાનું!' તો યોગીજી મહારાજ કહેઃ 'ભલે, ગમે ત્યાં, પણ દેખાવાનું તો છે જ ને...! એટલે આપણે ઉપવાસ તો કરવો જ.'

શાસ્ત્ર, ગુરુ અને ભગવાનની ધર્મ-નિયમની આજ્ઞામાં તેમણે ક્યારેય લોપ કર્યો નથી.

આપણે આજ્ઞા લોપીએ છીએ તેનું કારણ શું છે? પંચ-વિષયમાં આસક્તિ.

સ્વામિનારાયણ ભગવાન કહે છેઃ

*'સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ;*
*તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...'*

બધાએ નિર્વાસનિક થવાનું છે, પછી ભલે ગૃહસ્થ હોય કે ત્યાગી... હૃદય શુદ્ધ જોઈએ, પંચવિષયની આસક્તિથી મુક્ત જોઈએ. બહાર ગમે તેવો પંચવિષયનો યોગ હોય, પરંતુ અંદર એનો સ્પર્શ થવો ન જોઈએ.

આપણી આજુબાજુ ફરતે બધે પંદર-વીસ મણ કાદવ હોય તો વાંધો ન આવે, પણ મોઢામાં બે ચમચી ઊતરી જાય તો? ભૌતિક રીતે વ્યવહાર બધો કરવો પડે, પરંતુ તેની આસક્તિ અંદર ન ઊતરવી જોઈએ. અંદર પેઠું તો નુકસાન કરે. માટે સજાગ રહેવું.

આજ્ઞા લોપાવાનું બીજું કારણ છે - મનધાર્યું કરવાની વૃત્તિ.

સ્વામિનારાયણ ભગવાનના સમયમાં ગુણાતીતાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીના મંડળમાં રહીને સેવા કરતા હતા. એકવાર ફરતાં ફરતાં તેઓ સુરતમાં પહોંચ્યા હતા. ત્યાં કોઈક ભક્તે અથાણાની માટલી ભેટ આપી. તો મુક્તાનંદ સ્વામીએ બધા સંતોને કહ્યું કે 'આ માટલી લઈ મહારાજ પાસે કોણ જશે?' સ્વામિનારાયણ ભગવાનની પાસે જવું કોને ન ગમે? બધાને ઇચ્છા હોય, પરંતુ મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને જવાની આજ્ઞા કરી. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીની જોડમાં કયા સંતને મોકલવા? તેનો મુક્તાનંદ સ્વામી વિચાર કરતા હતા. તેટલામાં શાંતાનંદ સ્વામી નામના એક સંતે કહ્યુંઃ 'તમે હા પાડશો તોય ભલે ને ના પાડશો તોય ભલે... હું તો મહારાજ પાસે જઈશ જ.' મુક્તાનંદ સ્વામીની આજ્ઞા નહોતી, તો પણ તે પરાણે ગુણાતીતાનંદ સ્વામી સાથે ગયા.

તેમણે રસ્તે બે મણની માટલી પણ ઉપાડી. સ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચ્યા ત્યારે તેઓ ગુણાતીતાનંદ સ્વામીને બધા સંતો વતી બાવીસ વખત ભેટ્યા, પણ શાંતાનંદ સ્વામી સામું તેમણે જોયું પણ નહીં! તેથી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિને શાંતાનંદ સ્વામીને પણ ભેટવા વિનંતી કરી. આથી શ્રીહરિ શાંતાનંદને ભેટ્યા ખરા પણ બોલ્યા, ‘ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વાર ભેટતાં થાક ન લાગ્યો, પણ તમને એકવાર ભેટતાં થાક લાગે છે!’

કારણ? મોટા સંતની આજ્ઞાનો લોપ. આજ્ઞા-લોપથી ભગવાન અને ગુરુ રાજી ન થાય. ગમે તેટલી મહેનત કરી હોય તો પણ! માટે દરેક ક્રિયામાં ભગવાન અને સત્પુરુષ રાજી થાય છે? એ જ જોવાનું છે. ગમે તેવી સારી ક્રિયા કરતા હો પણ એ રાજી ન થતા હોય તો કામનું નહીં.

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છેઃ સંત કહે તેમ કરે તે શ્રેષ્ઠ છે, અને પોતાનું મનગમતું કરતો હોય ને ગમે એવો ત્યાગ રાખતો હોય ને આખા મંદિરનું કામ પોતે એકલો કરતો હોય તોય તે ન્યૂન છે ને તેને માથે વિઘ્ન છે.

મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે: *‘મેલ મન-તાણ, ગ્રહે વચન ગુરુદેવનું...’* પોતાના મનની તાણ મૂકીને ગુરુવચનને ગ્રહણ કરવાનું શીખવતું એ પદ અદ્‌ભુત છે. તેમાં નક્કર અનુભવ છે. એ પદ યોગીજી મહારાજે અમને મોઢે કરાવ્યું હતું. માણસનો સ્વભાવ છે કે એ મનધાર્યું કરે તો જ એને આનંદ આવે...! ક્યારેક મનધાર્યું કરનારામાં ગુણ દેખાય સારા, પણ એ સાચા અર્થમાં ગુણ ન કહેવાય.

યોગીજી મહારાજ કહેતા કે ‘અમે શાસ્ત્રીજી મહારાજની ચાલીસ વરસ એકધારી આજ્ઞા પાળી છે, શાસ્ત્રીજી મહારાજના મનનું જ ધાર્યું કર્યું છે. તો શાસ્ત્રીજી મહારાજ રોજ દર્શન દે છે!’ એમને મન તો શાસ્ત્રીજી મહારાજ દર્શન દે છે એ જ સાચું ફળ! એમને સાધનનો આનંદ નથી, પણ શાસ્ત્રીજી મહારાજ રાજી થયા ને અત્યારે દર્શન દે છે એનો જ આનંદ...!’

આધ્યાત્મિક માર્ગમાં એક વધુ નવું કરવાનું છે – ગુણાતીત ગુરુ એટલે કે સત્પુરુષમાં દિવ્યભાવ.

હૉસ્પિટલમાં ડૉક્ટર મુખ્ય છે, મકાન નહીં. હૉસ્પિટલનું ગમે તેટલું સારું મકાન હોય, ગમે તેટલી સારી સુવિધા હોય, પરંતુ ડૉક્ટર સારા ન હોય તો?

એમ, બાહ્ય સુવિધાઓ બરાબર છે, પરંતુ તે બધા કરતાં સંતનું મહત્ત્વ અનન્ય છે. એવા સાચા સંતમાં દિવ્યભાવ રાખવો તે એક સાધના છે. દિવ્યભાવમાં સાધનામાત્ર આવી જાય. કારણ કે એવા સંતે હૃદયમાં અખંડ ભગવાનને ધારી રાખ્યા હોય છે. શ્રીમદ્‌ ભાગવતમાં ભગવાન એટલા માટે તો એવા સંતને પોતાનું હૃદય કહે છે અને પોતાને એવા સંતનું હૃદય કહે છે.

એકવાર નડિયાદમાં સભા ભરીને કેટલાક ભગવાંધારીઓ બેઠા હતા અને પ્રાગજી ભગત ઉપરના માળે બેઠા હતા. એ સમયે ઘણા હરિભક્તો ત્યાં આવ્યા. એ હરિભક્તો ભગવાંધારીઓની પાસે જવાને બદલે કોઈ દિવ્ય આકર્ષણથી ઉપર ગયા પ્રાગજી ભગત પાસે. પ્રાગજી ભગતની વાતોમાં સૌ લીન થઈ ગયા. તેટલામાં નીચેથી ભગવાંધારીઓ આવીને કહેઃ ‘અમે અહીં નીચે બેઠા છીએ અને બધા તમારી પાસે ઉપર આવે છે. પ્રાગજી ભગત! તમારામાં શું છે એવું?’


પ્રાગજી ભગત કહેઃ ‘હું તો દરજી છું, ભગવાન બધું કરે છે. પણ મેં હૃદયમાં અખંડ ભગવાનને રાખ્યા છે.’

આવા ગુણાતીત સત્પુરુષે અંતરમાં અખંડ ભગવાન રાખ્યા હોય એ બહારથી પરખાય નહીં, લક્ષણથી પરખાય. એવા સંતનો અભાવ-અવગુણ કે મનુષ્યભાવ આવે તો તાત્કાલિક મહિમાનો વિચાર કરવો ઘટે. શંકા-કુશંકા-તર્ક છોડીને સત્ય શ્રદ્ધા પર જવું.

બીજું બધું પડતું મૂકીને એ પહેલાં કરવું.

ખરજવું થયું હોય અને હાર્ટએટેક પણ આવ્યો હોય તો

(અનુસંધાન પૃષ્ઠ ૪૭ પર)



**‘બધાએ નિર્વાસનિક થવાનું છે, પછી ભલે ગૃહસ્થ હોય કે ત્યાગી... હૃદય શુદ્ધ જોઈએ, પંચવિષયની આસક્તિથી મુક્ત જોઈએ. બહારથી પંચવિષયનો ગમે તેવો યોગ હોય, પરંતુ અંદર એનો સ્પર્શ થવો ન જોઈએ. આપણી આજુબાજુ ફરતે બધે પંદર-વીસ મણ કાદવ હોય તો વાંધો ન આવે, પણ મોઢામાં બે ચમચી ઊતરી જાય તો? ભૌતિક રીતે વ્યવહાર તો બધો કરવો પડે, પરંતુ તેની આસક્તિ અંદર ન ઊતરવી જોઈએ. અંદર પેઠું તો નુકસાન કરે. માટે સજાગ રહેવું.’**



# માનવ જન્મ સાર્થક થાય એ જ દિવાળીનો મર્મ...

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતકવિ સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીએ દિવાળીનો વિશિષ્ટ મર્મ સમજાવતાં એક કીર્તનમાં લખ્યું છે:

*એ જ દિવાળી રે દેહ મનુષ્યનો રે,*
*આવ્યો અતિ દુર્લભ કાળ જેહ;*
*તે જ તુને મળ્યો રે જેને ઈચ્છે દેવતા રે,*
*તેમાં લવ નથી સંદેહ...*

સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીએ આ કીર્તનમાં મનુષ્ય દેહને દુર્લભ કહ્યો છે, એટલું જ નહીં, આ મનુષ્ય દેહ મળ્યો તે જ દિવાળી છે - એમ કહી મનુષ્ય શરીરને એક મહાન ઉત્સવસમું વર્ણવ્યું છે. જેમ દિવાળીના દિવસોમાં આબાલવૃદ્ધ, ગરીબ, તવંગર સહુ આનંદ કરે છે, તેમજ જેમને મનુષ્ય દેહની દુર્લભતા સમજાય છે તેને સમગ્ર જીવન દિવાળીના ઉત્સવ જેવું લાગે છે.

'દુર્લભ' શબ્દને આપણે બહુ સુલભ બનાવી દીધો છે. ભણ્યા પછી નોકરી મળવી મુશ્કેલ હોય છે એટલે કેટલાક બોલે છે, 'નોકરી દુર્લભ છે.' કોઈક કહેશે કે 'અમેરિકા ફરવા જવાના વિઝા દુર્લભ છે.'



વગેરે... પરંતુ મહાપુરુષો દુર્લભ શબ્દની વ્યાખ્યા કરે છેઃ ‘સમગ્ર વિશ્વની સંપત્તિ આપવા છતાં જે ન મળે તે દુર્લભ.’

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ઘણીવાર એક બોધકથા કહીને મનુષ્ય દેહની દુર્લભતા સમજાવતા. તેઓ કહેતાઃ એકવાર અર્જુન અને શ્રીકૃષ્ણ પરમાત્મા માર્ગે ચાલ્યા જતા હતા. અર્જુને પ્રશ્ન પૂછ્યોઃ ‘પ્રભુ! મનુષ્ય દેહ ક્યારે મળે?’

ભગવાને કહ્યુંઃ ‘ચારસો ગાઉ પાણીની વાવ માથા સુધી ભરેલી હોય, માથાનો એક મુવાળો લઈ, તેના ઊભા ચાર ફાડિયાં કરી, એક ફાડિયાના અગ્રભાગથી એ વાવ ઊલેચીએ ને તે જ્યારે ખાલી થાય ત્યારે મનુષ્ય દેહ મળે.’

અર્જુને કહ્યુંઃ ‘તો તો પછી, તમે ના જ પાડો ને કે મનુષ્ય દેહ મળે જ નહીં!’ શ્રીકૃષ્ણે કહ્યુંઃ ‘ના તો ન કહેવાય, પણ મનુષ્ય દેહ મેળવવામાં આટલો સમય લાગે છે.’

આવો મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે, તો મોક્ષ કરી લેવો.

તે ઉપર દેવાનંદ સ્વામીએ કીર્તન બનાવ્યું છેઃ

*‘માણસનો અવતાર મોંઘો, નહીં મળે ફરી...’*

આ જ પદરચનામાં તેઓ આગળ કહે છે, *‘મળ્યો મનુષ્યદેહ ચિંતામણિ રે...’* અહીં સદ્‌ગુરુ દેવાનંદ સ્વામીએ ‘ચિંતામણિ’ શબ્દ દ્વારા મનુષ્યદેહની દુર્લભતા વધુ સારી રીતે સમજાવી છે. કોહિનૂર હીરાની કિંમત સમજાઈ છે તો લોકો તેને જોવા જાય છે. તે જોઈ આનંદ પામે છે. ગર્વ અનુભવે છે. કોહિનૂર હીરા કરતાં પારસમણિ અનેકગણો કીમતી છે, તેથી ચિંતામણિ અનેકગણી કીમતી છે અને તે ચિંતામણિ તુલ્ય આપણને મળેલો આ મનુષ્યદેહ છે!!

અમેરિકાના વિખ્યાત બાયોકેમિસ્ટ વિજ્ઞાની પ્રૉ. હેરોલ્ડ જે. મોરોવિટ્ઝે મનુષ્યદેહની કિંમત ૬૦૦૦ ટ્રિલિયન ડૉલર આંકી છે. શરીરમાં જેટલાં રસાયણો હોય છે તેના જ આધારે તેમણે આ કિંમત આંકી છે. અને તેમાં પ્રાણ પૂરવાની કિંમત તો આંકી શકાય તેમ જ નથી.

પરંતુ ધારો કે આ કિંમતને લક્ષમાં રાખીને ચાલીએ અને મનુષ્યદેહનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણીએ તો, ૧ સેકંડના સાડા સાત કરોડ રૂપિયા ખર્ચાય છે એમ કહી શકાય. આપણી એક એક સેકંડ કરોડો રૂપિયાની થાય છે! આમ દુર્લભતા સમજાય તો મનુષ્યદેહનો યોગ્ય ઉપયોગ કરવાનો વિવેક આવે. દેવો પણ આવો દુર્લભ મનુષ્યદેહ મળે તેવી ઇચ્છા રાખે છે. (શ્રીમદ્‌ભાગવત, ૧/૧૯/૨૧)

દેવતાઓ કહે છેઃ અહો! જેઓ આ ભારતવર્ષમાં મનુષ્ય તરીકે જન્મ્યા છે એવા ભારતવર્ષના મનુષ્યોએ કયાં પુણ્ય કર્યાં હશે કે શ્રીહરિ સ્વયં શું તેઓના પર પ્રસન્ન થયા હશે! એ મનુષ્યજન્મની અમે પણ ઝંખના કરીએ છીએ. મનુષ્યજન્મના સૌભાગ્યને તો અમે હંમેશાં ઇચ્છીએ છીએ.

મોટા મોટા દેવતાઓને પણ જેની ઈર્ષા થાય એવા દુર્લભ માનવ દેહની અમૂલ્ય ક્ષણોને આપણે કેવી ક્ષુલ્લક અને નકામી બાબતોમાં વેડફી નાખીએ છીએ!

કોઈ બાળકને ૧૦૦ રૂપિયાનું રમકડું આપવામાં આવે અને તે તૂટી જાય તો તેને ખાસ દુઃખ થતું નથી. પણ તેણે જાતે બે રૂપિયાની કિંમતનું રમકડું બનાવ્યું હોય અને તે તૂટી જાય તો તે અત્યંત દુઃખી થઈ જાય છે.

એમ આપણને મફતમાં આવો અમૂલ્ય મનુષ્યદેહ મળ્યો છે એટલે તેની કિંમત નથી સમજાતી. તેને કારણે તે ગમે તેમ આપણાથી વેડફાય છે અને તેનું દુઃખ પણ થતું નથી! અને જો કિંમત સમજાય તો મનુષ્યદેહનો ઉપયોગ કરવામાં વિવેક પ્રગટ થાય છે. ગાડા કરતાં મોટરની કિંમત વધુ છે તો તેના ઉપયોગમાં અને સાચવણીમાં વિવેક આવી જાય છે, એમ દેહની કિંમત સમજાય તો તેનો દુરુપયોગ ન થાય.

જેઓ શરીરની કિંમત સમજ્યા, તેમને ઉચ્ચજીવનની પ્રેરણા મળી. જે જેટલી કિંમત સમજ્યા તે તેટલું ઉચ્ચ જીવન જીવ્યા. તેમનું જીવન સાર્થક થયું અને વર્ષો પછી લોકો તેમને યાદ કરે છે, તેમાંથી પ્રેરણા મેળવે છે, તેમના જીવન પર પુસ્તકો લખાય છે, જયંતી ઊજવાય છે. તેમનાં સ્મારક બને છે, તેમની સ્મૃતિમાં તેમનાં સ્ટેચ્યૂ પધરાવાય છે.

ઝવેરીની દુકાને બેસે તેને હીરાની કિંમત કરતાં આવડે છે, તેમ સત્સંગ કરતાં કરતાં આ ચિંતામણિ રૂપ દેહની કિંમત સમજાશે, માટે નિત્ય સત્સંગ કરવો અનિવાર્ય છે.

મનુષ્યદેહની આ દુર્લભતા સમજીને તેનાથી જે લક્ષ્ય સિદ્ધ કરવાનું છે તે કરી શકાય, તો જ સાચી દિવાળી છે. બાકી દિવાળીઓ તો આવે અને જાય છે. તેમાં માનવ દેહની સાર્થકતાનું શું? એ માટે સત્સંગ કરવો પડે.

સત્સંગ એટલે ગુણાતીત સત્પુરુષમાં અતિશય દૃઢ પ્રીતિ. તેથી આત્મા અને પરમાત્માનું દર્શન થાય છે ને મનુષ્યજીવનની સાર્થકતા થાય છે. આ મનુષ્ય શરીર ચિંતામણિ છે. તેનાથી ચિંતામણિ રૂપ ભગવાન પ્રાપ્ત થાય છે.

સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી દિવાળીના પવિત્ર પર્વે એ સર્વોત્તમ લક્ષ્ય સુધી પહોંચવાની અને દિવાળીરૂપ માનવ દેહને સાર્થક કરવાની અદ્‌ભુત પ્રેરણા આ પદમાં આપે છે.

માનવ શરીરની એવી દુર્લભતાને સમજીને, ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ ને મહંત સ્વામી મહારાજને રાજી કરીને સાચી દિવાળી ઊજવીએ... ◆



# રાજ મારે દિન દિન દિવાળી રે...

■ સાધુ યોગેન્દ્રદાસ

આજથી બે સદી પહેલાં ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસ કવિ બ્રહ્માનંદ સ્વામીએ લખેલી અમર પંક્તિ 'રાજ મારે દિન દિન દિવાળી રે...' એક અદ્‌ભુત સંદેશ અને સંકેત આપે છે. ભગવાન સ્વામિનારાયણના એ મહાન સંતકવિઓનાં કાવ્યોમાં ઘૂંટાતી નિત્ય કેફ-આનંદ-ઉત્સાહ-ઉમંગની ભરતી, ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેનું તેમનું સમર્પણ અને સાથે સાથે ભગવાનની પ્રાપ્તિની અલૌકિક મસ્તીનું દર્શન કરાવે છે. આવો, દિવાળીના મર્મ સાથે તેને માણીએ...



દિવાળી...

અંતરતંતુને ઉમંગના તાલે રણઝણાવી દેતી પ્રેમમયી!

યુગોયુગોથી સુખની શોધમાં ઓજપાતા માનવીનું જાણે ક્ષણભરનું વિશ્રામગૃહ!

નૂતન વર્ષના નવલા દિવસોમાં હૈયે હરખના હિલોળા આવતા હોય અને એમાં સાંપડે પ્રિયજનનું સાંનિધ્ય - પછી કેમ કેફ ન ચડે!

સંસારના રસને જાણી અને માણીને, એને નીરસ અનુભવીને, હરિરસમાં રસબસ થયેલા બ્રહ્માનંદ સ્વામી પોતાના અલબેલા પ્રાણપતિ ભગવાન સ્વામિનારાયણના દિવાળીની દીપમાળાના ઝાકમઝોળ તેજે દર્શન કરતાં ભાવવિભોર થઈ ગાઈ ઊઠ્યા:

*રાજ મારે દિન દિન દિવાળી રે, વહાલા મળતાં તમને વનમાળી રે,*
*જી હો ગિરધારી...*
*બ્રહ્માનંદના પ્રીતમ તમ સંગે, અતિ આનંદ વાધ્યો છે મારે અંગે રે...*

દીવડાઓની ટમટમતી જ્યોતિ ભગવાન સ્વામિનારાયણના સુવર્ણરસિત હીરાજડિત વસ્ત્રાભૂષણોને અનંતતામાં પરાવર્તિત કરી રહી હતી અને બ્રહ્માનંદના રુદિયાની ઊર્મિઓ શબ્દોનું રૂપ ધરી વારે ને વારે એ રસિક રૂપમાં ઝંપલાવતી જતી હતી. શું આ દિવાળીના પ્રસંગનું વર્ણન માત્ર હતું? ના, ના. દિવાળીના ક્ષણિક આનંદ હિલોળને ક્યાંય પાછો પાડી દે એવો આનંદ આ સ્વામિનારાયણીય સંતકવિઓનાં હૈયાંમાં કાયમ - 'દિન દિન દિવાળી'ના રૂપે હિલોળતો રહેતો હતો.

શાનો હતો એ આનંદ? સંસાર છોડીને શુષ્ક જીવન જીવતા અને વળી દુર્જનોના ત્રાસને અવિરત તન-મનથી વેઠતા આ સંતો-પરમહંસોને કાયમ આવા સુખના હિલોળા શાથી આવતા હતા?

એમને હતો ભગવાન સ્વામિનારાયણની પ્રાપ્તિનો આનંદ. બાહ્ય દૃષ્ટિએ કેવળ દુઃખી દેખાતા એમના જીવનમાં એ સુખનો શાશ્વત અમીકૂંપ હતો. એનો આસ્વાદ આપણને પણ એ જ સુખના સાગરમાં ઝબકોળી દે છે. શ્રીહરિની મૂર્તિમાં રસાયેલ એમના એ શબ્દોમાં અપ્રતિમ તાકાત છે - આપણાં વિષયરત હૈયાંને ભક્તિભીનાં કરવાની!

એ સ્વામિનારાયણીય સંતો-પરમહંસોએ પરબ્રહ્મ પુરુષોત્તમના રસમય સ્વરૂપનો આનંદ અનેકાનેક લાગણીઓના પ્રવાહ રૂપે ઝીલ્યો છે, જે લાગણીઓને એ જ સ્વરૂપે પામવું એ તો અસંભવિત છે. બીજી રીતે કહો તો વૈખરીની પાંખે પ્રણવના પારને પામવાની ચેષ્ટા સમી જ ધૃષ્ટતા છે! પણ જો કે, એમણે જ, અમુક ભાવનાઓને આપણને સમજાય એવી સરળ ને સ્પષ્ટ ભાષામાં ઢાળી છે, તેથી જ એ આપણને સુગ્રાહ્ય બની છે. એમણે મુખ્યત્વે આ ભાવનાઓ વહાવી છે:

(૧) ભગવાન સ્વામિનારાયણની પ્રાપ્તિનો મહિમા.
(૨) એ પ્રાપ્તિથી અંતરમાં પ્રગટતો અપાર પ્રેમ. એને લીધે થતું સાહજિક નિત્ય સ્મરણ અને તેની પોતાના જીવન ઉપર થયેલી અસરો.
(૩) પ્રાપ્તિથી આવતો અપાર આનંદ. અનેરો કેફ. અનહદ કૃપાની અનુભૂતિ અને સ્વીકૃતિ.
(૪) એના લીધે જાગેલી બલિદાન થઈ જવાની ભાવના. કુરબાનીની તીવ્ર અભીપ્સા.

આવો, આ લાગણીઓને આપણે આચમનના સ્વરૂપમાં માણીએ...

## પ્રાપ્તિનો મહિમા

જે પ્રાપ્તિનો ઓચ્છવ ઊજવવાનો છે, એ કેટલી મહાન વસ્તુની પ્રાપ્તિ છે, એ સંભારતાં સંતો ગદ્‌ગદ થઈ જાય છે. મુક્તાનંદ સ્વામીની અનુભૂતિના શબ્દો જુઓ:

*પુરુષોત્તમ તમે પ્રગટ મુજને મળ્યા, આજ આનંદના ઓઘ મારે;*
*કોટિ બ્રહ્માંડના નાથ કર સાહીને, અચળ પદવી મુને આજ દીધી.*

તો બ્રહ્માનંદ સ્વામીને તો એકાદશીના નિર્જળ ઉપવાસમાં પણ પ્રાપ્તિનો આનંદ આવે છે. તેઓ ગાય છે:

*હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ, આજ એકાદશી હરખ અતિ...*
*પુરુષોત્તમ પૂરણ વર પામી, રહી ન ખામી હવે એક રતિ...*

અને નિષ્કુળાનંદ સ્વામી તો ગરજી-ગાજીને ગાય છે:

*શીદને રહીએ રે કંગાલ રે, સંતો શીદને રહીએ રે કંગાલ;*
*પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ;*
*અમલ સહિત વાત ઓચરવી, માની મનમાં નિહાલ રે...*

*ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ;*
*ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ...*

*આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈ ખોટ;*
*એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ...*

*જે સુખ અગમ અજ ઈશને, સુર સુરેશને સોય;*
*તે સુખ દીધું છે દાસને, જે સુખ ન પામે કોય...*

સંતકવિ જેરામ બ્રહ્મચારીનો અનુભવ પણ એ જ વાણી ઉચ્ચારે છે:

*આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;*
*જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે, તે રે શામળિયોજી મુજને રે પ્રીછે;*
*તપ રે તીરથમાં હું કાંઈ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું...*

આ પ્રાપ્તિથી કામક્રોધાદિક વિકારો નાસી જાય છે! જુઓ બ્રહ્માનંદ સ્વામી અને દેવાનંદ સ્વામીની પ્રતીતિ:

*કામ ક્રોધ ને લોભ વિષે (વિષય), રસ ન શકે નડી;*
*માવજીની મૂર્તિ મારા, હૃદયમાં ખડી રે...*

*મિટ્યા વિષયકા ડાઘ મનોરથ, મૂલ મરમ સમજાયા;*
*જન્મ મરણકા ઝગડા રે છૂટ્યા, અંતર અલખ લિખાયા રે...*

સર્વોપરી ભગવાન મળ્યા, તેથી પૂર્ણકામપણું મનાઈ ગયું છે. પ્રેમાનંદ સ્વામીને ભગવાન સ્વામિનારાયણની આ પ્રાપ્તિની સામે અષ્ટસિદ્ધિ કે તપ-તીર્થમાં ઘી અને છાશ જેટલો તફાવત દેખાય છે.

*હમ તો એક સહજાનંદ ગાવે,*
*હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે...*
*તપ તીરથ સાધનમેં સ્વપ્ને નહિં જાવે,*
*જૈસે કોઉ ઘૃત છાંડ છાછકોં ન ખાવે...*
*અણિમાદિક અષ્ટ સિદ્ધિ મુક્તિકું ન ચા'વે,*
*સબકો ફલ સહજાનંદ ચરન ચિત્ત લાવે...*

બ્રહ્માનંદ સ્વામીને ભગવાન સ્વામિનારાયણની આ પ્રાપ્તિમાં ચિત્ત એવું મોહી ગયું છે કે ધન, સંપત્તિ, રાજસુખની તો ચાહના નથી રહી, પરંતુ ચાર પ્રકારની મુક્તિમાં પણ માલ લાગતો નથી:

*ચિત્ત મોહ્યો સુંદર શ્યામ સે...*
*ચાર મુક્તિ કી ચાહ નહીં હૈ, અરથ નહીં ધન ધામ સે...*
*રાજ બાજ સુખ સાજ ન ચાહૌ, ઔર લાજ ઈતમામ સે...*

તો મુક્તાનંદ સ્વામીને આ સહજાનંદ સ્વામી મહારાજનું નાણું હૈયે એવું વસી ગયું છે કે બ્રહ્માથી લઈને કીટ-પતંગિયાં સુધીનાં સુખ નિરર્થક થઈ ગયાં છે:

*રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;*
*મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું...*
*રે શ્યામ તમે સાચું નાણું...*

આવા પૂરણકામ પરમાત્માને ધારનાર પોતાના મનને પ્રેમાનંદ સ્વામી શાબાશી આપી દે છે:

*ધન્ય ધન્ય મારા મનને, સ્વામીને સંભારે;*
*મન રે વાણી પહોંચે નહીં, નિગમ નવ જાણે;*
*તે મૂરતિના અંગને, ચિતવી ઉર આણે...*

## અથાગ પ્રેમનો મહાસાગર

કવીશ્વર ન્હાનાલાલ ભગવાન સ્વામિનારાયણને પ્રેમરસના સર્વોત્તમ સ્વરૂપ તરીકે વર્ણવતાં 'રસો વૈ સઃ' કહે છે. એવા, હૈયાની હામ પૂરનાર પૂરણકામ ભગવાન સ્વામિનારાયણ મળ્યા, હવે?

સ્વામિનારાયણીય સંતો-પરમહંસોનું જીવન હવે અનિર્દેશ પ્રાપ્તિના મહિમાથી પ્રેમના સાગર સુધીની રોમાંચક યાત્રા સમું બની રહે છે.

પ્રાપ્તિનું પ્રેમમાં રૂપાંતર! પરિણામ? અવર્ણનીય લાગણીઓનું રસરસાયેલ પ્રેમભાષામાં અવતરણ. સંત-કવિઓના શબ્દે શબ્દે એ અગાધ પ્રેમના સાગરનો અનુભવ થાય છે. પ્રેમાનંદ સ્વામીની લાગણીને સાંભળો:

*સનેહી શ્રીઘનશ્યામને, ખમા ખમા ઘણી ખમા રે...*
*મોહનજીની મૂરતિ મારી, આંખ્યુંનાં ચશમાં રે;*
*એ વિના મુને કાંઈ ન સૂઝે, રાત અને દિનમાં રે...*
*હું જીવું એને જોઈને, એ છે પ્રાણ મારા દેહમાં રે;*
*રટું માળા એના નામની, પડું પળે પળે પગમાં રે...*

પ્રેમાનંદ સ્વામી તો ભગવાન સ્વામિનારાયણની સ્નેહમયી દિવ્ય દૃષ્ટિમાં કંઈક અનોખો જાદુ અનુભવે છે:

*શુધ ભૂલી શરીરની દિલ ક્યાંઈ ન ગોઠે રે,*
*મનડું વીંધ્યું માહેરું નેણાની ચોટે રે...*

*ક્હાન તમારે કારણે હું તો ઘેલડી ડોલું રે,*
*ઘેલડી ડોલું રે તમ વિના બીજું ન બોલું રે...*

*લાગી રે મોયે નૈન નજરિયાં...*
*ચંચલ નૈન સૈન કરી મારે, લાગત હી મૈં ધરની ઢરી પરિયાં...*
*કસકત નૈનકી સૈન કરેજે, દિના નાહીં ચૈન ના રૈન નીંદરિયાં...*

ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપના પ્રેમમય સ્મરણ-મનનમાં દિવસ અને રાતનું ભાન ભૂલી જનાર પ્રેમાનંદ સ્વામીની જેમ, મુક્તાનંદ સ્વામીની હાલત પણ એવી જ છે:

*મીન સરવે જેમ નીર સનેહી, ચંદ્ર સનેહી ચકોર રે;*
*તેમ મારું મન તમ સંગ વા'લા, નટવર ધર્મ કિશોર રે...*
*તન મન ધન મેં તમને અર્પ્યું, પામી અખંડ સોહાગ રે;*
*મુક્તાનંદ કહે મહોલે આવ્યા, આજ અમારાં ભાગ્ય રે...*

આ લૌકિક સુખ નથી. પરમાત્મા સાથેના દિવ્ય સ્નેહનું

દિવ્ય સુખ છે. ચારે બાજુ તિરસ્કાર અને માર સહન કરતા એ સ્વામિનારાયણીય સંતોને ભગવાન સ્વામિનારાયણે કેવું અદ્વિતીય આધ્યાત્મિક સુખ ઠાંસી ઠાંસીને આપ્યું હશે કે યોગાનંદ સ્વામીને એ સુખને જીરવતાં છાતી ફાટી જાય તેટલો અગાધ આનંદ અનુભવાય છે. જુઓ તેમની પંક્તિઓઃ

*મારે મંદિરે પધાર્યા શ્યામ થઈ બડભાગી,*
*મને કરવું ન સૂઝે કામ કહો કેમ કરીએ,*
*જબ મિલે ન સહજાનંદ ઠામ ક્યાં ઠરીએ...*
*એ સુખની શી કહું વાત કહી નથી જાતી,*
*એ સુખ સંભારતાં આજ ફાટે મારી છાતી...*

આ આધ્યાત્મિક પ્રેમ એવો તો મીઠો લાગે છે કે મૂક્યો મુકાતો નથી. કલ્પતરુને વળગેલી વેલી કે મેઘ સાથે જોડાયેલી વીજળીને જુદાં પાડી ન શકાય તેમ ભગવાન અને આ ભક્ત-સંતોને જુદા પાડી શકાય તેમ નથી. એવો નેહડો લાગી ગયો છેઃ

*મારે લાગો રે, હરિવરથી નેડો,*
*નેડો લાગો રે હવે નવ છૂટે, જેમ હીરો તે ફોડતાં કેદી ન ફૂટે...*
*હું તો વળગી રે હરિવરની બેલી, જેમ કલ્પતરુ સાથે વેલી...*
*મારા વ્હાલાથી હું નવ થાઉં અળગી, જેમ મેઘ સંગાથે ચપળા વળગી...*

આ દિવ્ય પ્રેમનો અનુભવ તેને જ થાય, જે એ પ્રેમમાં પરોવાય. લૌકિક-ભૌતિક ઝંખનાઓમાં રાચનારાઓ એ પ્રેમને શું જાણે! મુક્તાફળને ખાનારા હંસલાના સ્વાદને માછલાં ખાનારા બગલા શું જાણે! અમૃતના સ્વાદ ભોગવનારાને છાશ પીનારા શું જાણી શકે! એટલે જ પ્રેમાનંદ સ્વામી ગાય છેઃ

*સખી પ્રેમી જાણે વાત પ્રીતની જો,*
*સખી ભ્રમર લોભી રસ સારના જો*
*શું જાણે દાદુર ભોગી ગારના જો...*
*સખી હંસ તો મુક્તાફળને જમે જો*
*મૂઆ બગલાને એક માછલાં ગમે જો...*
*સખી પ્રેમીજન હંસ મોતી શ્યામ છે જો*
*જેને શ્યામ વિના બીજું હરામ છે જો...*
*સખી અમૃત પીતાં ટળી વાસના જો*
*તે નવ જાણે બેની સ્વાદ છાસના જો...*

બ્રહ્માનંદ સ્વામી તો ભગવાન સ્વામિનારાયણના એ પ્રેમના કેફમાં ફૂલી-ફાટીને ભાન ભૂલી જાય છેઃ

*પ્રાણથી પ્યારો રે, વા'લો મુને, પ્રાણથી પ્યારો રે;*
*સુખ ના આવે ધામમાં, ઘરકામ ભૂલી રે;*
*જગનો જીવન જોઈને, ફરું છું હું ફૂલી રે...*

ભગવાનનો દિવ્ય પ્રેમ પામવો મીઠો જરૂર લાગે છે, પણ પચાવવો ભારે હોય છે. એક પરિસ્થિતિ એવી આવીને ઊભી રહે છે કે જ્યારે નથી એ પ્રેમ મુકાતો ને નથી સહેવાતો! પણ છતાં એ દિવ્ય પ્રેમનાં મીઠાં મીઠાં બાણે જાણે વીંધાયા જ કરવાનું એવું તો મીઠું લાગે છે કે બસ, લાચાર થઈને આ મીઠું મીઠું દુઃખ સહ્યા જ કરીએ, સહ્યા જ કરીએ...

*નેણને બાણે રે મારી નેણને બાણે,*
*મુને મોહનજી મરમાળે મારી નેણને બાણે...*
*જોયા વિના જંપ ન થાય શું કરીએ બેની,*
*હું તો વા'લાને વશ થઈ છું લાગી મોહની એની...*
*મુક્તાનંદને વા'લે મારું ચિત્ત લીધું ચોરી,*
*એનું મુખ જોઈને જીવું જેમ ચંદ ચકોરી...*

*મધુકર વાત મોહનવર કેરી, જાદુગારી જોર રે,*
*એવું અમે જાણીએ તોયે એના ગુણ, મુખ થકી નવ મેલાય રે,*
*પાણીડું પીને ઘર અમે પૂછિયું, હવે એનો શો ઉપાય રે...*
*જે કોઈ જગમાં એને અનુસરશે, તેના તે પવાડા ગવાય રે,*
*મુક્તાનંદના નાથને સેવી, જગ છતરાયા થાય રે...*


આવો રોમાંચક પ્રેમ પામવો, એ કેવું અદ્‌ભુત છે!

## અપાર આનંદ અનેરો કેફ

દુનિયાના કોઈ મનુષ્ય ઉપર વર્ષાવાયેલ પ્રેમ આખરે ચોક્કસ નિરાશામાં પરિણમે છે, કારણ કે માણસના સ્વભાવો -મર્યાદાઓ, મોહનું પડળ હટતાં જ એ દૃષ્ટિગોચર થાય છે. છેવટે મનુષ્યદેહનું અસ્થિરપણું અને નાશવંતપણું પણ પ્રેમને તોડ્યે રહે છે. જ્યારે પરમહંસોએ ભગવાન સ્વામિનારાયણમાં અનુભવેલો પ્રેમ એમને અલૌકિક અને અખંડ પ્રેમનો અનુભવ પમાડે છે.

આ પ્રિય પાત્ર - પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન - અવિનાશી છે, સદાય સ્થિર છે અને રસિયા બાલમ છે. એટલે અહીં પ્રગટતો પ્રેમ બેમર્યાદ બની કેફના રૂપમાં રેલે છે.

પોતાને થયેલ પ્રાપ્તિ વિશ્વભરમાં બેનમૂન છે એવી દૃઢ પ્રતીતિ બંધાઈ ગઈ છે. હવે જે શબ્દો



વહે છે એમાં દેખાય છેઃ આનંદ, આનંદ. નિષ્કુળાનંદ જેવા પ્રખર વૈરાગ્યવાન સંતને ભગવાન સ્વામિનારાયણના પ્રેમ-આનંદમાં અમૃતના સાગર ઊલટ્યા હોય તેવો અનુભવ થાય છે! ભગવાન સ્વામિનારાયણના પ્રેમમાં તેમને તો જીતના ઢોલ વાગતા સંભળાય છે, દુઃખને બદલે અતોલ સુખ અનુભવાય છેઃ

*આનંદ આપ્યો અતિ ઘણો રે; આ સમામાં અલબેલ,*
*પુરુષોત્તમ પ્રગટી રે...*
*અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ...*
*ખોટ ગઈ છે ખોવાઈને રે, જીતનાં જાંગી ઢોલ...*
*દુઃખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ...*
*કહીએ મુખેથી કેટલું રે, આપ્યો છે જે આનંદ...*

આ પરમહંસો તો આનંદના સાગરમાં ગરકાવ થઈ ગયા છે!

*સહજાનંદ સિન્ધુ રે, આજ મારે ઊલટ્યા રે;*
*આનંદની લહેરું રે, તેમાં અતિ ઘણી રે*
*મરજીવા કરે છે તેમાં મોજ*

એવા સુખના સાગરમાં પડ્યા પછી દુન્યવી વસ્તુની કોઈ ઇચ્છા રહે ખરી? કારણ કે હવે તો સર્વેનું કારણ એવા ચિંતામણિ સમાન ભગવાન સ્વામિનારાયણ મળ્યા છે. હવે તો રંક-દીન-અનાથ-અભાગી મટીને શાહુકાર-રાજવી-દાતાર -સભાગિયા શેઠ બની ગયા છીએ! નિષ્કુળાનંદ સ્વામી ઊંચે સાદે લલકારે છેઃ

*નવનિધિની રે નથી મારે વાંછના રે;*
*સિદ્ધિ તે સામું હવે શીદ જોય,*
*સરવેનું કારણ રે, મળિયા ચિંતામણિ રે;*
*હવે જે જે ચિંતવીએ તે હોય.*
*અનાથ અભાગી રે, બાઈ જો અમે નહિ રે;*
*અમે છીએ સભાગિયા શાહુકાર,*
*રંક ટાળીને રે કીધા અમને રાજવી રે;*
*દીન ટાળી કીધા છે જો દાતાર...*

*જેહી નર પાસે રે, નો'તી એક નાસરી રે,*
*જેમ તેમ કરીને ભરતા જો પેટ,*
*ભૂખ તેની ભાંગી રે, લાગી હૂંડી હાલવા રે,*
*થયા થયા સુખી સભાગિયા શેઠ...*

ભગવાન સ્વામિનારાયણના પ્રેમમાં આ વૈરાગી સંતોને એવા અમૃતના મેહુલા વરસ્યાનો અનુભવ થાય છે કે તેમાં તો ભવની ભાવટ ભાંગી જાય છે. તેમાં મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને આઠે પહોર આનંદ આનંદ અનુભવાય છેઃ

*આજ અમૃતતણા મેહુલા વરસિયા,*
*ભવ તણી ભાવટ આજ ભાંગી,*
*આજ મુક્તાનંદ અધિક સુખ ઊપજ્યું,*
*તમ સંગ શ્યામ દૃઢ લગની લાગી...*

*નાથ રહોને મારા નેણમાં,*
*અતિ આનંદ સુખ ઉપજે, તમને જ્યારે દેખું.*
*પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ...*

આ પ્રેમનો એવો સર્વોચ્ચ અનુભવ થયો છે કે તેમને ભગવાન સ્વામિનારાયણના દિવ્ય રૂપ આગળ બધું જ ખારું લાગે છે. સહજાનંદના રૂપમાં મતવાલા બનેલા પ્રેમસખી કેફથી ગાય છેઃ

*હમ તો હરિ સહજાનંદ રૂપસેં મતવારે,*
*હમકું યેહી રૂપ બિના ઔર સકલ ખારે...*

આ પ્રાપ્તિ તો અતિ અલૌકિક છે. આ ભગવાન સ્વામિનારાયણને પામીને એવું પૂર્ણકામપણું અનુભવાય છે કે હવે બીજું બધું દુઃખરૂપ, અરે, ઝેર જેવું લાગે છે. ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સુખ આગળ મુક્તાનંદ સ્વામીને તો હવે જગત-સુખ અંગારા જેવું લાગે છે, જગતની ગંધમાત્ર ગમતી નથી. હવે તો આઠે પહોર એવો આનંદ અનુભવાય છે કે સૂવાની પણ ખેવના રહી નથીઃ

*મોહે તો તુમ હી એક આધારા.*
*રસિક શિરોમણિ તુમ બિન મોકું, લગત હૈ જગસુખ જરત અંગારા.*
*તુમ મોકું મિલિયો તો આનંદ અતીશે, બિસરત સબ દુઃખ વારંવારા.*

*તમ સંગ આશ ઉદાસ સંસારથી, નટવર નિમખ કેમ રહું ન્યારી.*
*રસિયાજી તમ સંગ રંગ લાગ્યો ખરો, ગમે નહીં જગતનો ગંધ મુજને.*
*માહરે મંદિર અખંડ રહો માવજી.*

*હો પિયા પાયા તો ફિર ક્યા સોના રે...*
*પિયા પાયા જબ સાર સબન કો, હાડ ચામ ક્યા જોના રે.*
*બખ્તર પહેર કે રણમેં નિકસે, નરમ ગરમ ક્યા હોના રે.*

સહજાનંદ સ્વામીની રસઘન મૂર્તિમાંથી એવું સુખ આવે છે કે હવે એ કેફમાં બીજા કશાની પરવા રહેતી નથી. પ્રેમાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણના હાથે રંગથી પણ રંગાઈને અને અહીંના પ્રેમરંગથી પણ રંગાઈને કેટલી અંતરંગ ઉચ્ચતા અનુભવે છે, તે જુઓઃ

હમ તો ના ખેલે ઐસી હોરી,
જ્યાં હોરી મેં લાગી રહે, નિત્ય આવાગમનકી દોરી.

કો ખેલે ઐસી ફાગ, હમારે.
શ્યામચરન તજી કરનો પરે નિત, ઘર ઘરમેં અનુરાગ.
ફગુવા માંગત કૌન ફિરે અબ, શ્વાન સૂકર હોઈ કાગ.

ના પિછતાવે, ના લોગ રિઝાવે, અપનો કાજ બિગારી.
પ્રેમાનંદ કહે વાસુદેવકી ચઢત નાહીં પ્રેમ ખુમારી

મીરાંના 'ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોઈ' કરતાંય બળવાન શબ્દો કઈ રીતે સ્ફુર્યા હશે?

આવા પરબ્રહ્મ પરમાત્માને પામીને આ જન્મ સુફળ થઈ ગયાની પ્રતીતિ - સદેહે જીવનમુક્તિની પ્રતીતિ આવી જાય છે. ભગવાન સ્વામિનારાયણના ગુરુપદે રહેલા અને તેમના કરતાં ૨૩ વર્ષ મોટા મુક્તાનંદ સ્વામી હાથમાં કરતાલ લઈને શીઘ્ર રચના કરીને પ્રતીતિનો કેવો નાદ કરે છે!

જનમ સુધાર્યો રે હો મારો, મળિયા નટવર ધર્મદુલારો.
આનંદ ઉરમાં રે હો ભારી, શિર પર ગાજે ગિરિવર ધારી.

ભ્રમણા ભાંગી રે હો હૈયાની, નથી એ કેને વાત કહ્યાની,
વીતી હોય તે રે હો જાણે, અણ સમજ્યા મર ઈર્ષ્યા આણે.

મહાસુખ મુજને રે હો આપ્યું, સંકટ જન્મ મરણનું કાપ્યું,
હવે નહીં કોઈની રે ઓશિયાળી, શિર પર વિઠ્ઠલવર વનમાળી.

એ પ્રતીતિના સ્વરમાં નિષ્કુળાનંદ સ્વામી પણ ઊંચા અવાજે ગાતાં જોડાઈ જાય છે:

પામ્યાં પામ્યાં રે ભવજળ પાર, શ્રીહરિ સંત મળી.
ભર્યાં ભર્યાં રે અભરે આભ, ઠર્યાં ઠર્યાં રે પામી સુખઠામ.
લીધો લીધો રે પૂરણ લહાવ, દીધો દીધો રે જમ શિરપાવ.
હુવો હુવો રે જયજયકાર, જુવો જુવો રે સુખ અપાર...

બ્રહ્માનંદ સ્વામીને પણ આવી જ પ્રતીતિ થાય છે:

શ્યામ રે તિહારી છબિ, દૃગનમેં ધરુંગી વે હો.
જગમેં ભઈ હૈ જીત, મગન ફિરુંગી વે હો...

આ પ્રાપ્તિની પ્રતીતિ આવતાં જ સમજાઈ જાય છે કે અનંત જન્મોની સાધનાને અંતે મળતું સ્વરૂપ તો આ જે મળ્યું એ જ છે! એટલે હવે આ સ્વરૂપ આગળ સાધનમાત્ર ઝાંખાં લાગે છે, એટલે કે પૂર્ણકામપણું મનાઈ જાય છે. મુક્તાનંદ અને નિષ્કુળાનંદ જેવા આ મહાન સંતોના હૈયેથી વહેતી સરિતાનું આચમન કરોઃ

સુખ પામી રે સખી! સુખ પામી,
તપ ને તીરથ મેં તો કાંઈ ન કીધું, મારે ઘેર બેઠા શ્યામ થકી કારજ સીધું.
સંસારીનું સુખડું જૂઠું આવે ને જાયે, હરિનો અખંડ સોહાગ કેદી કાળ ન ખાયે.

મારે અમૃત વુઠ્યા મેહ, થઈ અનુરાગી રે.
મારાં પુણ્ય તણો નહીં પાર, તમ સંગ મળતાં રે...


મેં તો સુખના સિંધુ જોઈ રે, બુદ્ધિ મારી ત્યાં બૂડી.
મારે અરસપરસ એહ સાથે રે, બીજી સમજણ નહીં ઊંડી.
હું તો કુંભક રેચક પૂરક રે, જાણું નહીં કાંઈ સાધીને,
અમે પ્રાણ અમાનને રુંધી રે, સમજું નહીં સમાધિને.
મારે રે'છે સુખ ને શાંતિ રે, અંતરમાં એણી રીત્યે છે,
ગુણ ગાઉં છું ગોવિંદના રે, પ્રેમ કરી પૂરણ પ્રીત્યે...

ભગવાન સ્વામિનારાયણની આ પ્રાપ્તિનો કેફ એવો અલૌકિક જ છે કે જેની સામે બીજું કાંઈ પણ પામવું એ કેવું અધૂરું ને અકારું લાગે છે તેની વાત બ્રહ્માનંદ સ્વામી અદ્‌ભુત ખુમારીથી ફાટફાટ થતા શબ્દો દ્વારા સમજાવે છે. ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્નેહસંબંધ સામે બીજું બધું તો ક્ષણભંગુર લાગે છે. હવે, ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજે ક્યાંય માલ મનાય તો હાથી પર સવારી છોડીને ગધેડે બેઠા જેવું થાય! એવું જીવ્યા કરતાં તો મરવું રૂડું છે. હવે તો ભગવાન સ્વામિનારાયણનાં ચરણે જ મરી મટીએ એવો પૂર્ણતાનો અનુભવ થાય છે. જુઓ બ્રહ્માનંદની પ્રતીતિભર્યા શબ્દોની તાકાતઃ

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું.
રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પર ઘેર પાણી શું ભરીએ,
વરીએ તો નટવરને વરીએ.

રે ન ડરું હું લોક તણી લાજે, રે શિર ઉપર ગિરધર ગાજે,
આ દેહ ધર્યો નટવર કાજે.
રે શિર પર જો બીજો ધારું, રે તો બગડે જીવતર મારું,
હું જીતી બાજી તે કેમ હારું.
રે હરિ વિના બીજાને વરવું,
રે ગજ તજી ખર ચડીને ફરવું,
એ જીવ્યાથી રૂડું મરવું.
રે મરજાદા જગની મેટી,
રે બાંધી મેં પ્રેમ તણી પેટી,
બ્રહ્માનંદનો વહાલો ભેટી...

રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછાં તે પગલાં નવ ભરીએ.



*રે પહેલું જ મનમાં ત્રેવડીયે, રે હોરે હોરે જુદ્ધે નવ ચડીએ,*
*જો ચડીએ તો કટકા થઈ પડીએ...*
*રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ*
*બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ...*

રોમાંચ ખડો કરી દે એવી ખુમારી છે ને! એનું કારણ ટૂંકમાં કહેવું હોય તો એમ કહેવાય કે, એ છે – પ્રાપ્તિનો આનંદ!

*હું તો ગરક થઈ તારા ગીતમાં રે,*
*ચડ્યો કેફ અલૌકિક ચિત્તમાં રે.*
*મનમાની મોહન તારી મૂરતિ રે...*

## બલિદાનનો સમૈયો, કુરબાનીનો ઓચ્છવ

દિવ્ય પ્રેમની પરાકાષ્ઠા શું? કુરબાની.

અલૌકિક સ્નેહની સર્વોપરિતા શું? સમર્પણ.

પરમ પ્રાપ્તિની ઉત્કૃષ્ટતા શું? આત્મનિવેદન.

હૈયામાં સમાવાય નહીં એવો અપરંપાર ભગવાનની પ્રાપ્તિનો આનંદ જ્યારે પોતાના અસ્તિત્વની પાળો વળોટીને અપારના પડછંદા ગજવે છે, ત્યારે એને ધારી રહેલા સંતો-પરમહંસોને હવે કરવા જેવું એક માત્ર કર્તવ્ય દેખાય છે - આત્મસમર્પણ! કોઈ અપેક્ષા નહીં, કોઈ મહત્ત્વાકાંક્ષા નહીં, કોઈ સોદો નહીં, કોઈ માંગણી નહીં, માત્ર સમર્પણ! ભગવાન સ્વામિનારાયણના દામ વિનાના દાસ-ચાકર-ઢાઢી-ગુલામ-બંદીજન-જાચક થવામાં આ સંતોને હરખ છે. ઓળઘોળ થઈ જવામાં જિંદગી સફળ લાગે છે. જે વસ્તુનો અપાર મહિમા મનાયો હોય, એના માટે ઓળઘોળ થઈ ન જવાય ત્યાં સુધી તો એ પ્રેમના શબ્દો જુઠાણાંથી ખાસ દૂર નથી રહેતા. પણ આ પરમહંસોએ તો પહેલાં પોતાના જીવનમાં મહાન ત્યાગ કરી બતાવ્યો છે, પછી પણ અસંખ્ય કષ્ટો વેઠ્યાં છે, અને એ રીતે આ પ્રાપ્તિનો મહિમા પ્રત્યક્ષ રૂપે અનુભવીને પછી શબ્દો લખ્યા છે. એટલે જ એમની કુરબાનીની, સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની ભાવનાના શબ્દો અન્યના આવા જ પ્રકારના બોલ કરતાં કોટિ ગણા ચડિયાતા જણાય છે:

*કેસરિયા માને હો, રખજ્યો રાજરો ગુલામ;*
*હું ચાકર થારો દામ બિનારો, યે મારા ઠાકર શ્યામ*
*જો હરિવર કાંઈ ચૂક પડે તો, કરજો તાડન લૈ લગામ...*

પ્રેમાનંદે આ ભાવના પોતાના જીવનમાં ઉતારી હતી:

*જેમ રાજી રહો તેમ કરું હરિ, ન જોઉં ન્યાય અન્યાય,*
*પ્રેમાનંદના નાથજી તમ પર, પ્રાણ કરું ન્યોછાવ...*

*ધર્મનો કુંવર ડોલરિયો, મારો દિલડાંનો દીવાણ રે,*
*દીનબંધુની દાસી છું હું તો, દામ વિનાની વેચાણ રે...*

*જેમ રાખે તેમ રહું હું, એની મરજીને પરમાણ રે,*
*પ્રેમાનંદના નાથ સાથે, મારે થઈ અતિ સુવાણ રે....*

*મૈં તો તેરે બિરુદ ભરોસે બહુનામી.*
*યે હી સાખ શ્રવને સુની આયો, ચરન શરન સુખ ધામી.*
*પ્રેમાનંદ કહે તારો કે મારો, સમરથ અંતરજામી...*

બ્રહ્માનંદ તો ભગવાન સ્વામિનારાયણના હાથે વેચાવા તૈયાર છે: *હું તો હેતે વેચાણી તમ હાથ રે, સગપણ તમ સાથે...*

બ્રહ્માનંદ આવું સમજ્યા હતા. એટલે તો મોટા રાજવીને પણ ઈર્ષ્યા કરાવે એવી પોતાની સમૃદ્ધિ, બુદ્ધિ, આવડતને ઠોકરે મારીને ભગવાન સ્વામિનારાયણના ચરણે વીતરાગી થઈને બેસી ગયા. ગાયકવાડ સરકારની અતિ લોભામણી લાલચને ઠેબે ચડાવતાં એ ગાય છે :

*મૈં ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજૂર,*
*ગાયો જસ ગોવિંદ કો, પાયો ધન ભરપૂર.*
*મૈં બંદીજન રાવરો, એક આશ વિશ્વાસ,*
*ઈન્દ્રાદિક બ્રહ્માદિક ભવ, તાતે નિપટ નિરાશ*
*શ્રીહરિ કો જાચક અહં, શ્યામ નામ સમરથ,*
*નર સૂર આગળ જાય કે, કબુ ન જોડું હાથ*
*દાસન કો મૈં દાસ હું, હરિ કો સદા હજૂર,*
*બ્રહ્માનંદ કી વિનંતી, નિમખ ન રખીયો દૂર...*


પ્રેમ એટલે કેવળ મીઠા મીઠા શબ્દોની હારમાળા નહીં, પ્રેમ એટલે કુરબાની! અને આવા પ્રાણ પથરાયેલા ગાલીચા ઉપર ડગ માંડતા શ્રીહરિ સહજાનંદજી આપણા હૃદય મંદિરમાં પધારવા સજ્જ થાય, ત્યારે હૈયું હાથ રહે? પ્રાપ્તિના કેફમાં ઉછાળા ન મારે તો બીજું કરે શું? સ્વામિનારાયણીય પરમહંસોની આ પદ-રચનાઓ અમર રહેશે, કારણ કે ઈષ્ટ-અભીષ્ટના પુનિત સાંનિધ્યે રસાયેલી એમની ભાવનાઓ પ્રત્યક્ષ રીતે પણ ઈષ્ટદેવનાં ચરણોમાં સમર્પિત થઈ છે.

યુગપ્રભાવ જેને ઝાંખી પાડી શકે એમ નથી એવી આ ઉત્કૃષ્ટ ભાવનાઓને આપણે પ્રગટ ગુરુહરિનાં ચરણોમાં ભક્તિઅર્ઘ્યરૂપે ગાઈ-સાંભળીને અર્પણ કરીએ તો આપણને પણ એવો જ આનંદ અનુભવાશે અને કેફ વર્તાશે.

આપણને પણ સાચા અર્થમાં રોજ રોજ દિવાળીના આનંદનો અનુભવ થશે. *'રાજ મારે દિન દિન દિવાળી...'* ગાનારા બ્રહ્માનંદ સ્વામીનું પદ મારા અને તમારા અનુભવનું બની જશે. ◆

prગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## આફ્રિકા ખંડમાં કંપાલા અને જોહાનિસબર્ગને મળ્યો સ્વામીશ્રીનો સત્સંગ લાભ...

*આફ્રિકા ખંડની યાત્રાએ પધારેલા પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક ગુણાતીત ગુરુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આફ્રિકાના વિવિધ દેશોનાં સત્સંગ કેન્દ્રોમાં બિરાજી આધ્યાત્મિક લાભ આપ્યો હતો. સ્વામીશ્રી જે કેન્દ્રમાં બિરાજતા ત્યાં ભક્તિની વસંત પુરબહાર મહોરી ઊઠતી હતી. સ્વામીશ્રીની સંનિધિમાં સત્સંગનો દિવ્ય લાભ માણતા આબાલ-વૃદ્ધ સૌમાં ભક્તિનો ચઢતો ને ચઢતો રંગ અનુભવાતો હતો. અહીંના હરિભક્તોની સત્સંગ પ્રત્યેની અનન્ય નિષ્ઠા, નિઃસ્વાર્થ સેવાપરાયણતા, સમર્પણભાવ, ભક્તિભાવ, આહ્‌નિક વગેરેના પ્રસંગો સંતો-કાર્યકરોના મુખે સાંભળી સ્વામીશ્રીએ અતિ પ્રસન્નતાપૂર્વક સૌ પર વાત્સલ્ય વરસાવ્યું હતું. સ્વામીશ્રીનું સામીપ્ય માણતાં નાનાં નાનાં ભૂલકાંઓથી લઈને સૌ કોઈના મનમયૂર ભક્તિભાવથી થનગની રહ્યા હતા. વહેલી સવારથી લઈને મોડી રાત સુધી યોજાતા વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોની ભરમાર વચ્ચે સ્વામીશ્રીએ સૌને દિવ્ય પ્રેરણાઓથી છલકાવી દીધા હતા.*

*આફ્રિકાની ધર્મયાત્રાએ પધારેલા સ્વામીશ્રીએ સૌપ્રથમ દાર-એ-સલામ ખાતે બિરાજીને દિવ્યાનંદ રેલાવ્યો હતો. ત્યારબાદ કંપાલા(યુગાન્ડા), જોહાનિસબર્ગ(સાઉથ આફ્રિકા) ખાતે બિરાજીને સત્સંગની હેલી વરસાવી હતી. તેનું અહીં સ્મરણ કરીએ...*



# યુગાન્ડાના મહાનગર કંપાલામાં સ્વામીશ્રીએ વહાવી સત્સંગ-ભક્તિની સરવાણી...

*યુગાન્ડાનો સ્વામિનારાયણીય સત્સંગ એટલે આફ્રિકાના સત્સંગની એક ગંગોત્રી. સન ૧૯૫૫ની સાલમાં આફ્રિકાની યાત્રાએ પધારેલા યોગીજી મહારાજે અહીંના સત્સંગને પુષ્ટિ આપી હતી. ત્યારપછી સન ૧૯૭૦માં પુનઃ આફ્રિકાની યાત્રાએ પધારેલા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કંપાલા, જિંજા, ગુલુ અને ટરોરોમાં બી.એ.પી.એસ. મંદિરોની ભેટ ધરી સૌને ભજન-ભક્તિ અને સત્સંગની વિશેષ અનુકૂળતા કરી આપી હતી. મંદિરો બનતાં યુગાન્ડામાં સત્સંગની અભિવૃદ્ધિ થવા લાગી, પરંતુ સન ૧૯૭૨માં રાજકીય અશાંતિ દરમ્યાન ભારતીયોને યુગાન્ડામાંથી દેશનિકાલ કર્યા તે વખતે મૂર્તિઓ લઈને હરિભક્તો યુગાન્ડાથી નીકળી ગયા, પરંતુ ત્યારપછી સન ૧૯૯૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તમાં પુનઃ આ મંદિરો સુપરત થયાં અને હરિભક્તોનો ઉત્સાહ અતિ દૃઢતાપૂર્વક બેવડાઈ ગયો.*

*મંદિરો સોંપાતાં દિન-પ્રતિદિન વધી રહેલા સત્સંગ સમુદાયને લક્ષ્યમાં લઈ સન ૧૯૯૪માં યુગાન્ડા પધારીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે નૂતન રંગરોગાન સાથે ખીલી ઊઠેલા કંપાલાસ્થિત બી.એ.પી.એસ. મંદિરમાં પટપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી ત્યારે સૌમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. ત્યારબાદ મૂર્તિઓને નિત્ય નવા શણગાર સજી શકાય તે માટે આરસની મૂર્તિઓની તા. ૧૯-૫-૨૦૦૭ના રોજ પ્રમુખસ્વામી મહારાજે પ્રતિષ્ઠા કરી સૌને ભક્તિની વિશેષ પ્રેરણા આપી. પ્રમુખસ્વામી મહારાજના પુરુષાર્થથી અહીં પુનઃ દિન-પ્રતિદિન સત્સંગ અભિવૃદ્ધિ પામવા લાગ્યો. અવારનવાર આફ્રિકાની ધર્મયાત્રાએ પધારી પ્રમુખસ્વામી મહારાજે સત્સંગસમાજને પોષણ આપ્યું. તેઓના અનુગામી તરીકે ગુરુપદે બિરાજેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સન ૨૦૧૭માં આફ્રિકાની યાત્રાએ પધારી ભક્તોને દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. ત્યારપછી તા. ૨૯-૮-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી પુનઃ અહીંના ભક્તોના પ્રેમભાવને વશ થઈ કંપાલા ખાતેના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા. કંપાલા ખાતેના નવ દિવસના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ હજારો ભક્તો-મુમુક્ષુઓને દિવ્ય ભક્તિ-સત્સંગના આનંદથી છલકાવી દીધા હતા. તેની ઝલક અત્રે પ્રસ્તુત છે...*

## આગમન

દાર-એ-સલામમાં સતત બાવીસ દિવસ સુધી આધ્યાત્મિક લાભ આપીને સ્વામીશ્રી સંતવૃંદ સાથે તા. ૨૯-૮-૨૦૧૯ના રોજ યુગાન્ડા દેશના મુખ્ય શહેર કંપાલા ખાતે પધાર્યા. ગુરુહરિના આગમનથી હરિભક્તોમાં આનંદ-ઉત્સાહની સીમા ન રહી. સ્વામીશ્રીને વધાવવા રંગબેરંગી પુષ્પોની રંગોળી અને સુંદર ગમનપથ રચ્યો હતો. સૌનું અભિવાદન ઝીલતાં, ફૂલોના વિશાળ ગાલીચા પર શ્રી હરિકૃષ્ણ મહારાજને કરમાં ધારી હળવે ડગલે ચાલતા ગુરુહરિને સૌએ ગગનભેદી જયનાદોથી અભિવંદ્યા.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની પાર્શ્વભૂમાં નૂતન રચાયેલા 'પ્રમુખસદન'ના છ મજલા ભવનનું સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવી, નાડાછડી છોડી ઉદ્‌ઘાટન કર્યું. હરિભક્તોના આનંદ અને ઉત્સાહથી ભરપૂર જયજયકારો ઝીલતાં સ્વામીશ્રી બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા. ખૂબ ભાવથી હરિસ્વરૂપોનાં દર્શન કરી આરતી ઉતારી. શ્રી નીલકંઠ વર્ણી પર અભિષેક કર્યો. યુગાન્ડા સત્સંગ મંડળના અગ્રણી હરિભક્તો ઘનશ્યામભાઈ પટેલ તથા નરેશભાઈ પટેલે પુષ્પહાર અર્પણ કરી ગુરુહરિનું સ્વાગત કર્યું. વિશિષ્ટ તપ-વ્રત-ઉપવાસ કરનાર તપસ્વીઓને અંતરના આશિષ પાઠવી, સૌની ભક્તિને સ્વીકારી સ્વામીશ્રી પ્રમુખસદનના છઠ્ઠા માળે ઉતારે પધાર્યા.

એક સપ્તાહના અહીંના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ પ્રમુખસદનના ત્રીજા માળે 'યોગી સભામંડપ'માં સૌને પ્રાતઃપૂજા દર્શનનો લાભ આપ્યો હતો. આ જ સભામંડપમાં સંધ્યાકાળે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાતી સત્સંગ સભાઓમાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમો અને ઉત્સવોની રંગત જામી હતી, તેની એક આછેરી ઝલક અહીં પ્રસ્તુત છેઃ

### સ્વાગત સભા

કંપાલા ખાતે પધારેલા સ્વામીશ્રીના આગમનને વધાવવા તા. ૩૧-૮-૨૦૧૯ના રોજ સ્વાગત સભા યોજાઈ હતી. પ્રારંભમાં સંતો-ભક્તોએ ષોડશોપચાર વિધિથી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. બાળ-યુવાવૃંદે સ્વાગત નૃત્યથી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુહરિને વધાવ્યા.

યોગીજયંતીથી સ્વામીશ્રીના કંપાલા ખાતેના આગમન સુધી યુગાન્ડાનાં કુલ ૧૪૦૯ આબાલ-વૃદ્ધ હરિભક્તોએ વિવિધ તપ, વ્રત અને નિયમગ્રહણના ભક્તિયજ્ઞો દ્વારા હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે આશીર્વચનો વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''સર્વ હરિભક્તો -સંતો બધાને સ્વામીબાપાના આશીર્વાદ છે. આ જે બધી ધામધૂમ થઈ, સ્વાગત થયું તે સ્વામિનારાયણ ભગવાનનું છે.

શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ આ લોકમાં પધાર્યા, બધાને મળ્યા છે પણ કોણે ઓળખ્યા ? ને આપણને અક્ષર-પુરુષોત્તમની વાત હાથમાં આવી ગઈ! એ મુદ્દો છે, ખજાનો છે!

શ્રીજીમહારાજે હાથ પકડ્યો છે તે છોડવાના નથી. તમે છોડાવો તો વાત જુદી છે. અભાવ-અવગુણમાં પડીએ તો એ હાથ છૂટી ગયો, પછી ભગવાન કાંઈ ન કરી શકે. માટે એવી અવળી ક્રિયા કરવી નહીં. આ ટાણું માંડ આવ્યું છે તો મહારાજ-સ્વામીની નિષ્ઠા દૃઢ કરવી, પાકી કરવી એમાં સ્વાગત ને બધું આવી જાય છે.''

### બાળ દિન

તા. ૧-૯-૨૦૧૯, સામશ્રાવણીના પાવન પર્વે સવારે સ્વામીશ્રી અને સંતોએ જનોઈ પરિવર્તિત કરી હતી.

વળી, આજનો દિન 'બાળ દિન' તરીકે ઊજવાઈ રહ્યો હતો, તેની ઝાંખી કરાવતાં એક સાથે અઢાર બાળકોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમિયાન નૂતન સ્વામિનારાયણ મહાપૂજાનું ગાન કર્યું હતું. સ્વામીશ્રીએ ખૂબ જ પ્રસન્ન થઈ બાળકોને આશીર્વાદ આપ્યા હતા.

સંધ્યા સમયે યોજાયેલી 'બાળ દિન'ની સભામાં બાળકોએ આફ્રિકાના અગ્રેસર કાર્યકરોના પાત્રમાં સભાનો સમગ્ર કાર્યક્રમ રજૂ કર્યો હતો. બાળમુક્તોએ પોતપોતાના દેશોના સત્સંગનો તથા આફ્રિકાના સત્સંગનો ચિતાર આપ્યો. સાથે એ ધ્યેય પણ નક્કી કર્યું કે 'સ્વામીશ્રી પુનઃ અહીં પધારે ત્યાં સુધી આ વર્તમાન પરિસ્થિતિને આપણે વિશેષ પ્રગતિની મંજિલ સુધી પહોંચાડવી છે!'

આ વાર્તાલાપની પુષ્ટિ કરતાં અને સૌમાં વિશેષ બળ પ્રેરતાં *'અક્ષર-પુરુષોત્તમના યોદ્ધા પ્રમુખસ્વામીના બાળ અમે, અક્ષરપુરુષોત્તમના યોદ્ધા મહંત સ્વામીના બાળ અમે...'* તથા *'નવયુવાનો શ્રીજીનો સંદેશ લઈ ફરીએ...'* કીર્તનોના તાલે બાળકોએ ઊર્જાભેર ભક્તિનૃત્યો કર્યાં હતાં.

આ પ્રસંગે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''તમે નાના છો, પણ જબરી બળમાં વાતો કરી. આવા બધા તૈયાર થાય તો કાંઈ બાકી રહે નહીં. 'એક સાધુની પાછળ લાખ સત્સંગી ફરશે', તે સંકલ્પ આમ ને આમ ચપટીમાં થઈ જાય. આ બધું સાચું પડવાનું છે. સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ હતો - 'સો કરોડ મનવારો ભરવી છે', એ બધું સાચું થવાનું છે. ભવિષ્યમાં ભલે થાય, આપણે અત્યારથી તેને સાચું માનવાનું છે, તો કામ થાય. આપણને એવો સત્સંગ મળ્યો છે કે આપણા ભાગ્યનો પાર નથી.''

અંતમાં બાળકોએ હારતોરાથી ગુરુહરિને વધાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### વચનામૃત દિન

તા. ૨-૯-૨૦૧૯ના રોજ સંધ્યા સમયે યોજાયેલી 'વચનામૃત દિન'ની સભામાં 'વચનામૃતનો સાર - સત્પુરુષ' સંવાદ રજૂ થયો હતો.

સંવાદના અંતે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''શ્રીજીમહારાજ આ લોકમાં પધાર્યા, અને મોક્ષનું દ્વાર ગુણાતીતાનંદ સ્વામી પાસે મૂકી ગયા. પછી પરંપરા ચાલી - ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ. આ સત્પુરુષો વચનામૃતના સારનો સાર છે. તે આપણને મળ્યા છે, કલ્યાણનો મુદ્દો હાથમાં આવી ગયો છે, પણ ભગવાનને રાજી કરવા ધર્મ-નિયમ બરાબર પાળવા. તેમનામાં પ્રતીતિ લાવીને તેમના વચન પ્રમાણે રહેવું.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ તુલાવિધિ આરંભાયો. કલાત્મક તુલાના એક પલ્લામાં શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. યુગાન્ડામાં હરિભક્તો દ્વારા વચનામૃતની કુલ ૬૪ હસ્તલિખિત પ્રતો તૈયાર થઈ હતી. ત્યાગવલ્લભદાસ સ્વામી અને ત્યારબાદ વડીલ સંતોએ ક્રમશઃ પ્રત તુલામાં પધરાવી. આમ, ક્રમબદ્ધ પ્રતો મુકાતી ગઈ. છેલ્લે તમામ હરિભક્તોના લખાણમાંથી એક-એક પાનું લઈને બનાવવામાં આવેલી એક સંપૂર્ણ પ્રતનું સ્વામીશ્રીએ ચંદન અને પુષ્પથી પૂજન કર્યું. પછી તે પ્રત તુલામાં પધરાવી તે સાથે જ હરિકૃષ્ણ મહારાજનો તુલા-વિધિ સંપન્ન થયો.

વળી, આજે સવારે સ્વામીશ્રીએ લીરા(યુગાન્ડા) તથા બુસીયા(યુગાન્ડા) ગામમાં રચાયેલા નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

વિધિના અંતે સ્વામીશ્રી અને ત્યાગવલ્લભદાસ સ્વામીએ મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી. આ પ્રસંગે ઉપસ્થિત આ ગામોના હરિભક્તો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી હતી.

## સંપ દિન

તા. ૩-૯-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં 'સંપ દિન' નિમિત્તેની સભા યોજાઈ હતી. સ્વામીશ્રીના મનગમતા વિષય પર યોજાયેલી સભામાં 'કળિયુગમાં સત્યુગ' સંવાદ રજૂ થયો હતો. જેમાં અહંકાર, કુસંપને લીધે ઘરમાં કેવો કલહ થાય છે અને સંપીલા પરિવારમાં કેવી પ્રગતિ, સમૃદ્ધિ અને શાંતિ જળવાઈ રહે છે તે દર્શાવાયું. સંપીલા પરિવારે 'ઘરસભા'ની આદર્શ રીત બતાવી કહ્યું, 'આ બધું શક્ય બને છે - સત્સંગ અને સત્પુરુષના બળથી.'

અંતે સરસ વાક્યો બોલાયાં: 'સંપ હશે તો સત્યુગનો સૂર્યોદય થશે. સંપનું આહ્‌વાન = સત્યુગનું આહ્‌વાન.'

સારરૂપે કીર્તનની પંક્તિઓ ગુંજી: 'કરીએ સંપનું આહ્‌વાન, થશે કુટુંબનું કલ્યાણ; કરીએ સંપનું આહ્‌વાન, મળશે શાંતિનું વરદાન; કરીએ સંપનું આહ્‌વાન, જો હોય રાજીપાનું તાન.'

સંપની પરિભાષા સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે સંપ માટે વાત કરી - ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું. આ એક જ લીટીમાં બધું આવી ગયું! સંવાદમાં આવ્યું, 'વડીલ હોય તેનું સાંભળવું.' તો પ્રમુખસ્વામી મહારાજ તો સત્પુરુષ છે. એમના વચન માનીએ તો કાંઈ બાકી રહે નહીં, પણ મનધાર્યું કરીએ એટલે બધું બગડે.

સંપ માટે 'મારે સંપ રાખવો છે.' એ નક્કી કરવું. બીજા પાસે સંપની આશા ન રાખવી. સંપ માગે તે વાજબી નથી. પ્રમુખસ્વામી મહારાજે સંપ માટેની જે ચાર વાત કરી તેમાં બધું આવી જાય છે. હવે ના સમજો તો તમારાં નસીબ!''

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી દિન

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાં ભક્તિભર્યા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ કાર્યક્રમો દ્વારા આબાલ-વૃદ્ધ સૌ કોઈ પ્રાણપ્યારા ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભક્તિવંદના કરી કૃતાર્થતા અનુભવે છે.

તાજેતરમાં તા. ૫-૯-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી દિન' ભક્તિભાવથી ઊજવાયો હતો. આજની આ વિશિષ્ટ સભા અને મહંત સ્વામી મહારાજના કંપાલા ખાતેના રોકાણની અંતિમ સભાનો લાભ લેવા મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો પધાર્યા હતા.

યોગી સભામંડપમાં ધૂન-પ્રાર્થનાગાનથી સભાનો પ્રારંભ થયો. સ્વામીશ્રી પધાર્યા તે પૂર્વે સુંદર કાર્યક્રમો માણતા સૌ પ્રમુખસ્વામીમય બની ગયા હતા. યુવકોએ જોમભર્યા ભક્તિનૃત્ય દ્વારા સ્વામીશ્રીના આગમનને વધાવી તેમનાં ચરણે ભક્તિવંદના કરી.

કિશોરો-યુવકોએ દિનને અનુરૂપ 'સાચા સંત' સંવાદની સુંદર પ્રસ્તુતિ કરી. જેમાં પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોની પ્રશંસા કરતા સંસ્થાના પાયાના હરિભક્તોના પાત્રમાં કિશોરો-યુવકો-વડીલોએ પ્રમુખસ્વામી મહારાજનાં ગુણગાન ગાયાં. મંચની પાર્શ્વભૂમાં રહેલા સ્ક્રીન પર પ્રસંગાનુરૂપ દૃશ્યો માણતા સૌ રોમાંચિત થઈ ઊઠ્યા હતા. સંવાદની સમાપ્તિ બાદ ભક્તિભાવપૂર્વક બનેલા હાર-ચાદરથી સંતો-હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવી આશીર્વાદ મેળવ્યા.

પ્રગટ સત્પુરુષનાં ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પવાનો હવે વારો આવ્યો - બાળકોનો. એક સ્કિટના માધ્યમથી બાળકોએ વિવિધ સંકલ્પો દ્વારા પોતાના હૃદયમાં સ્વામીશ્રીને સદાય રહેવાની મનોભાવના વ્યક્ત કરી. સ્વામીશ્રીએ તેમના પ્રત્યેક સંકલ્પના અંતે હકાર ભણી હંમેશાં હૃદયમાં રહેવાનો કૉલ આપી દીધો. ત્યારપછી એક બાળકે ઝિલાવેલી સુંદર પ્રાર્થનાનો સ્વીકાર કરતાં સ્વામીશ્રીએ તેના પર પ્રસન્નતા વરસાવી હતી.

આજની વિશિષ્ટ સભામાં ઉપસ્થિત સૌ પર આશીર્વાદનો અભિષેક કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''બાળકોએ જે વાત કરી તે પ્રમાણે આપણે રહીએ તો અક્ષરધામમાં જ છીએ. આવવા-જવાનું છે જ નહીં. અનંત જન્મથી કુટારો કરીએ છીએ, પણ આ જન્મ મહારાજ-સ્વામી માટે કાઢવો. તેમને આગળ રાખીને કાર્ય કર્યે રાખો તો તમારું કાર્ય -વ્યવહાર બધું નિર્ગુણ થઈ જાય. બીજું બધું કરીએ તે બરાબર છે ને કરવાનું છે, પણ મહારાજ-સ્વામીને મનમાં ધારીને બધું કરો. આ છ-સાત દિવસના સત્સંગનો સાર બધો આમાં આવી ગયો એટલે આ ચૂકતા નહીં.

શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાપ્તિની જે વાત સમજાવી છે તેને હૃદયમાં રાખીને ધર્મ-નિયમ, સંપ-સુહૃદભાવ-એકતા દૃઢ કરીને બધામાં દિવ્યભાવ રાખવો. આ બધું એકમેક સાથે સંબંધિત છે. એટલે તે મનમાં દૃઢ રાખીને ઉપાસનાની દૃઢતા રાખવી.''

આજની સભામાં મહંત સ્વામી મહારાજનો ખૂબ ખૂબ કૃપાલાભ માણી, પ્રમુખસ્વામી મહારાજનાં ગુણગાન ગાતાં સૌ વિદાય થયા હતા.

આમ, સતત નવ દિવસ સુધી કંપાલાની ભૂમિ પર અસંખ્ય હરિભક્તોની સત્સંગ-ભક્તિને ખૂબ પોષણ આપી, સૌને બ્રહ્માનંદમાં રાચતા કરી સ્વામીશ્રીએ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ પ્રતિ પ્રયાણ કર્યું હતું.

## યુગાન્ડામાં લોકનેતાઓ અને મહાનુભાવોએ લીધી સ્વામીશ્રીની દર્શન-મુલાકાત...



*પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આફ્રિકા યાત્રા દરમ્યાન વિવિધ દેશોના રાજકીય મહાપુરુષો, ઉચ્ચ પદાધિકારીઓ તેમની વ્યક્તિગત મુલાકાતે પધાર્યા હતા. સ્વામીશ્રીની સાધુતાથી પ્રભાવિત થતા તમામ મહાનુભાવોએ પોતાની અંતરોર્મિઓથી સ્વામીશ્રીને નવાજ્યા હતા.*

*તા. ૪-૯-૨૦૧૯ના રોજ યુગાન્ડાના વડાપ્રધાન ભવન ખાતે વડાપ્રધાનશ્રી રુહાકાના રુગુન્ડાએ સ્વામીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે યુગાન્ડાના રાષ્ટ્રપ્રમુખ શ્રી મુસેવિનીને પણ પૂર્વે સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત થયા છે. વડાપ્રધાન ભવનમાં સ્વામીશ્રીને સત્કારતાં વડાપ્રધાનશ્રી રુગુન્ડા બોલી ઊઠ્યા હતા: 'યુગાન્ડામાં અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.'*

*સંતો અને અગ્રણી હરિભક્તો સાથેના વાર્તાલાપ દરમ્યાન વડાપ્રધાનશ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં માનવસેવાનાં વિરાટ કાર્યો વિવિધ પ્રવૃત્તિઓથી ખૂબ પ્રભાવિત થતા રહ્યા. પૂર્વે તેઓએ દિલ્હી ખાતેના સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત પણ લીધી છે. આથી, તેઓ વાર્તાલાપ દરમ્યાન અક્ષરધામ અને બી.એ.પી.એસ. સંસ્થાને બિરદાવતા રહ્યા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જીવનસંદેશ વિશે માહિતી મેળવતાં વડાપ્રધાનશ્રી બોલી ઊઠ્યા હતા: 'આ બધા ખૂબ જ શક્તિશાળી સંદેશ છે. યુગાન્ડાને આપ પોતાનો દેશ જ માનજો.' એમ કહીને તેમણે અહીં આવવા બદલ સ્વામીશ્રી અને સંતોનો આભાર માન્યો હતો.*

*તા. ૫-૯-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની મુલાકાતે યુગાન્ડાના ફાઈનાન્સ મિનિસ્ટર શ્રી માટિયા કસૈજા (Matia Kasaija) અને યુગાન્ડાની સુપ્રીમ કોર્ટના ડેપ્યુટી ચીફ જસ્ટિસ શ્રી ઓવીની ડોલો(Owiny Dollo)એ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ માણ્યો હતો. તેઓએ પણ સ્વામીશ્રીના આગમન બદલ તેઓનું સ્વાગત કરતાં હર્ષ વ્યક્ત કર્યો હતો. સ્વામીશ્રીએ બંને મહાનુભાવોને મળી યુગાન્ડા દેશની પ્રગતિ માટે આશીર્વાદ આપ્યા હતા.* ◆



## દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં ભક્તોને કૃતાર્થ કરતા સ્વામીશ્રી...

*નવખંડ ધરતીમાં અધ્યાત્મનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો આફ્રિકા ખંડ પણ સદાય ઋણી રહેશે. પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના વિવિધ દેશોનાં અગ્રગણ્ય શહેરોમાં પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ.નાં મંદિરો રચી અધ્યાત્મિક પ્રભાત ખીલવ્યું છે.*

*દક્ષિણ આફ્રિકાના મહાનગર જોહાનિસબર્ગના મેફેર ઉપનગરમાં ચર્ચ ખરીદી એ ધર્મસ્થાનમાં એક નમણું-નાજુક મંદિર રચ્યું હતું. હિંદુ સંસ્કૃતિના ધામ સમા આ બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૨૨-૯-૧૯૯૧ના રોજ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી, અહીં સત્સંગનાં અજવાળાં પ્રસરાવ્યાં હતાં. પરિણામે અહીં સત્સંગની ધારા વધુ ને વધુ વેગથી વહેતી થઈ રહી.*

*વહેતા સમયની સાથે સાથે અહીં સત્સંગમંડળનો વિકાસ થયો અને ભક્તોની સંખ્યામાં પણ પ્રમાણમાં સારો વધારો થતો ગયો. પરિણામ સ્વરૂપે આ મંદિર નાનું પડવા લાગ્યું. આથી આ વિસ્તારમાં એક મોટું મંદિર રચાય તેવો સંકલ્પ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે કર્યો અને હરિભક્તોના સમર્પણભાવથી અહીં શિખરબદ્ધ મંદિરનાં મંડાણ થયાં.*

*સન ૨૦૧૭મા આફ્રિકાની યાત્રાએ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૫-૩-૨૦૧૭ના શુભ દિને જોહાનિસબર્ગ-લેનેશિયા હાઈવે પર નોર્થ રાઈડિંગ વિસ્તારમાં સંપાદિત કરેલી ૧૭ એકરની વિશાળ ભૂમિ પર નૂતન બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ કરી મંદિરનિર્માણનો શુભારંભ કરાવ્યો હતો.*

*આ વખતની દક્ષિણ આફ્રિકાની યાત્રાએ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જોહાનિસબર્ગ ખાતે રચાઈ રહેલા બી.એ.પી.એસ. મંદિરની એ પ્રાસાદિક ભૂમિ પર પધાર્યા હતા. આ ભૂમિ પર ૧૪ દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ આધ્યાત્મિક લાભની ઝડી વરસાવી હતી, તેની અહીં એક ઝાંખી મેળવીએ...*

### આગમન

તા. ૬-૯-૨૦૧૯ના રોજ કંપાલાથી સૌની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રી દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગ ખાતે પધાર્યા હતા. ઍરપોર્ટ પર સંતો-હરિભક્તોનું સ્વાગત-સન્માન સ્વીકારી સ્વામીશ્રી 'નોર્થ રાઈડિંગ' વિસ્તારમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ભૂમિ પર પધાર્યા. દર્શનાર્થે પધારેલા હરિભક્તોએ ગગનભેદી જયનાદોથી ગુરુહરિને વધાવ્યા હતા. સર્વત્ર ઉમંગ-ઉલ્લાસ છાઈ રહ્યો હતો. સભાખંડમાં પધારી સૌને દર્શનલાભ આપ્યો. બાળકોએ નૂતન મહાપૂજાના મંત્રોનું ગાન કર્યું. તે દરમ્યાન સંતો-હરિભક્તોએ હાર-ચાદર-નૈવેદ્ય-છત્ર-ચામર વગેરેથી શ્રી હરિકૃષ્ણ મહારાજ

અને સ્વામીશ્રીને સન્માન્યા. અંતમાં સૌએ સમૂહ આરતી ઉતારી હરિ અને ગુરુને અભિવંદ્યા. મંત્રપુષ્પાંજલિ દ્વારા ભક્તિઅર્ઘ્ય અર્પ્યું. સ્વામીશ્રીના આગમન નિમિત્તે વિવિધ તપ-વ્રત કરનાર ભક્તોને સ્વામીશ્રીના અંતરના આશિષ સાંપડ્યા હતા.

જોહાનિસબર્ગ ખાતેના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન એક સુંદર વિચાર સાથે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના જીવન-પ્રસંગો આધારિત નિત્ય એક નૂતન પ્રસંગની પ્રભાવક રજૂઆત બાળકો-કિશોરો-યુવકો દ્વારા થઈ હતી. જે માણતા સૌ ગુરુહરિનાં દર્શનમાં તલ્લીન બન્યા હતા.

### સ્વાગત સમારોહ

તા. ૮-૯-૨૦૧૯ના રોજ યોજાયેલી રવિ સત્સંગસભામાં મોટી સંખ્યામાં ઊમટેલા ભક્તો-ભાવિકોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાઉથ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતેના આગમનને વધાવ્યું હતું. સંધ્યા સમયે ધૂન-પ્રાર્થના ગાનથી સભાનો પ્રારંભ થયો. શ્રી હરિકૃષ્ણ મહારાજને અંકમાં ધારણ કરી સ્વામીશ્રી મયૂરાકાર રથમાં બિરાજી સૌને દર્શનલાભ આપતાં સભામાં પધાર્યા.

આજે સવારે પ્રાતઃપૂજામાં 'ભગતજી મહારાજને જે જૂનાગઢ મંદિરેથી નીકળવું પડ્યું હતું ત્યાં જ શાસ્ત્રીજી મહારાજે તેઓનું ભવ્યાતિભવ્ય સન્માન કરાવ્યું' તે પ્રસંગ રજૂ થયો હતો. તેને અનુરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું અત્યારે સ્વાગત કરવામાં આવ્યું!

સ્વામીશ્રીને સન્માનવા સભામાં ઉપસ્થિત રહેલા શ્રી ડેવિડ મખુરા (પ્રીમિયર, ગૌટેંગ પ્રાંત) અને સ્વામીશ્રીએ ઠાકોરજીને આરતી-અર્ઘ્ય અર્પ્યું.

શ્રી ડેવિડે સ્વામીશ્રીને આવકારતાં જણાવ્યું: 'પરમ પાવક મહંત સ્વામી મહારાજનું સાઉથ આફ્રિકામાં સ્વાગત કરું છું. અહીં બી.એ.પી.એસ.નું એક મંદિર અને બહુ સાંસ્કૃતિક કેન્દ્ર રચાશે જે સાઉથ આફ્રિકાનું સૌથી મોટું મંદિર બનશે, તેના શુભારંભમાં ઉપસ્થિત રહેવું એક મોટું ગૌરવ છે. આપણા સમુદાયોની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોને સંતોષવા માટે એક અતિ અગત્યનું પરિસર બનાવવાના નિર્ણય બદલ બી.એ.પી.એસ. અને તેના સ્વયંસેવકોને ધન્યવાદ.

અહીંના મંદિરનું નિર્માણ ગૌટેંગ પ્રાંત માટે અતિ મહત્ત્વનું છે. ગૌટેંગ પ્રાંત આપણા સમુદાયોના આર્થિક અને સામાજિક વિકાસમાં તમારી સાથે રહીને કામ કરશે. હું તમારો આભાર માનું છું અને બી.એ.પી.એસ.ના સભ્યોની પ્રશંસા કરું છું કે તેઓ એક બહેતર દેશના નિર્માણકાર્યમાં ફાળો આપી રહ્યા છે અને આપતા રહેશે.

આપનો ખૂબ ખૂબ આભાર. હું મંદિર-નિર્માણમાં એક સ્વયંસેવક તરીકે ભાગ લેવા માટે અહીં આવવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છું.'

હવે, આજના બાળ દિન નિમિત્તે બાળકો દ્વારા સભાનો મુખ્ય કાર્યક્રમ આરંભાયો. જીવંત સંવાદ દ્વારા બાળકોએ સાઉથ આફ્રિકામાં બી.એ.પી.એસ.નો ઈતિહાસ વર્ણવ્યો. સાથે સાથે યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વિનુભગત(મહંત સ્વામી મહારાજ) ઝિમ્બાબ્વે પધાર્યા અને સાઉથ આફ્રિકાની બોર્ડર પર આવેલા બેઈટ બ્રિજ નીચે સંતો-હરિભક્તો સાથેના મિલનમાં તે વખતે કેવા વાર્તાલાપો થયા તે બાળકો દ્વારા રજૂ થયા.

સંવાદના અંતે સ્વામીશ્રી સહ સૌએ સાઉથ આફ્રિકાની શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી. ત્યારબાદ સ્વામીશ્રીએ બાળકો પર વાત્સલ્ય વરસાવી આશિષ પાઠવ્યા હતા.

### જળઝીલણી ઉત્સવ

તા. ૯-૯-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ 'જળઝીલણી'ના પાવન ઉત્સવે ઠાકોરજીને જળવિહાર કરાવી વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું. પ્રાતઃ પૂજા બાદ આજના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રીની તબિયત થોડી નાદુરસ્ત જણાતાં રૂમમાં જ જળઝીલણીનો ઉત્સવ આયોજિત કર્યો હતો. નાનકડા જળકુંડમાં નાનકડી નાવમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ વિરાજિત થઈ દર્શનલાભ આપી રહ્યા હતા. વિધિવત્ પૂજન થયા બાદ સ્વામીશ્રી અને ત્યાગવલ્લભદાસ સ્વામીએ આરતી ઉતારી. ત્યારબાદ થાળ ધરાવાયો. સ્વામીશ્રીએ પુષ્પાંજલિ કરી ઠાકોરજીને વધાવ્યા. પૂજનવિધિ બાદ ઉત્સવને અનુરૂપ *'આવ્યા હરિ ઊંડને તીરે...', 'દરિયામાં ચાલી હોડી...'* કીર્તનોના તાલે સ્વામીશ્રીએ ઠાકોરજીને જળવિહાર કરાવી વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો.

આજની સંધ્યા સભામાં ૧,૫૦૦ જેટલા ભક્તો-ભાવિકો કીર્તન-ભક્તિનો આસ્વાદ માણતા પ્રભુભક્તિમાં ગુલતાન બન્યા હતા.

### વચનામૃત દિન

તા. ૧૦-૯-૨૦૧૯ના રોજ સંધ્યાકાળે યોજાયેલી સત્સંગ સભા 'વચનામૃત દિન' નિમિત્તેની વિશિષ્ટ સભા બની રહી. આ પ્રસંગે સભા મધ્યેથી પસાર થતા ઠાકોરજીની પાલખીયાત્રા તથા વચનામૃતની હસ્તલિખિત પ્રતોની પોથીયાત્રા મંચ



પર વિરમી. સ્વામીશ્રીની બાજુમાં હરિકૃષ્ણ મહારાજ અને ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ વિરાજમાન હતી. શ્રીજીમહારાજના વખતના હરિભક્તોના પરિવેશમાં પોથીયાત્રામાં જોડાયેલા સંતો-ભક્તોએ સ્વામીશ્રી સમક્ષ બિરાજી વચનામૃતની છટાથી આજના દૃશ્યનું વર્ણન કર્યું હતું.

શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપ સ્વામીશ્રીએ અમૃતવચનો વરસાવતાં કહ્યુંઃ "દાદાખાચરનું નામ વચનામૃતના પાને પાને લખાયું છે. એવા ભક્ત આપણે થવાનું છે. આવા ભક્તને તો ખાલી ભગવાનનું જ સુખ! જેને સમજણ આવી ગઈ હોય તેને ભગવાનનું અખંડ સુખ આવ્યા કરે.

આ સત્સંગ જ દિવ્ય છે. આપણે જ્યાં જઈએ ત્યાં દિવ્યતાની વાતો કરવી. 'સંતો-હરિભક્તો બધા દિવ્ય છે.' આ વાત સમજાઈ જાય ને તો કામ થઈ જાય. એટલે આ દિવ્યતાની વાત પોતે સમજવાની અને બીજાને પણ સમજાવવાની."

હવે સમય હતો – વચનામૃત તુલાનો. પ્રત્યેક સત્સંગ કેન્દ્રની જેમ અહીંનાં હરિભક્તોએ વચનામૃતની હસ્તલિખિત પ્રતો તૈયાર કરી હતી. અહીંની વિશેષતા એ હતી કે લોડિયમ મંડળના હરિભક્તો દ્વારા શ્રીજીમહારાજના સ્વમુખે ઉદ્‌બોધિત બધાં જ એટલે કે ૨૭૩ વચનામૃત મુખપાઠ થયા હતા. અને જે હરિભક્તે જે વચનામૃત મુખપાઠ કર્યું હોય તે વચનામૃત તેમણે જાતે જ લખ્યું હતું. એવી રીતે ૨૭૩ વચનામૃતોની એક પ્રત તૈયાર થઈ હતી! આ જાણી સ્વામીશ્રી અતિશય પ્રસન્ન થયા.

સ્વામીશ્રીએ પુષ્પ છાંટીને પ્રતોનું પૂજન કર્યું. ત્યારબાદ બે નાના મુક્તોએ કરેલા વચનામૃત માહાત્મ્યના શ્લોકોના ગાન સાથે સંતોએ શ્રી હરિકૃષ્ણ મહારાજના સામેના પલ્લાંમાં વચનામૃતોની પ્રતો પધરાવી. અંતિમ પ્રત સ્વામીશ્રીએ પધરાવી તે સાથે જ ઠાકોરજીનો તુલાવિધિ થયો. સૌએ જયજયકારોથી આ ક્ષણને વધાવી. તુલામાં બિરાજમાન ઠાકોરજી તથા વચનામૃતોની પ્રતોની સ્વામીશ્રી તથા સૌએ આરતી ઉતારી ભક્તિભાવ અર્પ્યો.

આજે સવારે સ્વામીશ્રીએ લોડિયમ (પ્રિટોરિયા) મંદિરમાં સ્થાપિત થનારી મૂર્તિઓનો પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સ્વામીશ્રીએ મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી ત્યારે ભક્તોના હૃદયમાં આનંદ-ઉલ્લાસ છવાઈ ગયો હતો.

## વડીલ દિન

તા. ૧૧-૯-૨૦૧૯ના રોજ 'વડીલ દિન'ની સભામાં વડીલોએ ભક્તિભાવ સાથે સુંદર કાર્યક્રમની પ્રસ્તુતિ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર આધારિત ક્વિઝ દ્વારા વડીલોએ પ્રસંગાનુરૂપ સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.

*'મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...'* કીર્તનના તાલે મંદિરના પાર્કિંગ, સિક્યોરિટી, સફાઈ, રસોડા વિભાગના સ્વયંસેવકોએ ક્રીએટિવ રજૂઆત કરી ગુરુહરિનો રાજીપો ઝીલ્યો હતો. અંતે અહીંનું ટ્રસ્ટી મંડળ મંદિરકાર્ય અને અક્ષરધામ સુધી સાથે રહેવાની હૂંડી લઈને સ્વામીશ્રી પાસે આવ્યું. સ્વામીશ્રીએ તે હૂંડી પર મહોર મારી સાથે રહેવાનો કૉલ આપ્યો.

અંતે 'શ્રીજીમહારાજે સેવકરામની સેવા કરી' તે પ્રસંગ સવિસ્તર કહી, સેવાનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ "આવી સેવાથી સ્વામિનારાયણ ભગવાને સેવાનો આદર્શ સ્થાપી દીધો. શિક્ષાપત્રીમાં દેહના અંત સુધી મા-બાપની સેવા કરવાનું કહ્યું છે. આપણા સંપ્રદાયમાં સેવાનું બહુ મહત્ત્વ છે.

અહીં મંદિર રચાવાનું છે તો આપણે બધાએ સેવામાં જોડાઈ જવું, જે રીતે આવડે તે રીતે. પાણી પાવાનીય સેવા થઈ શકે. જેને સેવા કરવી જ છે તે ક્યારેય નવરો હોય જ નહીં. તેના મનમાંય સેવાના વિચાર ચાલતા હોય. દેહે કરીને સેવા ન થાય પણ મનથી તો થાય જ.

દિલ્હી અક્ષરધામ બનતું હતું ત્યારે તેની સાથે બીજાં પાંચ-છ મંદિરોનું કામ ચાલતું હતું. પણ પ્રમુખસ્વામી મહારાજ બધે પહોંચી વળ્યા. તેઓ તો ચોવીસ કલાક મન-કર્મ-વચને સેવા કરતા! એમની તો વાત થાય એમ નથી.

ટૂંકમાં, અહીં મોટું સરસ મંદિર થવાનું છે. એને અનુરૂપ આપણે પણ સેવા કરીએ એ જ પ્રાર્થના.''

સેવાના જીવંત આદર્શ સ્વામીશ્રીએ પ્રેરણાવચનોથી સૌના મન-હૃદયમાં સેવાની ભાવના વધુ પ્રકાશિત કરી દીધી.

## યુવા દિન

તા. ૧૨-૯-૨૦૧૯ના રોજ સંધ્યા સભામાં યુવકોનું સામ્રાજ્ય છવાયું હતું. યુવકોએ રસભર્યા કાર્યક્રમની પ્રસ્તુતિ કરી 'યુવા દિન' ઊજવ્યો હતો. સભાના પૂર્વાર્ધ કાર્યક્રમને નિજકક્ષમાં જ જીવંત પ્રસારણ દ્વારા માણી સ્વામીશ્રી નાદુરસ્ત તબિયત વચ્ચે પણ સભામાં પધાર્યા. સૌને દર્શનલાભ આપી, યુવકોનો ભક્તિભાવ સ્વીકાર્યો.

યુવકોએ સંવાદ દ્વારા 'મહંત સ્વામી મહારાજ તથા ત્યાગવલ્લભ સ્વામી આદિ સંતો મુંબઈમાં હતા, ત્યાં કેવી પરિસ્થિતિ હતી? તેઓ કઈ સેવાઓ કરતા? અને તેઓ કઈ રીતે સેવાનું પ્રતિપાદન કરતા' તેની સુંદર રજૂઆત કરી હતી. સ્વામીશ્રીની તે વખતની સ્મૃતિઓ અને તેમાંથી પ્રગટતા તેઓના ગુણો સાંભળી સૌ ભક્તજનો નતમસ્તકે ગુરુહરિને વંદી રહ્યા.

ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સ્વામીશ્રીનો મહિમા ગાઈ, કહ્યું, 'યોગીબાપાના માર્ગદર્શન અને મહંત સ્વામી મહારાજના નેતૃત્વ નીચે અમે પણ સાધુતામાં આગળ વધ્યા.''

વિદાય લેતાં સ્વામીશ્રીએ મંચના એક ખૂણામાં સંવાદના ભાગરૂપે લવાયેલી શાકભાજીની લારીમાંથી એક પછી એક શાક કરમાં ગ્રહી સૌ સભાજનોને સ્મૃતિ આપી. આમ, અણધાર્યો હાટડી ઉત્સવનો લાભ મળતાં સૌ ભક્તજનો આનંદમાં ગરકાવ થઈ ગયા હતા.

**દીપ-આરતી દ્વારા ૮૬મા પ્રતીક જન્મોત્સવે વધાવ્યા ગુરુહરિ મહંત સ્વામી મહારાજને...**



તા. ૧૩-૯-૨૦૧૯ એટલે ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો તારીખ પ્રમાણે ૮૬મો જન્મદિન. ગુરુહરિની પ્રત્યક્ષ નિશ્રામાં જ તેમની જન્મજયંતી ઊજવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું - જોહાનિસબર્ગના હરિભક્તોને. આ પ્રસંગે વહેલી સવારથી જ વિશાળ સંખ્યામાં ભક્તો ગુરુહરિનાં દર્શને ઊમટ્યા હતા.

દીપમાળાની શોભા વચ્ચે સુંદર સજાવેલા મંચ પરથી સૌને પૂજાદર્શનનો લાભ આપ્યો. સ્વામીશ્રીને જન્મજયંતી અવસરે વધાવતાં સંગીતવૃંદે કીર્તનોનું ગાન કરી ભક્તિવંદના કરી હતી. સ્વામીશ્રીના અહીંના આગમન નિમિત્તે ૧૫ યુવકોએ ૮૬,૦૦૦ દંડવત કરી ગુરુહરિના ચરણે વિશેષ ભક્તિ અદા કરી હતી.

સાયંકાળે યોજાયેલી જન્મોત્સવની મુખ્ય સભાનો મધ્યવર્તી વિચાર હતો: *'એવા સંતને નામું હું શીશ...'* નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત-ચિંતામણિમાં વર્ણવેલા સાચા સંતનાં લક્ષણો પૈકીના છ લક્ષણો ધ્રુવપંક્તિ સાથે અદ્‌ભુત રીતે ગૂંથાઈને રજૂ થયાં હતાં. જેમાં ગવાતી કડીમાં ઉલ્લેખિત સદ્‌ગુણ ગુરુહરિ પ્રમુખસ્વામી



મહારાજમાં ઉત્કૃષ્ટપણે હતો તે વીડિયો-સંવાદથી દર્શાવવામાં આવ્યું હતું. ત્યારપછી એ જ સદ્‌ગુણ અત્યારે ગુરુહરિ મહંત સ્વામી મહારાજમાં સાંગોપાંગ રહેલો છે તે સંતોએ પ્રાસંગિક વક્તવ્યોમાં જણાવ્યું હતું.

સભામાં પધારેલા ડૉ. ઝવેલી મખિઝી (આરોગ્ય મંત્રી, દક્ષિણ આફ્રિકા)એ સ્વામીશ્રીને આવકારતાં જણાવ્યું: 'સ્વામીજી જેવા ઉચ્ચ ધર્મનેતા આ દેશની મુલાકાત લઈ રહ્યા છે ત્યારે હું તેમને આવકારું છું. તેઓ માત્ર સાઉથ આફ્રિકા દેશના એક સમુદાયના જ ધર્મનેતા નથી, પરંતુ તેઓ એક એવા ધર્મનેતા છે કે જેમના પ્રત્યે સાઉથ આફ્રિકન તરીકે આપણને સૌને પૂજ્યભાવ છે અને તેમની પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરીએ છીએ. હું અહીં સ્નાતકો, વેપારીઓ, વ્યાવસાયિકો, વકીલ, એકાઉન્ટન્ટ, ફાર્માસિસ્ટ, ડૉક્ટર વગેરેને મળ્યો છું કે જે નિઃશુલ્ક સેવા કરી રહ્યા છે. સ્વયંસેવકની ભાવનાથી એક બનીને સેવા કરી રહ્યા છે.

આજે અતિ અતિ અગત્યનો પ્રસંગ ઊજવાઈ રહ્યો છે, સ્વામીજી આપને જન્મદિવસના અભિનંદન! આપ ઘણાં ઘણાં વર્ષો સુધી શ્રેષ્ઠ નેતૃત્વ આપતા રહો, પ્રેરણાસ્રોત બની રહો, આદર્શ બની રહો અને પ્રજ્ઞારૂપી તેજનું પ્રતીક બની રહો; જે અમને, અમારા દેશને અને અમારી સમગ્ર પ્રજાને માટે આદર્શ બનીને અમને એક સારો દેશ, સારી પ્રજા અને સારો સમાજ બનવા તરફ દોરી જાય. હું આપને જન્મદિવસની સર્વશ્રેષ્ઠ શુભેચ્છા પાઠવું છું. આપ સર્વનો આભાર.'

આ પ્રસંગે ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું: 'મહંત સ્વામી મહારાજ બોલે છે ઓછું, પણ તેઓ જે બોલે છે તે સારનો સાર હોય છે. તેઓને ગમતા ગુણો આપણે જીવનમાં ઉતારીશું તો તેઓની જન્મજયંતી ઊજવી સાર્થક ગણાશે. તેઓના રુચિ-અભિપ્રાયના માર્ગે આપણે આપનું જીવન કંડારી શકીએ એ જ પ્રાર્થના.' બોધવચનો બાદ યુવાવૃંદે *'ગુણોના મહાસાગર મહંત સ્વામી જગથી ન્યારા...'* કીર્તનના તાલે ઉમંગ-ઉત્સાહભેર ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીને વધાવ્યા.

પોતાના જન્મદિને મળેલા સન્માનનો યશ-કળશ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં ધરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ સન્માન આપણને ન હોય. મહારાજ-સ્વામી કર્તા છે. તેઓને આગળ રાખીએ તો આપણને વાંધો ન આવે. હરિકૃષ્ણ મહારાજને આગળ રાખ્યા એટલે આપણું બધું કામ આગળ ને આગળ ચાલે છે.

આ દિવ્ય સત્સંગ મળ્યો છે તેને બરાબર પચાવવો. સત્સંગ કરવામાં ઢીલ ન કરવી. જીવમાં સત્સંગ અને બહાર - બધે સત્સંગની છોળો ઊડે તો એવા સુખી થઈએ કે ન પૂછો વાત! આવા બધા ગુણોથી શ્રીજીમહારાજ ખૂબ રાજી થાય છે. માટે આપણે હરિભક્તોના ગુણગાન ગાવાં. મોટામાં મોટી કલમ અભાવ-અવગુણની છે. તે બધું નષ્ટ કરી દે. તમે ઊંચાઈ પર હો ને રાંક બનાવી દે. શ્રીજીમહારાજથી માંડીને કોઈ ગુરુએ અભાવ-અવગુણને સમર્થન આપ્યું નથી. અભાવ-અવગુણ હોય તો સુખ આવે જ નહીં.


અભાવ-અવગુણ જીવમાંથી કાઢી નાંખવાના છે. અને કદાચ અભાવ-અવગુણ લેવાઈ ગયો હોય તો નાનું-મોટું પ્રાયશ્ચિત્ત કરવું. આવું કરીએ તો સદાય સુખિયા.''

આશિષવચનો બાદ સ્વામીશ્રી ઠાકોરજીને અંકમાં ધારણ કરી, નેત્ર મીંચીને મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા! સૌ સંતો-ભક્તોએ ગુરુ અને હરિના આવાં અલૌકિક દર્શન કરતાં મંત્રપુષ્પાંજલિ તેઓનાં ચરણે અર્પણ કરી. ત્યારબાદ ઉપસ્થિત ચાર હજાર જેટલા ભક્તોએ સમૂહ આરતી ઉતારી હરિ અને ગુરુને ચરણે અભિવંદના કરી હતી.

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી દિન

તા. ૧૫-૯-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભક્તિઅંજલિ અર્પતા યુવકો-કાર્યકરોએ 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી દિન' ભક્તિભાવપૂર્વક ઊજવ્યો હતો. સભાનો મુખ્ય કાર્યક્રમ એક પરિસંવાદરૂપે રજૂ થયો હતો. જેમાં ચાર વૃંદો વચ્ચે વાર્તાલાપ થયો કે 'પ્રમુખસ્વામી મહારાજે કરેલાં વિરાટ કાર્યો પૈકી તેમનું કયું કાર્ય સર્વશ્રેષ્ઠ?'

અંતે સ્વામીશ્રીને પૂછવામાં આવતાં સ્વામીશ્રીએ જણાવ્યું, 'પ્રમુખસ્વામી મહારાજનાં બધાં જ કાર્ય મહાન હતાં.' વિશેષમાં ગુરુહરિના ગુણ ગાતાં તેઓ કહે, 'પ્રમુખસ્વામી મહારાજને ભગવાનનો મહિમા, સંતોનો મહિમા, હરિભક્તોનો મહિમા, નાનામાં નાના માણસનો મહિમા. એને લીધે તેઓ કાર્ય કરી શકે છે. માટે આપણે જીવનમાં ઉદાસીનતા આવે, કંઈક ઢીલા પડાય ત્યારે પ્રમુખસ્વામી મહારાજને યાદ કરીને પાછી એનર્જી મેળવવી.'



'સ્વામીજીનો શાંતિનો ઉપદેશ, સંપનો ઉપદેશ, નમ્રતાનો ઉપદેશ, સહિષ્ણુતાના ઉપદેશની માત્ર હિન્દુ સમુદાયને જ નહીં, પણ સમગ્ર સાઉથ આફ્રિકાને પણ ખૂબ જરૂર છે. સ્વામીજીના ઉપદેશો આપણને નમ્રતા શીખવે છે. એક દેશ અથવા એક સમુદાય સામે ઉપસ્થિત થતા વિવિધ પડકારોને તંદુરસ્ત કરવા માટે ખૂબ તે મદદરૂપ છે. તેમના ઉપદેશો એક સમુદાય માટે જ નહીં પણ સમગ્ર માનવજાત માટે છે.

અહીં જોહાનિસબર્ગમાં આ વિશાળ પરિસરમાં પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધનું સૌથી મોટું હિન્દુ મંદિર તૈયાર થઈ રહ્યું છે. આ મંદિર બનાવવા માટે અમારા દેશની પસંદગી કરી તે બદલ સ્વામીજી! આપનો આભાર.'

**– ડૉ. ઝવેલી મખિઝી** (મંત્રીશ્રી, દક્ષિણ આફ્રિકા)

આજની સભામાં ઉપસ્થિત પૌલ મશેટીલે (ટ્રેઝરર જનરલ, આફ્રિકન નેશનલ કોંગ્રેસ) પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અહીં નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિર, મંદિરનું સંકુલ, સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાભાવના અને બી.એ.પી.એસ. સંસ્થાનાં વિરાટ કાર્યોની પ્રશંસા કરી, પ્રમુખસ્વામી મહારાજને શબ્દસુમન અર્પતાં જણાવ્યું: ''આજ દિન સુધી આપણે પ્રમુખસ્વામી મહારાજની પ્રેમાળ સ્મૃતિઓ સાથે લઈને ઘૂમી રહ્યા છીએ; જેઓ સરળ, નમ્ર અને કરુણામય જીવન જીવ્યા છે. તેઓએ વ્યક્તિગત કીર્તિ અને મહિમા પાછળ દોટ મૂકી નથી, પણ તેઓ રસ્તા પરના સામાન્ય માનવીની સાથે સારી રીતે જોડાઈ શક્યા છે. તેઓ લાખોને સહાનુભૂતિ આપી શક્યા છે. તેઓના દુઃખમાં ભાગીદાર થયા છે અને તેમનામાં નવી આશાનો સંચાર કર્યો છે. આપણે સૌ પણ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવીએ, તેઓના વારસાને જીવંત રાખીએ, તેમના જેવા બનવા પ્રયત્ન કરીએ. તેઓની ભાવનાઓ આપણને માર્ગદર્શન આપતી રહેશે, તેમનો વારસો આપણને શ્રેષ્ઠ બનાવવા માટે પ્રેરણા આપતો રહેશે.''

અંતે ગુરુહરિના ગુણલા ગાતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ખરેખર! પ્રમુખસ્વામી મહારાજે બીજા માટે પોતાની કાયા વાટી નાંખી. એમની એક સેકન્ડ પણ વ્યર્થ ગઈ નથી. હાલતાં ચાલતાં હરિભક્તો, સંતો, સંસ્થા અને સમાજનો જ વિચાર! એક એક સેકન્ડ આપણા હિત, શ્રેય, કલ્યાણ માટે કાઢી છે ને સૌને સુખિયા કર્યા છે, ન્યાલ કર્યા છે! માટે ગમે એટલી મુશ્કેલી આવે, કઠણાઈ આવે, દેશકાળ આવે તો મહારાજ-સ્વામી અને પ્રમુખસ્વામી મહારાજને યાદ કરજો તો તમને તાત્કાલિક બળ મળશે.

શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી મહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ બધા સાચા છે. એમની સચ્ચાઈ પર બધો Base (પાયો) છે. આપણા મનમાં હોય કે 'તેઓ તદ્દન સાચા છે', તો જીવમાં એટલું બળ આવશે કે ન પૂછો વાત.''

અંતમાં સ્વામીશ્રીએ, આવતીકાલે સાઉથ આફ્રિકાની 'વાલ રિવર'માં

પધરાવવામાં આવનાર પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પોના કળશોનું વૈદિક પૂજન કરી, આરતી ઉતારી હતી.

## અસ્થિ વિસર્જન

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિ પુષ્પોનું વિસર્જન થતાં સમગ્ર વિશ્વના પવિત્ર અને વિશાળ જળસ્રોતો વધુ પવિત્રતામાં પરિણમ્યા છે. તે ક્રમમાં તા. ૧૬-૯-૨૦૧૯ના રોજ સવારે ત્યાગવલ્લભદાસ સ્વામી તથા સંતોના હસ્તે સાઉથ આફ્રિકાની મોટામાં મોટી નદી 'વાલ રિવર'માં પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પોનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## કિશોર દિન

તા. ૧૭-૯-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કિશોરોએ ધૂન-કીર્તનગાનથી 'કિશોર દિન'ની સભાનો શુભારંભ કર્યો. ત્યારબાદ એક પ્રભાવક કાર્યક્રમની પ્રસ્તુતિ કરતાં કિશોરોએ 'આપ રીઝો એમ રાજી' અંતર્ગત 'કોને રાજી કરવા' તે વિષયક સુંદર પરિસંવાદ યોજ્યો હતો. સંવાદ નિહાળતા સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક કિશોરો પર અમીદૃષ્ટિ કરી હતી અને સ્મૃતિ આપતાં આશીર્વાદરૂપે લખ્યું: 'મહારાજ-સ્વામીની આજ્ઞામાં જ સુખ છે, પ્રગતિ છે અને મોક્ષ છે.' સૌ કિશોરોએ આ સ્મૃતિ-આશિષને તાળીનાદથી વધાવ્યાં. અંતમાં કિશોરોએ *'મહાબળવંત માયા તમારી...'* પ્રાર્થનાનું ગાન કર્યું હતું.

અંતે સૌને આજ્ઞાપાલનનો ઉપદેશ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ગુણાતીત પુરુષોએ આજ્ઞા યથાર્થ પાળી છે, ફેરફાર કર્યો નથી. માટે આપણે પણ આજ્ઞા યથાર્થ પાળવી. તેમાં ફેરફાર થવા દેવો નહીં. આપણે સૌ મોક્ષ માટે ભેગા થયા છીએ - એ અંતિમ લક્ષ્ય છે. તેના માટે ભગવાન અને સંતનો રાજીપો જોઈએ. મહિમા-દાસભાવ-સંપ-સુહૃદભાવ જોઈએ. આ બધા ગુણો હોય તો આપણને મોક્ષને માર્ગે આગળ ધપાવે. મહારાજ-સ્વામીની કોઈપણ આજ્ઞા બરાબર પાળશો તો તે તેમને મોક્ષને માર્ગે લઈ જશે.''



'જોહાનિસબર્ગની પ્રજા વતી હું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને આવકારું છું. દક્ષિણ આફ્રિકામાં બી.એ.પી.એસ. સંસ્થા છેલ્લાં ૨૮ વર્ષોથી સમાજ સેવાઓ કરી રહી છે. રંગભેદની નીતિથી માંડીને આજની લોકશાહીનો સુખદ સમયગાળો આપણે માણી રહ્યા છીએ; તેમાં બી.એ.પી.એસ. સંસ્થાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક માર્ગદર્શને અમને ખૂબ મદદ કરી છે. મને ખાતરી છે કે બી.એ.પી.એસ. સંસ્થા સાઉથ આફ્રિકાના અત્યારના પડકારના સમયમાં પણ અમારો હાથ પકડી રાખશે. આપ જોહાનિસબર્ગ શહેરના આધ્યાત્મિક માર્ગદર્શક અને અમારા લોકોના વિકાસ માટેના મૂલ્યવાન સાથીદાર છો.'

**– મેયર શ્રી હર્મન મશાબા** (જોહાનિસબર્ગ)

## શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિ પર્વ

તા. ૧૮-૯-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. સંસ્થાના આદ્યસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ હતું. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં શાસ્ત્રીજી મહારાજને ભક્તિઅંજલિ અર્પતાં સંગીતવૃંદે મહિમા-કીર્તનોનું ગાન કર્યું હતું. પૂજા બાદ સ્વામીશ્રીએ મંગલ પ્રવચનમાં શાસ્ત્રીજી મહારાજે આપેલા અક્ષરપુરુષોત્તમના વૈદિક જ્ઞાન અને તેમનાં વિરાટ પ્રદાનોની ઝાંખી કરાવી તેઓના ચરણે ભક્તિભાવ અર્પ્યો હતો.

સાયંકાળે સ્મૃતિપર્વ નિમિત્તે વિશિષ્ટ સભાનો પ્રારંભ થયો. શાસ્ત્રીજી મહારાજ જેવું ફાળિયું બાંધી સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે સૌ ગુરુહરિનાં આવાં અલૌકિક દર્શન પામી પુલકિત થઈ ઊઠ્યા હતા. બાળકો-યુવકોએ પ્રાસંગિક પ્રવચનોમાં શાસ્ત્રીજી મહારાજને ભક્તિવંદના કરી હતી.


આજે સ્વામીશ્રીનાં મુલાકાત-દર્શને પધારેલા જોહાનિસબર્ગના મેયરશ્રી હર્મન મશાબા સ્વામીશ્રીને મળી અને સભાના કાર્યક્રમો માણી ખૂબ જ પ્રભાવિત થયા હતા. સભામાં સ્વામીશ્રી અને શ્રી મશાબાએ ઠાકોરજીને આરતીઅર્ઘ્ય અર્પ્યું. ત્યારપછી શ્રી મશાબાએ હૃદયની ભાવનાઓ વ્યક્ત કરતાં જણાવ્યું: 'આપ અમારા સાઉથ આફ્રિકાના પથદર્શક બનો, જોહાનિસબર્ગના પથદર્શક બનો. હું આપનો સંદેશ, આપની આ શહેર અને દેશ માટેની પ્રતિબદ્ધતા અમારા રહેવાસીઓ સુધી પહોંચાડી શકું તેવી આશા રાખું છું. અને આપનો આભાર માનું છું.'

આજની સભામાં અહીંના પ્રસિદ્ધ મઝાન્ઝી યુથ ક્વાયર નામના આફ્રિકન ગ્રૂપના કિશોરોએ પોતાની શૈલીમાં ગીતોનું ગાન કરી સ્વામીશ્રીની આશીર્દૃષ્ટિ ઝીલી હતી.

અંતમાં સ્વામીશ્રીએ મેયરશ્રીનો આભાર માની ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનાં ગુણાનુગાન ગાતાં

જણાવ્યું: ''શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ન થયા હોત તો કેટલી મોટી ખોટ આવત! પણ તેઓ પ્રગટ થયા ને એવું કાર્ય કર્યું કે અનંતકાળ સુધી તેની મહત્તા રહેશે. આપણાં તો મોટાં ધન્યભાગ્ય છે. માટે આપણે બળમાં રહેવું ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના કાર્યને શોભાડવું. આપણે પણ એવું કાર્ય કરવાનું છે, બેસી રહેવાનું નથી. બધા એક થાય, બધામાં સંપ રહે, આ દેશ સુખી થાય અને બધા સુખી થાય એ જ પ્રાર્થના.''

જોહાનિસબર્ગ ખાતેના સ્વામીશ્રીના રોકાણની આ અંતિમ સભા હતી. સંતો-ભક્તોએ કલાત્મક હાર-ચાદર અર્પણ કરી સ્વામીશ્રીને વિદાય આપી. સમગ્ર આફ્રિકાનાં મહિલા ભક્તોએ ૧,૩૦,૦૦૦ કરતાં વધુ મમરાઓ પર 'સ્વામિનારાયણ' મહામંત્ર લખી



બનાવેલો કલાત્મક હાર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યો ત્યારે સ્વામીશ્રીએ તરત જ તે હાર મેયરશ્રીને પહેરાવ્યો. મેયરશ્રીના મુખ પર આનંદ સાથે અહોભાવ ઊભરાઈ આવ્યો હતો.

જોહાનિસબર્ગ ખાતે સ્વામીશ્રીએ આપેલા અનહદ સત્સંગલાભથી સૌ એટલા તો આભારવશ થઈ ગયા હતા કે તાળીઓના નાદ વચ્ચે સૌએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી, ભારે હૈયે સ્વામીશ્રીને વિદાય આપી હતી.


આજના પવિત્ર પર્વે સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલા દૂધપાકનો પ્રસાદ લઈ સૌએ વિદાય લીધી હતી.

આમ, સતત ૧૪ દિવસ સુધી જોહાનિસબર્ગ ખાતેના રોકાણ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે હજારો મુમુક્ષુઓને સત્સંગ-ભક્તિના રંગે રંગી દીધા હતા. સૌના અંતરમાં અનન્ય ભક્તિભાવ ભરી સ્વામીશ્રી કેન્યાની રાજધાની નૈરોબી પધાર્યા હતા. (નૈરોબી ખાતે સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગલાભને આવતા અંકમાં માણીશું...)

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆


નૂતન પ્રકાશન

₹ ૨૦૦/-




પ્રગટ થઈ ચૂક્યો છે વિસ્તૃત જીવનચરિત્ર શૃંખલાનો બીજો ભાગ

## બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

### વિસ્તૃત જીવનચરિત્ર ભાગ-૨

અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે આ વસુંધરા પર અવતરેલી વિરલ પરમાત્મામય સંતવિભૂતિ. પ્રમુખસ્વામી મહારાજના જીવનસાગરનું આચમન કરાવતી અદ્‌ભુત ગ્રંથ શ્રેણીનું પ્રથમ આચમન-પુષ્પ આપણે સૌએ માણ્યું. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આ વિશાળ સાગરસમી જીવનગાથાનું દ્વિતીય આચમન-પુષ્પ પ્રકાશિત થઈ ચૂક્યું છે.

આ પુષ્પમાં સન ૧૯૭૧ થી સન ૧૯૭૪ સુધીનાં ૪ વર્ષોની વિગતોનો સમાવેશ કરાયો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા અને તેમના સ્થાને લાખો ભક્તોના ગુરુપદે પ્રમુખસ્વામી મહારાજ બિરાજ્યા તે શ્રેયસ્કારી ચરિત્રોનું અમૃતપાન આ ગ્રંથ-પુષ્પમાં કરીએ. આવો, આપણા સૌના પ્રાણપ્યારા ગુરુહરિના આ જીવનચરિત્રમાં અવગાહન કરીએ અને જીવનને ગુરુસ્મૃતિઓથી રમમાણ કરીએ...



# આફ્રિકામાં નૈરોબી ખાતે ભક્તિભાવપૂર્વક ઊજવાયો
## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૬મો જન્મજયંતી ઉત્સવ

સંવત-૨૦૭૫, ભાદરવા વદ નવમી.

તા. ૨૩-૦૯-૨૦૧૯.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૬મો પ્રાગટ્યદિન.

લાખો આબાલવૃદ્ધોના પ્રાણપ્યારા ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો આ ૮૬મો જન્મજયંતી ઉત્સવ પૂર્વ આફ્રિકામાં ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

આ વર્ષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવની ઉજવણીનું યજમાનપદ મેળવ્યું હતું - પૂર્વ આફ્રિકાના કેન્યા દેશના નૈરોબી મહાનગરે.

ગુરુહરિનાં ચરણે ભાવવંદના કરવા માટે આજે વહેલી સવારથી જ સમગ્ર આફ્રિકા ખંડ તથા દેશ-વિદેશના વિવિધ પ્રાંતોના હજારો ભક્તો નૈરોબી ખાતે ઊમટ્યા હતા. મંગલ પ્રભાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતોએ સ્વામીશ્રીનાં ચરણે વંદના કરતાં કીર્તનો રેલાવીને ગુરુભક્તિ અદા કરી હતી. ત્યાગવલ્લભદાસ સ્વામી અને સંતોએ સ્વામીશ્રીને કલાત્મક પુષ્પહારથી વધાવ્યા હતા. આ પ્રસંગે સ્વામીશ્રીના જીવન-પ્રસંગોનું આચમન કરાવતું પુસ્તક 'બ્રહ્મના સંગે'નું (લેખકઃ સાધુ બ્રહ્મવત્સલદાસ) વિમોચન ત્યાગવલ્લભદાસ સ્વામીએ કર્યું હતું. સાથે સંત વ્યાખ્યાન-માળા ભાગ-૧૭નું પણ વિમોચન સ્વામીશ્રીના હસ્તે થયું હતું. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આશીર્વચનો પાઠવીને સૌને કૃતાર્થ કર્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની જન્મજયંતીનો મુખ્ય સમારોહ સાંજે ૬થી ૯ દરમ્યાન યોજાયો હતો. નૈરોબી ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની નજીક આવેલા પ્રીમિયર ક્લબના પ્રાંગણમાં રચાયેલા વિશાળ શમિયાણામાં આ સમારોહ યોજાયો હતો, જેમાં મધ્યવર્તી વિચાર હતો – શાસ્ત્રોમાં વર્ણવાયેલો સંતનો મહિમા.

સનાતન હિંદુ ધર્મના પ્રાચીન ગ્રંથોમાં સુગ્રંથિત સંત મહિમાને અહીં વિશિષ્ટ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં સૌપ્રથમ જે તે શાસ્ત્રમાં વર્ણવાયેલો સંતનો મહિમા વીડિયોના માધ્યમથી રજૂ કરવામાં આવતો હતો. ત્યારબાદ શાસ્ત્રકથિત સંતનાં લક્ષણો પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવનમાં સહેજે ઝળહળી રહ્યાં છે તે વિષયક સંતો દ્વારા ઉદ્બોધન થતું હતું. તત્પશ્ચાત્ તે



સદ્ગુણને નૃત્યાંજલિ દ્વારા ભાવવંદના કરવામાં આવતી હતી.

સતત ત્રણ કલાક સુધી વહેતા રહેલા આ કાર્યક્રમે સૌનાં હૃદય-મનને સંત-મહિમાથી છલકાવી દીધાં હતાં. આવો, એ મહિમા-શૃંખલાનું અહીં અવગાહન કરીએ.

મહોત્સવના વિશાળ શમિયાણામાં રચાયેલા મંચની પશ્ચાદ્ભૂ મયૂરની પ્રતિકૃતિથી શોભી રહી હતી. મધ્યમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુણાતીત ગુરુપરંપરાની પૂર્ણકદની મૂર્તિઓ દર્શનદાન આપી રહી હતી. તેઓનાં ચરણોમાં સ્વામીશ્રીનું આસન શોભતું હતું. બંને તરફ વરિષ્ઠ સંતો અને મહાનુભાવોનાં આસનો હતાં. મુખ્ય મંચની આગળ ઉપમંચ આજના કાર્યક્રમની પ્રસ્તુતિ માટે સજ્જ હતો.

આફ્રિકાના સમય મુજબ બરાબર ૬-૦૦ વાગ્યે સંત-યુવાવૃંદે સ્વામિનારાયણ મહામંત્રનાં ધૂન અને કીર્તન દ્વારા સભાનો આરંભ કરાવ્યો. પૂર્વભૂમિકા બાદ વહેતી થઈ સનાતન હિન્દુ ધર્મના શાસ્ત્રકથિત સંત-મહિમાની ભાગીરથી.

સંત-મહિમાની એ ભાગીરથીમાં સૌપ્રથમ સૌએ ડૂબકી લગાવી રામચરિતમાનસ ગ્રંથમાં. મહર્ષિ વાલ્મીકિએ ભગવાન શ્રીરામચંદ્રજી કેવા સંત-ભક્તના હૃદયમાં નિવાસ કરીને રહે છે તે અંગે રામાયણ ગાય છે:

*‘કામ, ક્રોધ, મદ, માન ન મોહા,*
*લોભ ન છોભ ન રાગ ન દ્રોહા*
*જિન્હ મેં કપટ દંભ નહીં માયા,*
*તિન્હં કે હૃદય બસહું રઘુરાયા...’*

આ પંક્તિઓ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવનમાં સ્પષ્ટપણે ચરિતાર્થ થતી દૃશ્યમાન થાય છે. એ વિષયક પ્રેરક પ્રસંગોનું આચમન કરાવ્યું પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામીએ. ત્યારબાદ *‘હે! કામ-ક્રોધ-દલનાય નમઃ, હે! પ્રમુખ-ગુરુરાજાય નમઃ, હે! મહંત-ગુરુરાજાય નમઃ’* પંક્તિઓ સાથે યુવાવૃંદે નૃત્યાંજલિ અર્પી.

ત્યારબાદ આવ્યો હિંદુ ધર્મનો પ્રસિદ્ધ ગ્રંથ શ્રીમદ્ભાગવત મહાપુરાણ. આ ગ્રંથના ૧૧મા સ્કંધમાં નવ યોગેશ્વરોએ ભગવાનના ઉત્તમ ભક્તનું લક્ષણ વર્ણવતાં જણાવ્યું છે:

*‘ત્રિભુવનવિભવહેતવેપ્યકુંઠ-*
*સ્મૃતિરજિતાત્મસુરાદિભિર્વિમૃગ્યાત્ ।*
*ન ચલતિ ભગવત્પદારવિન્દાત્-*
*લવનિમિષાર્ધમપિ સ વૈષ્ણવાગ્ર્યઃ ॥૫૩॥’*

અર્થાત્ ‘એવા સંત ત્રિભુવનની સંપદાનો ત્યાગ કરીને ભગવાનનું ધ્યાન કરે છે. એ સંત બ્રહ્મરૂપે ભગવાનને ભજે છે... ’ એ શ્લોકને જીવનમાં આત્મસાત્ કરીને ભગવાનમાં અખંડ લીન રહેનાર પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવન-પ્રસંગો વર્ણવ્યા જ્ઞાનપ્રિયદાસ

સ્વામીએ. *'હે! અખંડ-હરિભજનમય નમઃ હે! પ્રમુખ-ગુરુ-રાજાય નમઃ, હે! મહંત-ગુરુરાજાય નમઃ'* દ્વારા તે ગુણની વંદના થઈ.

૧૭૦ કરતાં વધારે ભાષામાં અનુવાદિત થયેલા અતિપ્રસિદ્ધ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ગ્રંથનું પણ અહીં સ્મરણ પ્રસ્તુત કરવામાં આવ્યું. આ ગ્રંથના દ્વિતીય અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ બ્રાહ્મીસ્થિતિ ધરાવતા ભક્તનાં લક્ષણ જણાવતાં કહે છે,

*'પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્ ।*
*આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥૫૫॥*

'જેઓ સર્વ કામનાઓનો ત્યાગ કરીને પોતાના હૃદયમાં સદા સંતુષ્ટ રહે છે તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.' એ શ્લોકનો અર્થ વધુ સ્પષ્ટ કરીને શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું, 'બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સત્પુરુષો લૌકિક કામનાથી પર હોય છે, તેઓ જગતથી વિરક્ત છે. તેઓ શારીરિક તકલીફો વચ્ચે પણ સ્થિર રહે છે.' એટલું કહીને તેઓએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવનમાં અનુભવાતી વિરક્તિના પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા. *'હે! વિષય-વિરક્ત-નરાય નમઃ હે! પ્રમુખ-ગુરુરાજાય નમઃ, હે! મહંત-ગુરુરાજાય નમઃ'* દ્વારા આ ગુણનાં વધામણાં થયાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં વર્ણવેલા સંતના દિવ્ય ગુણોમાંથી પણ એક અદ્વિતીય ગુણ અહીં રજૂ થયો. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં કહે છે, 'સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા... એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને તે સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે, એમ એ સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટ્યપ છે.'

આત્મસ્વરૂપદાસ સ્વામીએ વચનામૃત કથિત સમર્થ થકા જરણા (ક્ષમા) કરનારા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના પ્રસંગો રજૂ કર્યા હતા.

*'હે! ક્ષમાદર્શરૂપાય નમઃ હે! પ્રમુખ-ગુરુરાજાય નમઃ હે! મહંત-ગુરુરાજાય નમઃ'* દ્વારા આ ગુણને વધાવવામાં આવ્યો.

ઉપનિષદો દુનિયાના સૌથી પ્રાચીન ગ્રંથોમાંના એક છે. તેમાં મુંડકોપનિષદ્‌માં અક્ષરબ્રહ્મરૂપ સંતનાં લક્ષણો વર્ણવતાં લખ્યું છે,

*'તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્સમિત્પાણિઃ*
*શ્રોત્રિયં બ્રહ્મ નિષ્ઠમ્ ॥ ।૧।૨।૧૨॥*
*યસ્તુ સર્વાણિ ભૂતાન્યાત્મન્યેવાનુપશ્યતિ ।*
*સર્વભૂતેષુ ચાત્માનં તતો ન વિજુગુપ્સતે ॥ ૬॥*

આત્મતૃપ્તદાસ સ્વામીએ ઉપનિષદના આ શ્લોકનો મર્મ સમજાવતાં જણાવ્યું, 'આ એવા સંતની વાત છે જે સાક્ષાત્ બ્રહ્મ છે, જે પરમાત્માની અંદર સદા નિષ્ઠ છે. તે અનાદિ તત્ત્વની ઓળખાણ ભગવાન શ્રી સ્વામિનારાયણે કરાવી છે. આવી બ્રાહ્મીસ્થિતિ યુક્ત સત્પુરુષ દેહભાવથી પર હોય છે. તેઓને કોઈના પ્રત્યે ભેદભાવ નથી.' તેઓએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવનમાં ધબકતી ભેદભાવ રહિત ભાવનાના પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા.

*'હે! ભેદદૃષ્ટિ-રહિતાય નમઃ, હે! પ્રમુખ-ગુરુરાજાય નમઃ હે! મહંત-ગુરુરાજાય નમઃ'* દ્વારા આ ગુણને ભાવઅર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યું.

આમ, સનાતન હિન્દુધર્મનાં પ્રાચીન શાસ્ત્રોમાં ઝળહળતાં સંતનાં લક્ષણો પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવનમાં સહેજે ઝળહળે છે તેનું દર્શન કરીને સૌ ગુરુભક્તિમાં લીન થઈ ગયા.

આ અવસરે કેન્યા અને સોમાલિયા દેશના ભારતીય રાજૂદત શ્રી રાહુલ છાબરા પણ ઉપસ્થિત હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ રાજદૂત શ્રી રાહુલ છાબરાએ તમામ ભારતીયો વતી ભાવોર્મિઓ વ્યક્ત કરીને આ અવસરે મહંત સ્વામી મહારાજને જન્મદિવસની કોટિ કોટિ શુભેચ્છાઓ પાઠવી હતી.

તેઓના ઉદ્‌બોધન બાદ છેલ્લા છ દાયકાથી મહંત સ્વામી મહારાજના જીવનને નજીકથી નિહાળનાર વરિષ્ઠ સંતવર્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીના સદ્‌ગુણોનું દર્શન કરાવ્યું હતું.

આ અવસરે સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ પરિવાર વતી ત્યાગવલ્લભદાસ સ્વામી અને અન્ય સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીને કલાત્મક હારથી વધાવ્યા હતા.

બાદ સ્થાનિક આફ્રિકન યુવાનોએ પ્રાદેશિક શૈલીમાં પ્રાદેશિક નૃત્ય રજૂ કર્યું હતું અને *'અગમ નિગમ પણ સંત તણા ગુણ ગણવાને ધાવે, મહંતજીને નિરખી ગ્રંથો નેતિ નેતિ કરી ગાવે...'* પંક્તિઓ સાથે બી.એ.પી.એસ. યુવાવૃંદે ભાવનૃત્ય રજૂ કર્યું હતું.

અંતમાં, ત્યાગવલ્લભદાસ સ્વામીએ પરમ પૂજ્ય

સ્વામીશ્રીનાં ચરણોમાં પ્રાર્થના કરતાં જણાવ્યું, 'આજે બી.એ.પી.એસ. પરિવારના ભક્તોને આપની ૮૬મી જન્મજયંતી ઊજવવાનો ખૂબ જ આનંદ છે. અમે જાણીએ છીએ કે આપને તો આ ગમતું નથી. આપની જન્મજયંતી ઊજવાય તેમાં આપને જરાય રુચિ નથી એ હું વર્ષોથી જાણું છું, પરંતુ આજે અમારા સૌની ફરજ છે કે આપનો પ્રાગટ્યદિન ઊજવવો.

આજે એક શિષ્ય તરીકે અમે કેવી રીતે ભાવ રજૂ કરી શકીએ! કોઈ બાળકને જન્મદિને પૂછવામાં આવે કે તને શું ભાવે છે? શું ગમે છે? બાળકના જન્મદિને તેની રુચિ અનુસાર વર્તવામાં આવે છે. અમે જાણીએ છીએ કે આપની રુચિ સંપ, સુહૃદભાવ, દિવ્યભાવ, નિર્દોષભાવમાં છે. આપને એ ગુણો ગમે છે. એ ગુણો અમે આપના સહારે આત્મસાત્ કરી શકીએ તે પ્રાર્થના.'

પ્રાર્થનાના અંતે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું, 'ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકવાર કહ્યું છે કે જે સ્થિતિમાં આપણને રાખ્યા હોય તે સ્થિતિમાં ભજન-ભક્તિ કરી લેવી. તમે અબજપતિ હો, કરોડપતિ હો, ગરીબ હો, પગમાં જોડા ન હોય, તો પણ સ્થિર રહીને ભજન-ભક્તિ કરી લેવી. તમને બીજું બધું જ મળે, પણ સત્પુરુષ ન મળે તો તેનો કંઈ જ અર્થ નથી.

શ્રીહરિએ વરતાલ પ્રકરણ ૧૧મા વચનામૃતમાં કહ્યું છે કે 'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.' શ્રીહરિ અંતે એક જ વાત ઉપર આવ્યા કે સત્પુરુષ મળે એટલે બધું જ થઈ ગયું, મોક્ષ થઈ ગયો. આપણે કંઈ વિશેષ સાધનો કરવાનાં નથી. ફક્ત સત્પુરુષમાં હેત કરવાનું છે. શાસ્ત્રોમાં પણ એ જ વાત છે.

યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ ભગવાનના ધારક સંત હતા. ભગવાનને હૃદયમાં ધારીને તેઓ આ પૃથ્વી પર આવીને વિચર્યા. તેઓએ આપણને જે સ્થિતિમાં રાખ્યા છે તેમાં રહીને ભગવાનનું ભજન કરવાનું છે. ક્યારેક આપણને સૌને પરચા અને ચમત્કારની પણ ઇચ્છા હોય છે, પરંતુ ક્ષમતા કરતાં વધારે મળી જાય અને પછી તેનો ઉપયોગ કરતાં ન આવડે તો બધું જ બગડે. ઘણાનાં જીવનમાં એવું થયું છે કે તેમને ઘણું બધું મળ્યું, પણ જીરવવાની ક્ષમતા નહોતી તો બધું જ બગડ્યું.

આપણે મૂળ મુદ્દો - ભગવાનનું ભજન કરવું છે એ જ ધ્યાનમાં રાખવો. આપણી વૃત્તિ ભગવાનમાં રહે એ જ કરવાનું છે. આપણી સ્થિતિમાં રહીને ભજન કરવાનું છે એ જ મૂળ મુદ્દો છે. બાળક ૧૦ કિલો વજન માંડ ઉપાડી શકતો હોય, પણ દસ મણ વજન આપવામાં આવે તો તે ન ઉપાડી શકે! એવી રીતે આપણને સામર્થી આપે તો પણ તેને જીરવવી અઘરી છે. જેનામાં ભગવાનનો વાસ હોય, ભગવાનનો અખંડ નિવાસ હોય એવા અખંડ ધારક હોય તે જ સામર્થી જીરવી શકે. બીજા કોઈની તાકાત નથી કે તે સામર્થી જીરવી શકે. ભગવાનના અખંડ ધારક સંત હંમેશા ભગવાનમય જ હોય છે તેથી તેમને આવવા-જવાનું રહેતું નથી. આવા સંત મળે તેમનામાં જોડાઈ જવું.'

સ્વામીશ્રીનાં બળપ્રેરક આશીર્વચનોની પૂર્ણાહુતિ બાદ સૌએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને ગુરુ અને હરિને ભાવ-વંદના કરી હતી. અંતમાં, આરતીના અર્ઘ્ય સાથે સમારોહની પૂર્ણાહુતિ થઈ. અંતે, અહીં ઉપસ્થિત અને જીવંત પ્રસારણ દ્વારા કાર્યક્રમને માણનાર પ્રત્યેકનું હૃદય ગાઈ રહ્યું હતું –

*'મહંત સ્વામી કરીએ વંદન, જન્મદિવસના અભિવંદન...'*






# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય-તીર્થ ચાણસદમાં રાજ્ય સરકાર દ્વારા પ્રવાસી સુવિધાઓનાં વિકાસકાર્યોનો શુભારંભ

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાનું ચાણસદ ગામ એટલે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પાવન પદરજથી ધન્ય થયેલી ધરા.

માગસર સુદ ૮, સંવત ૧૯૭૮ (સન ૧૯૨૧)ના રોજ ચાણસદ ગામમાં ભક્તરાજ મોતીભાઈ અને દિવાળી બાના પુણ્યવંતા પરિવારમાં દિવ્ય પુત્ર શાંતિલાલનો પ્રાદુર્ભાવ થયો. બાળપણ અને કિશોરવયના શાંતિલાલનાં અનેક બાળ-ચરિત્રોનું સાક્ષી બનવાનું સૌભાગ્ય ચાણસદની ભૂમિને સાંપડ્યું. ગામમાં સ્વામિનારાયણ મંદિર ઉપરાંત રણછોડરાય મંદિર, સત્યનારાયણ મંદિર, હનુમાનમઢી, તળાવ, શાળા, ક્રિકેટનું મેદાન વગેરે સ્થળો શાંતિલાલની રમણભૂમિ બન્યાં. આ ભૂમિએ ત્યાગ, તપ, તિતિક્ષા અને ભક્તિસભર શાંતિલાલનું બાળપણ નિહાળ્યું છે અને એ જ એમના માંગલિક ગૃહત્યાગની સદા સ્મરણીય વેળા પણ નિહાળી છે.



સન ૧૯૩૯માં ચાણસદના અલંકાર સમા કિશોર વયના શાંતિલાલ ગૃહત્યાગ કરીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં ચરણે સમર્પિત થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી નારાયણસ્વરૂપદાસજી નામ ધારણ કરાવ્યું. વહી રહેલા સમયના વહેણની સાથે શાસ્ત્રીજી મહારાજે નારાયણ-સ્વરૂપદાસજીનું હીર પારખી તેઓને બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ બનાવ્યા. ત્યારથી સૌને હૈયે રમતું થયું નામ – 'પ્રમુખસ્વામી મહારાજ.' ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક વારસદાર પ્રમુખસ્વામી મહારાજે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રેરણાનું એક વૈશ્વિક આંદોલન જગાવ્યું હતું. સંતત્વના એવરેસ્ટ શિખર સમું તેમનું વ્યક્તિત્વ અને માનવમાત્રના ઉત્કર્ષ માટે સમર્પણપૂર્વક તેમણે કરેલો પ્રચંડ પુરુષાર્થ અજોડ છે.

નવખંડ ધરામાં ભારતીય સંસ્કૃતિની વિજય પતાકા લહેરાવનાર આ વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થાન ચાણસદ ખાતે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દેશ-વિદેશથી દર્શનાર્થે પધારે છે. આ દર્શનાર્થીઓની યાત્રા સરળ અને સુવિધાજનક બની રહે તે માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે પ્રમુખસ્વામી



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય-તીર્થ ચાણસદ ખાતે ગુજરાત સરકાર દ્વારા થઈ રહેલાં વિકાસ-કાર્યોનો મંગલ શુભારંભ કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ઈશ્વરચરણદાસ સ્વામી. સાથે અન્ય મંત્રીવર્યો, આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી નરહરિભાઈ અમીન અને સંતો...

મહારાજ શતાબ્દી પર્વના ઉપક્રમે ગામના પ્રાસાદિક તળાવ તેમજ પ્રવાસી સુવિધાઓના વિકાસનું અદ્‌ભુત અને સુંદર આયોજન હાથ ધર્યું છે.

તીર્થરૂપ ચાણસદ ગામની વિકાસ-યોજનાનો મંગલ આરંભ તાજેતરમાં વેદોક્ત ભૂમિપૂજનવિધિથી કરવામાં આવ્યો. તા. ૫-૧૦-૨૦૧૯ના રોજ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, શ્રી જવાહરભાઈ ચાવડા (પ્રવાસનમંત્રી, ગુજરાત), શ્રી નરહરિભાઈ અમીન(ઉપાધ્યક્ષ, આયોજનપંચ ગુજરાત), શ્રી યોગેશભાઈ પટેલ(રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ગુજરાત) વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ(પ્રદેશ મહામંત્રી ભાજપ, ગુજરાત), શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ(પ્રદેશ ઉપાધ્યક્ષ, ગુજરાત), શ્રી કેતનભાઈ ઈનામદાર(ધારાસભ્ય), શ્રી જિતેન્દ્રભાઈ સુખડિયા (ધારા-સભ્ય) તથા ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રાસાદિક જન્મસ્થળનાં દર્શન કરીને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વેદોક્તવિધિપૂર્વક ખાતમુહૂર્ત કરીને વિકાસકાર્યોનો પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, 'જેમ સ્વામી વિવેકાનંદજીએ શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં પ્રવચન કરીને હિન્દુ ધર્મની ગરિમા વધારી હતી, તેમ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં બી.એ.પી.એસ. મંદિરોના નિર્માણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મની ધજા-પતાકા લહેરાવી છે. પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પો વિશ્વભરમાં ફળીભૂત થયા છે, ત્યારે આપણે પ્રાર્થના કરીએ કે દેશ, ગુજરાત અને સમાજના શુભ સંકલ્પો પૂર્ણ થાય. આ તીર્થધામ ચાણસદમાં પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થાનમાં લાખો લોકો માથું ટેકવીને આશીર્વાદ પ્રાપ્ત કરશે.'

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહાનુભાવોને આવકાર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ પણ આ પ્રસંગે ભાવોર્મિઓ વહાવીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનકાર્યને અંજલિ અર્પી હતી. ત્યારબાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ વતી આ પ્રસંગે ઉપસ્થિત રહેલા વરિષ્ઠ સંત પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે સન ૨૦૨૦માં ચાણસદ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ ઊજવાનાર છે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે રાજ્ય સરકારે તેઓશ્રીનાં ચરણોમાં ભક્તિઅંજલિ અર્પી છે. રાજ્ય સરકારના આ પ્રદાન બદલ અસંખ્ય ભક્તોએ આભાર સહ હર્ષની લાગણી વ્યક્ત કરી છે. ◆

# અબુધાબી ખાતે ધાર્મિક સંસ્થાઓને ધર્મસ્થાનોના નિર્માણ માટે વિધિવત્ પરવાનગી પ્રદાન કરવાનો ઐતિહાસિક સમારોહ યોજાયો




બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અબુધાબીની આરબ ભૂમિ પર બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નિર્માણની ગતિવિધિઓ તેજગતિએ આગળ વધી રહી છે.

આરબ ભૂમિ પર હિન્દુ મંદિર-નિર્માણની આ ઐતિહાસિક યાત્રાનો એક મહત્ત્વનો તબક્કો તાજેતરમાં અબુધાબી ખાતે સંપન્ન થઈ ગયો.

તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ યુનાઈટેડ આરબ અમીરાત (યુ.એ.ઈ.) સરકાર દ્વારા અબુધાબીના જગવિખ્યાત અમીરાત પેલેસ ખાતે એક વિશિષ્ટ સમારોહ યોજાઈ ગયો. એ સમારોહ હતો - ધાર્મિક સ્થાન નિર્માણ કરવાનું અધિકૃત લાઈસન્સ પ્રદાન કરવાનો. ઉલ્લેખનીય છે કે આ ધાર્મિક સંસ્થાનમાં એકમાત્ર બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને ૧૭ ચર્ચનો સમાવેશ થાય છે. યુ.એ.ઈ.ની ભૂમિ પર છેલ્લાં ૫૦ કરતાં વધારે વર્ષોથી કેટલાંક ચર્ચ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ અહીંના ઈતિહાસમાં પ્રથમ વખત હિન્દુ મંદિર સ્થાપવાની મંજૂરી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને આપવામાં આવી છે.

અમીરાત મહેલ ખાતે 'A Call for Harmony' (સંવાદિતાની હાકલ) શીર્ષક હેઠળ યોજાયેલા આ ધાર્મિક સમારોહમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાનિક બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી બ્રહ્મવિહારીદાસ સ્વામી અને ડૉ. બી. આર. શેટ્ટીએ લાઈસન્સ TH001નો સ્વીકાર કર્યો હતો. અબુધાબીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો અને શ્રી ડૉ. મુઘીર ખામીસ અલ ખયાલી, શ્રી શેખ અબ્દુલા બિન મોહમ્મદ અલ હામદ, શ્રી અવૈધા મુર્શીદ અલ મરાર, શ્રી અહમદ જુલ્ફાર, દુબઈના ડાઈરેક્ટર જનરલ ઓફ કમ્યુનિટી ડેવલપમેન્ટ અને શ્રી ડૉ. ઓમર અલ મુથન્નાના નેતૃત્વ હેઠળ વરિષ્ઠ નેતાઓ આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. યુ.એ.ઈ.ના આ પ્રતિષ્ઠિત મહાનુભાવોએ બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિ મંડળને સહિષ્ણુતા અને સંવાદિતા બદલ ફક્ત અભિનંદન પાઠવ્યાં એટલું જ નહીં, પરંતુ તેમણે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક સંકુલનું બાંધકામ નિર્વિઘ્ને પૂર્ણ થાય તેના માટે પણ શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે અમીરાત પેલેસમાં વિવિધ ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં ધાર્મિક સંસ્થાઓના ઈતિહાસને સર્જનાત્મક ફોટોગ્રાફી અને ગ્રાફિક્સ સ્વરૂપે પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સંવાદિતાને કેન્દ્ર સ્થાને રાખીને સ્થાનિક સરકારે Multi faith Prayer Room શો-કેઈસ મોડેલ તૈયાર કર્યું હતું. તેમાં ધાર્મિક સાહિત્ય અને અમીરાતનાં જાહેર સ્થાનોને

દર્શાવવામાં આવ્યાં હતાં. એપ્રિલ ૨૦૧૯માં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના શિલાન્યાસ વખતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ યુ.એ.ઈ.માં પધાર્યા હતા. તે સમયની દસ્તાવેજી તસ્વીરો અને ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃત, સ્વામીની વાતો, રામાયણ અને મહાભારત વગેરે ધાર્મિકગ્રંથોને પણ પ્રદર્શનમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

ધાર્મિક સ્થાનોને પરવાનગી આપવાના યુ.એ.ઈ.ના ઐતિહાસિક નિર્ણયને સમજાવતાં અબુધાબી ડિપાર્ટમેન્ટ ઑફ કમ્યુનિટી ડેવલપમેન્ટના એક્ઝિક્યુટિવ ડાઈરેક્ટર શ્રી સુલતાન અલ દહેરીએ જણાવ્યું હતું કે ધાર્મિક સ્થાનોને આ પરવાનગી આપવાનો મુખ્ય હેતુ એ છે કે જેનાથી તેઓ પોતાની રોજિંદી પારંપરિક ધાર્મિક વિધિઓ નિઃસંકોચ કરી શકે.

યુ.એ.ઈ.ની સરકારના આ નિર્ણય બદલ ઉપસ્થિત તમામ ધર્મ સંસ્થાઓના પ્રતિનિધિઓએ આનંદ પ્રગટ કરીને યુ.એ.ઈ. સરકારનો આભાર માન્યો હતો. આ પ્રસંગે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જણાવ્યું કે ધાર્મિક સંસ્થાનોને અધિકૃત લાઈસન્સ આપવાનો અને ધાર્મિક સ્થાનોને રજિસ્ટર કરવાનો યુ.એ.ઈ. સરકારનો આ નિર્ણય અસાધારણ છે. સરકારની પ્રામાણિકતા અને ગંભીરતાનું તેમાં પ્રતિબિંબ છે. આ પગલું વિશ્વ માટે મૂલ્યવાન સંકેત છે. આ નિર્ણયમાં માનવતાનો સાર્વત્રિક સ્વીકાર છે.

ત્યારબાદ ભારતના રેલવે અને વાણિજ્ય પ્રધાન શ્રી પીયૂષ ગોયેલ બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિ મંડળને મળ્યા હતા. ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ પ્રત્યે લોકોને જાગ્રત કરવા અને વિશ્વવ્યાપી બનાવવા માટે તેમણે બી.એ.પી.એસ. સંસ્થાને અભિનંદન પાઠવ્યાં હતાં. સાથે સાથે અન્ય ધર્મોને સ્વીકારવા બદલ અને સહિષ્ણુતા દર્શાવવા બદલ અબુધાબી સરકારનો આભાર પણ માન્યો હતો.

આમ, અબુધાબી ખાતે નિર્માણ પામી રહેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની નિર્માણ-યાત્રાનું એક વધુ મહત્ત્વનું સોપાન સંપન્ન થઈ ગયું. ◆

## દક્ષિણ અમેરિકા ખંડમાં બ્રાઝિલ ખાતે સંતોનું સત્સંગ વિચરણ...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતોએ દક્ષિણ અમેરિકા ખંડના બ્રાઝિલ ખાતે સત્સંગયાત્રા કરીને ભારતીય સંસ્કૃતિ અને સ્વામિનારાયણીય સંદેશ પ્રસરાવ્યો હતો.

બ્રાઝિલ દક્ષિણ અમેરિકા ખંડનો સૌથી મોટો દેશ છે. ૨૦ કરોડની વસ્તી ધરાવતા આ દેશમાં વિશેષ પોર્ટુગીઝ લોકો વસે છે અને પોર્ટુગીઝ ભાષા જ વિશેષ બોલાય છે. આ પૂર્વે પણ સંતોએ અહીં પધારીને સત્સંગસભાઓ યોજીને અહીં વૈદિક ઉપાસનાનાં બીજ વાવ્યાં હતાં. તા. ૨૪ થી ૨૭ ઑગસ્ટ, ૨૦૧૯ દરમ્યાન પુનઃ શિકાગો ખાતે બી.એ.પી.એસ. મંદિરનું સંચાલન કરી રહેલા પ્રિયસેવાદાસ સ્વામી અને સંતપુરુષદાસ સ્વામીએ અહીં સત્સંગલાભ આપ્યો હતો.

તા. ૨૫ ઑગસ્ટના રોજ બ્રાઝિલના પ્રસિદ્ધ મહાનગર સાઓ પાઉલો ખાતે ઈન્ડિયન કલ્ચરલ સેન્ટરમાં સંતોના સાંનિધ્યમાં યોજાયેલી સત્સંગસભામાં બ્રાઝિલ ખાતેના ભારતીય કૉન્સલ જનરલ શ્રી અમિતકુમાર મિશ્રા, શ્રી તુષાર પરીખ(અધ્યક્ષ, ટીસીએસ), શ્રી શોભન સક્સેના ('હિન્દુ' અખબાર) તથા અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંતોના ભક્તિસંગીત અને મનનીય સત્સંગલાભ બાદ કૉન્સલ જનરલ શ્રી અમિતકુમાર મિશ્રાએ ૨૦૧૮માં ઑસ્ટ્રેલિયામાં પર્થ ખાતે પૂજ્ય મહંત સ્વામી મહારાજની મુલાકાતની સ્મૃતિઓ તાજી કરીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. શ્રી શોભન સક્સેનાએ પણ યુ.એસ.એ.માં રોબિન્સવિલમાં પ્રાપ્ત કરેલા સત્સંગલાભની સ્મૃતિઓ તાદૃશ કરી હતી. સત્સંગ કાર્યક્રમોની સાથે સાથે સંતોએ ભક્તો-ભાવિકોનાં ઘર અને ઑફિસોમાં પણ પધરામણીઓ કરીને સૌને સદાચાર અને વ્યસનમુક્તિની વ્યક્તિગત પ્રેરણાઓ પણ આપી હતી. સાઓ પાઉલોથી ૧૦૦ કિ.મી. દૂર કેમ્પિનાઝ શહેર ખાતે ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં જન્માષ્ટમી ઉત્સવ યોજાયો હતો. આમ, અહીં સંતોના સત્સંગ વિચરણથી ભક્તો-ભાવિકોને અધ્યાત્મપંથે પ્રયાણ કરવાનું વિશેષ બળ પ્રાપ્ત થયું હતું. ◆



# તીર્થભૂમિ સારંગપુર ખાતે ૯૦૦થી વધુ તબીબી વિદ્યાર્થીઓએ માણી મૅડિકો સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સ





ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ગતિમાન સામાજિક પ્રવૃત્તિઓના વટવૃક્ષની એક શાખા એટલે આરોગ્ય સેવાઓ. જ્યાં ફરતાં દવાખાનાંઓ વગેરે અનેક પ્રવૃત્તિઓ દ્વારા નિઃસ્વાર્થ સેવાની અવિરત ભાગીરથી વહેતી રહી છે. તદુપરાંત તબીબોમાં સેવાભાવનાનું વધુ સિંચન થાય તે હેતુથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રતિવર્ષે 'મૅડિકો સ્પિરિચ્યુઅલ કૉન્ફરન્સ'નું પણ આયોજન કરવામાં આવે છે.


પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તીર્થભૂમિ સારંગપુર ખાતે તા. ૨૦ થી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ દરમ્યાન મૅડિકો સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સ યોજાઈ ગઈ. જેમાં ગુજરાત અને પરપ્રાંતમાં મેડિકલ ક્ષેત્રની ઍલોપથી, હોમિયોપથી, આયુર્વેદિક, ફિઝિયોથેરાપી અને ડેન્ટલ વિદ્યાશાખામાં અભ્યાસ કરતાં ૯૦૦થી વધુ તબીબી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં હતાં. 'THE VACHANAMRUT – Eternal Solutions to everyday problems'' મધ્યવર્તી વિચાર હેઠળ આ ત્રિદિવસીય કૉન્ફરન્સમાં વિવિધ પ્રેરણાસભર કાર્યક્રમો યોજાયા હતા. માનસિક તણાવ, વ્યક્તિત્વ વિકાસ, પારસ્પરિક સંબંધો અને ગુણાતીત ગુરુ વગેરે વિષયો પર વચનામૃતના આધારે વિશેષ છણાવટ કરવામાં આવી હતી.

આ કૉન્ફરન્સનાં વિવિધ સત્રોમાં વરિષ્ઠ સંત ડૉક્ટર સ્વામી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામીએ ખાસ ઉપસ્થિત રહીને વિદ્યાર્થી જીવનમાં ઉદ્ભવતા વિવિધ પ્રશ્નોનું વચનામૃતના આધારે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંસ્થાના અન્ય વિદ્વાન સંતો – નારાયણમુનિદાસ સ્વામી, અપૂર્વમુનિદાસ સ્વામી, અનિર્દેશદાસ સ્વામી, જ્ઞાનવિજયદાસ સ્વામી અને ધર્મસેતુદાસ સ્વામીએ મધ્યવર્તી વિચારને કેન્દ્રમાં રાખીને વિભિન્ન વિષયો પર પ્રેરણાબોધ આપ્યો હતો.

પ્રવચનો ઉપરાંત વર્કશોપ, વીડિયો, સ્કિટ, પેનલ ડિસ્કશન દ્વારા સૌએ વિશેષ જ્ઞાન દૃઢ કર્યું હતું. તેમજ સંતો સાથે જ્ઞાનગોષ્ઠિ પણ કરી હતી. આ ત્રિદિવસીય મૅડિકો સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમમાં ક્યારેય ન શીખેલું જ્ઞાન અહીં આત્મસાત્ કર્યું હતું. વચનામૃતનું જ્ઞાન આધ્યાત્મિક પંથે પ્રગતિ કરવા ઉપરાંત રોજિંદા જીવનમાં પણ એટલું જ ઉપયોગી છે. તેમાં દરેક સમસ્યાનું સમાધાન મળી શકે છે તે વાતને સૌએ દૃઢ કરી હતી. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ પરિષદ ખૂબ સાર્થક રહી. ◆

# અમેરિકામાં બ્યુમોન્ટ નગર તથા ઈંગ્લૅન્ડમાં હેવન્ટ નગર ખાતે સ્થપાયાં નૂતન બી.એ.પી.એસ. મંદિરો...





## અમેરિકાના બ્યુમોન્ટ નગર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અમેરિકાના બ્યુમોન્ટ નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૦-૮-૨૦૧૯ના રોજ મૂર્તિ-પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અહીં સન ૧૯૯૫થી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની સરવાણી વહેતી થઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદથી, સંતોના વિચરણથી અહીં સત્સંગ સતત અભિવૃદ્ધિ પામ્યો. પરિણામે અહીં નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ. અહીં 'ગોલ્ડન ટ્રાય ઍંગલ' વિસ્તારમાં નૂતન મંદિર માટે ભૂમિ સંપાદિત કરવામાં આવી. થોડા જ સમયમાં ઉત્સાહી ભક્તોના ભક્તિમય શ્રમથી નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે હ્યુસ્ટન ખાતે તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૧૭ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ યજ્ઞવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૧૦ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ સંપન્ન થયો હતો. આ અવસરે અમેરિકાના અનેક ભાવિક-ભક્તોએ વૈદિક મહાપૂજાવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

મંદિર-મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે કીર્તનભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેંકડો ભક્તો-ભાવિકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. પૂજ્ય સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને મંદિર મહિમાને વિશેષ દઢાવ્યો હતો.

આમ, બ્યુમોન્ટ નગરમાં અમેરિકાની ભૂમિ પર એક વધુ નૂતન બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત થઈ ગયું.

## ઇંગ્લૅન્ડમાં હેવન્ટ શહેર ખાતે પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઈંગ્લૅન્ડમાં હેવન્ટ શહેર ખાતે તા. ૩૦ જૂન, ૨૦૧૯ના રોજ પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

ઈંગ્લૅન્ડના દક્ષિણ-પૂર્વ ખૂણે હેવન્ટ શહેરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૬માં બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. આ મંદિર નવીનીકરણ પામતાં તેનો પુનઃ પ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. તા. ૩૦ જૂનના રોજ યોજાયેલા વેદોક્ત મહાપૂજાવિધિમાં ભક્તો-ભાવિકો ઉત્સાહપૂર્વક સંમિલિત થયા હતા. તા. ૨૨ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ ગઢડા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ યોગવિવેકદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સમારોહમાં હેવન્ટ શહેરના ડેપ્યુટી મેયરશ્રી ક્લેર બેઇન્સ, સ્થાનિક નેતાઓ, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'બ્રિટિશ સંસ્કૃતિ સાથે હિન્દુ ધર્મનો બહુ જૂનો સંબંધ છે.' એમ જણાવીને ડેપ્યુટી મેયર ક્લેર બેઇન્સે મંદિર અને બી.એ.પી.એસ. સંસ્થાનાં કાર્યોને બિરદાવ્યાં હતાં.

ઝડપી, વ્યસ્ત અને તણાવભર્યા જીવનની ઘટમાળમાં આ મંદિરની શીતળ છાયામાં હવે નિયમિત સત્સંગ કાર્યક્રમો યોજાતા રહેશે. ◆

# ઑસ્ટ્રેલિયામાં પર્થ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે અર્પણ થયું 'સનાતન શાસ્ત્ર જ્યોતિર્ધર'નું બહુમાન





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વના ઉપક્રમે ભારતનાં અનેક સત્સંગ કેન્દ્રો અને વિદેશમાં પણ ખૂણે ખૂણે વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમોની અવિરત શૃંખલા ચાલી રહી છે. ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ-સિંગાપોર વગેરે પૂર્વીય દેશોમાં તાજેતરમાં વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનના વિવિધ જ્ઞાનસત્રો યોજાઈ ગયાં. સતત આઠ કલાક ચાલતાં આ જ્ઞાનસત્રોએ હજારો ભક્તો-ભાવિકોને ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલી સનાતન ધર્મની વૈદિક પરંપરાના સિદ્ધાંતો દૃઢ કરાવ્યા હતા.

આ જ્ઞાનસત્રોના કાર્યક્રમો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયા. ભદ્રેશદાસ સ્વામીએ વિદ્વત્તાપૂર્ણ સરળ વ્યાખ્યાનો દ્વારા સૌને અસ્મિતાસભર જ્ઞાનસત્રોમાં લાભ આપ્યો હતો. આ જ્ઞાનસત્રો દરમ્યાન કેટલાક વિશેષ કાર્યક્રમો પણ યોજાઈ ગયા. જેમાંનો એક કાર્યક્રમ મહાનગર પર્થ ખાતે 'ઇન્ડિયન સોસાયટી ઑફ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા' દ્વારા યોજાઈ ગયો, જેમાં ૭૨ સામાજિક, ધાર્મિક ભારતીય સંસ્થાઓનું સંયોજન છે.

'ઇસ્વા' (ISWA) તરીકે ઓળખાતી આ સંગઠને પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પ્રમુખસ્વામી મહારાજને એક વિશિષ્ટ સન્માન અર્પણ કર્યું હતું. તા. ૫-૧૦-૨૦૧૯ના રોજ પર્થ મોડર્ન સ્કૂલના સભાગૃહમાં યોજાયેલા વિશિષ્ટ સમારોહમાં તમામ ભારતીય ધાર્મિક-સામાજિક સંસ્થાઓના અગ્રણીઓએ પ્રમુખસ્વામી મહારાજને 'સનાતન શાસ્ત્ર જ્યોતિર્ધર' બહુમાન અર્પણ કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરીને જુદી જુદી સંસ્થાઓના અગ્રેસરોએ સંબોધનો કર્યાં હતાં. વિદ્વાન સંતોની શ્રેણી દ્વારા સનાતન ધર્મના શાસ્ત્રોની જ્યોતિને પ્રજ્વલિત કરનાર પ્રમુખસ્વામી મહારાજનાં અનેક પ્રદાનોની સૌએ સ્મૃતિ-વંદના કરી હતી. પ્રમુખસ્વામી મહારાજના સતત માર્ગદર્શન અને પ્રેરણા મુજબ શાસ્ત્ર-અધ્યયન કરીને શાસ્ત્રકોવિદ અને ભાષ્યકાર થયેલા ભદ્રેશદાસ સ્વામીના હસ્તમાં પ્રમુખસ્વામી મહારાજનું આ બહુમાન અર્પણ કરવામાં આવ્યું હતું. 'ઇસ્વા'ના પ્રેસિડેન્ટ શ્રી સૂર્ય અંબાતી, પર્થ ખાતેની ઇસ્કોન સંસ્થાના સૂત્રધારો તેમજ અન્ય ધાર્મિક-સામાજિક સંસ્થાઓના અગ્રણીઓએ આ બહુમાનપત્ર અર્પણ કરવાની સાથે સાથે ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીને પણ સન્માન્યા હતા.

ઑસ્ટ્રેલિયા ખંડમાં અક્ષરપુરુષોત્તમ દર્શન સત્રોની સાથે પ્રમુખસ્વામી મહારાજના સન્માનના પણ વિવિધ ગૌરવવંતા કાર્યક્રમો યોજાઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે શતાબ્દી પર્વે એક વધુ ગૌરવવંતી ભાવાંજલિ અર્પિત થઈ.◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ પરથી)
પહેલાં કોનો ઉપાય કરો? ખરજવાનો કે હાર્ટએટેકનો? કોને પ્રેફરન્સ આપો? ખરજવું મટાડવાનું છે, પણ પછી. તેનો ઉપાય પછી પણ થઈ શકે, પણ હાર્ટએટેકનો ઉપાય તરત કરવો પડે.

ભગવાન અને સંતના સ્વરૂપમાં કે તેમની આજ્ઞામાં શંકા ન જોઈએ. શંકા થાય તો તાત્કાલિક સમાધાન કરવું જોઈએ.

અર્જુન સમર્થ યોદ્ધા હતા, શ્રીકૃષ્ણના સંબંધી હતા, મિત્ર હતા, તોય શ્રીકૃષ્ણે કહેલાં વચનોમાં શંકા થતી હતી. પરંતુ તેનું તાત્કાલિક સમાધાન કર્યું. શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું: 'તું તારું બધું ડહાપણ મૂકી દે, મારામાં દિવ્યભાવ રાખીને તું મારું જ શરણું ગ્રહણ કર અને હું કહું એમ જ કર.'

અર્જુને શંકા છોડીને, ભગવાનમાં દિવ્યભાવ રાખીને, તેમના વચન પ્રમાણે કર્યું તો આજે અર્જુન ભગવાનની બાજુમાં બેસે છે, નારાયણની સાથે નર તરીકે! યુધિષ્ઠિર સત્યવાદી હતા તો પણ ભગવાનની સાથે બેસવાની કૃપા પામ્યા નહીં! કારણ કે ભગવાનમાં મનુષ્યભાવ અને તેમની આજ્ઞા પાળવામાં ખામી.

સંત કે ભગવાનમાં મનુષ્યભાવ આવે છે એનું એક કારણ છે – આપણો અહંકાર. આપણને તેઓ વઢે-ટોકે તે ન ગમે. માન આપે તે ગમે. આવા સંત નિઃસ્વાર્થ હોય છે. તેઓ વઢે-ટોકે તે પણ આપણા ભલા માટે હોય છે, પરંતુ આપણે સમજી શકતા નથી.

યોગીજી મહારાજ એક બોધકથા કહેતા. એક શિલ્પી હતો. તેનો દીકરો પણ શિલ્પી થઈ રહ્યો હતો. દીકરો મૂર્તિ બનાવી રોજ પોતાના પિતાને દેખાડે. તેના પિતા હંમેશાં ટોકે અને સુધારો બતાવીને કહે: 'તારું આટલું કામ બરાબર નથી.' એમ વારંવાર સુધારો કરવા ટોકે. દીકરાને માઠું લાગ્યું. તેને થયું કે 'મારા બાપને અક્કલ જ નથી.' એકવાર તેણે મૂર્તિ બનાવી બગીચામાં દાટી દીધી. થોડા સમય પછી ખોદકામ કરતાં કરતાં બગીચામાંથી એ મૂર્તિ કાઢીને પિતા પાસે લઈ ગયો. ઉત્સાહથી કહેવા લાગ્યો, 'જુઓ! જમીનમાંથી આ સુંદર મૂર્તિ નીકળી...!' એના પિતાએ કહ્યું: 'જો, આનું નામ મૂર્તિ ઘડી કહેવાય! તારે આવી બનાવવી જોઈએ!'

દીકરો કહે: 'આ મેં જ બનાવી છે.' એમ કહીને તેણે બધી વાત કરી. ત્યારે દુઃખી થતાં પિતાએ કહ્યું: 'હવે તું આગળ નહીં વધી શકે...! તું આગળ વધે એટલા માટે હું તને ટોકતો હતો.'

સાચા હૃદયે નિઃસ્વાર્થ ભાવે આપણી ભૂલ કોણ દેખાડે? સાચા સંત. તેઓ આપણને વઢે, ટોકે તો એને આપણા ઉપર તેમનો રાજીપો અને તેમનો પ્રેમ સમજવો. તેઓ કહે નહીં તો આપણે કેવી રીતે સુધરીએ?

એકવાર એક યુવાન સાધુએ સ્વામિનારાયણ ભગવાનને કહ્યું: 'મહારાજ! આપ મને કેમ ટોકતા નથી?'

સ્વામિનારાયણ ભગવાને કહ્યું: 'તું ખમવા તૈયાર છે?'

પેલા સાધુ કહે: 'હા.'

આથી, એક વખત સ્વામિનારાયણ ભગવાને સભામાં તેમને ટોક્યા. પેલા સાધુને તો ખોટું લાગ્યું ને પછી કહે: 'મેં તમને સભામાં ટોકવાનું ક્યાં કહ્યું હતું?'

મૂળ તો આપણે ટોકણી ખમી શકતા નથી. પોતાની ભૂલ કોઈ દેખાડે તેને સ્વીકારી શકતા નથી. ભગવાન આપણી ભૂલ દેખાડે તો પણ તે પચતું નથી! પરિણામે દિવ્યભાવને બદલે મનુષ્યભાવ આવે છે.

સાચા અર્થમાં ભગવાન અને ગુણાતીત ગુરુનો માહાત્મ્ય સહિત નિશ્ચય હોય તો આપણી ભલેને ગમે તેવી કસોટી થાય, તો પણ દિવ્યભાવ જ રહે.

દીવા જેવી વાત છે.

એકવાર અંધારું બ્રહ્મા પાસે જઈને કહે, 'મને સૂર્ય કનડે છે!'

બ્રહ્મા કહે, 'તમે બંને ભેગા આવો તો ન્યાય કરું!'

પણ એ બને જ નહીં ને...!

એમ, મહિમા હોય તો મનુષ્યભાવ રહે જ નહીં. ભગવાન આપણી લૌકિક ઇચ્છાઓ પૂરી ન કરે તો પણ દિવ્યભાવ મટે જ નહીં.

દિવ્યભાવ ન હોય તો મોટામાં મોટું નુકસાન તો એ કે ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે તે ખોઈ બેસીએ.

ધનુર્માસમાં એક દિવસ યોગીજી મહારાજ આરતી પહેલાં ઠાકોરજી પાસે આવી ગયા અને સ્લેટમાં પોતે લખ્યું: 'પ્રાપ્તિ મોટી થઈ છે, તેમાં વિઘ્ન આવવા ન દેવું.'

પ્રમુખસ્વામી મહારાજ જેવા સત્પુરુષનો યોગ થયો તે મોટી પ્રાપ્તિ થઈ છે. વચનામૃત કહે છે કે આવા સત્પુરુષમાં હેત થઈ જાય તો એ જ આત્મદર્શનનું અને એ જ પરમાત્માના દર્શનનું સાધન છે.

જેને એ લાધી જાય તેને ચહ-ચહ સુખ આવે.

એને રોજ નવો ઉત્સાહ! રોજ નવો આનંદ!

એને તો દિન દિન દિવાળી.

બસ, આ માસ્ટર કી છે. એક ચાવીએ હજાર તાળાં ખૂલે.

આ આધ્યાત્મિક ચાવી છે. જેને હાથ આવી જાય તે ધન્ય થઈ જાય. ◆

# ભારત અને ગુજરાતમાં યોજાયેલી વિવિધ પશુ હરીફાઈમાં સારંગપુર બી.એ.પી.એસ. ગૌશાળાનું પશુધન અગ્રક્રમે

તીર્થધામ સારંગપુર ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં આવેલી 'યજ્ઞપુરુષ ગૌશાળા' આજે ભારતભરમાં પશુઓની ઉત્તમ ઓલાદના ઉછેર અને સંવર્ધન માટે પ્રસિદ્ધ બની છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને તેઓના આશીર્વાદથી આરંભ પામેલી આ ગૌશાળાની સાર સંભાળ માટે મહંત સ્વામી મહારાજ પણ માર્ગદર્શન આપી રહ્યા છે. આ ગૌશાળાના ઉત્તમ પશુધનને અનેક વખત રાષ્ટ્રીય અને સ્થાનિક કક્ષાએ ગૌરવવંતાં પારિતોષિકો પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. તાજેતરમાં ત્રણ વધુ અવસરે આ પશુધને પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી છે.


## ચેતક ફેસ્ટિવલમાં 'કનૈયા' અશ્વ ભારતમાં પ્રથમ

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં તાપી નદીના કિનારે આવેલા સારંગખેડા ગામમાં છેલ્લાં ૩૦૦ વર્ષથી ચેતક ફેસ્ટિવલનું આયોજન થાય છે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ રમત-સ્પર્ધાઓની વચ્ચે ઘોડાઓની વિવિધ સ્પર્ધા મુખ્ય હોય છે. આ વર્ષે યોજાયેલા આ ઉત્સવમાં ભારતભરમાંથી આવેલા અનેક જાતવાન ઘોડાઓ આ સ્પર્ધામાં સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સ્પર્ધામાં રેસ, બગી રાઈડ્સ, નૃત્ય, શ્રેષ્ઠ ઓલાદ વગેરે મૂલ્યાંકન શ્રેણીમાંથી પસાર થઈને ઘોડાની શ્રેષ્ઠતા પુરવાર કરવાની હતી. નિષ્ણાતોએ ઝીણવટપૂર્વક ઘોડાઓની કસોટી કરી હતી. તેમાં સારંગપુરની યજ્ઞપુરુષ ગૌશાળાનો 'કનૈયા' નામનો અશ્વ શુદ્ધ કાઠિયાવાડી બ્રીડમાં ભારતમાં પ્રથમ ક્રમાંકે વિજયી થયો હતો.

## 'રાજનાથ' પાડો ગુજરાતમાં ચેમ્પિયન ઓફ ધ શો

ગુજરાતના પ્રસિદ્ધ તરણેતર લોકમેળામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા પશુપ્રદર્શન હરીફાઈ યોજાય છે. આ વર્ષે યોજાયેલી હરીફાઈમાં ગુજરાતના ૨૨૫ પશુપાલકોએ પોતાનાં પશુઓને પ્રદર્શિત કર્યાં હતાં. સ્પર્ધામાં પશુજાત, દૂધ, રૂપ અને સ્વાસ્થ્યના માપદંડના આધારે તજ્જ્ઞો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં યજ્ઞપુરુષ ગૌશાળાના ૭૫૦ કિ.ગ્રા. વજન ધરાવતો અઢી વર્ષનો જાફરાબાદી 'રાજનાથ' નામનો પાડો 'ચેમ્પિયન ઑફ ધ શૉ' જાહેર થયો હતો. જાફરાબાદી ભેંસની કેટેગરીમાં આ ગૌશાળાની 'કનક સતી' નામની ભેંસને પણ દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. સન ૨૦૧૮માં યોજાયેલી આ સ્પર્ધામાં જાફરાબાદી 'પૃથ્વીનાથ' નામના પાડાનો પ્રથમ ક્રમાંક આવ્યો હતો. 'ભાગ્યશ્રી' નામની ગીર વાછરડીનો પ્રથમ અને જાફરાબાદી 'અંજુ સતી' નામની ભેંસનો ત્રીજો ક્રમાંક આવ્યો હતો.

યજ્ઞપુરુષ ગૌશાળાના ગાય, ભેંસ, પાડા, ઘોડા-ઘોડી વગેરે પશુઓ વર્ષોથી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનતાં આવ્યાં છે. તેમાં જાફરાબાદી પાડો તેની છ પેઢીથી ભારતમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરે છે. વિશિષ્ટ ક્ષમતાવાન અને ઉત્તમ પ્રજાતિઓનાં પશુઓની અહીં વૈજ્ઞાનિક ઢબે માવજત કરવામાં આવે છે. અહીંનું વાતાવરણ, સ્વચ્છતા અને પશુઓની આરોગ્ય સંભાળ સમગ્ર ગુજરાત માટે પ્રેરક બન્યાં છે. આ પશુધનના સંચાલકોને હાર્દિક અભિનંદન. ◆







# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ઑસ્ટ્રેલિયાના મુખ્યમંત્રી અક્ષરધામ દર્શનાર્થે

તાજેતરમાં તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ઑસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરીના મુખ્યમંત્રી શ્રી એન્ડ્રૂ બાર અક્ષરધામની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. તેઓની સાથે ઑસ્ટ્રેલિયન સરકાર તથા યુનિવર્સિટીના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. બી.એ.પી.એસ. સંસ્થા વતી સંતોએ મુખ્યમંત્રીશ્રી સહિત સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અક્ષરધામ મહામંદિરનાં દર્શન તથા શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરીને સૌએ વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી. 'સંસ્કૃતિ વિહાર' તથા 'નીલકંઠ યાત્રા' પ્રદર્શન ખંડોની યાત્રા પણ સૌ માટે અવિસ્મરણીય બની હતી. અંતે, મુખ્યમંત્રીશ્રી સહિત સૌએ જણાવ્યુ હતું, 'આ યાત્રા જીવનભરની સ્મૃતિ બની રહેશે.' ◆



## બાકરોલ ખાતે યોજાઈ બાળ કાર્યકર શિબિર

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તા. ૬ અને ૮ ઑક્ટોબરના રોજ સમગ્ર ભારતનાં બાળ-બાલિકા પ્રવૃત્તિના અગ્રેસર કાર્યકરોની શિબિર સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલ ખાતે યોજાઈ ગઈ. શિબિરમાં મધ્યસ્થ કાર્યાલયના સંતોએ અને કાર્યકરોએ સૌને પ્રેરણાસભર માર્ગદર્શન આપ્યું હતું. સંવાદ, કાર્યકરોના ઈન્ટરવ્યૂ, ગ્રૂપચર્ચા તથા ઓડિયો-વીડિયોના માધ્યમથી વિવિધ કાર્યક્રમો રજૂ થયા હતા. શિબિરને અંતે મહંત સ્વામી મહારાજે વીડિયોના માધ્યમથી આશીર્વાદ અર્પ્યા હતા અને ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને પ્રતિજ્ઞા ઝિલાવીને ઉપસ્થિત ૮૦૦થી વધુ કાર્યકરોને ચેતનવંતા કરી દીધા હતા. ◆



**અક્ષરવાસ** — **બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### શ્રી માર્કંડભાઈ જે. દવે, મોરબી, ઉં.વ. ૯૦, અક્ષરવાસ તા. ૧૯-૯-૧૯




મોરબી સત્સંગ મંડળના આદિ હરિભક્ત શ્રી માર્કંડભાઈ જટાશંકર દવે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગથી સંનિષ્ઠ સત્સંગી બન્યા હતા. દાયકાઓ પૂર્વે યોગીજી મહારાજે તેઓને મોરબી ખાતે રવિવારીય સત્સંગ સભા શરૂ કરવાનો આદેશ આપ્યો હતો જે તેમણે જીવનભર પાળ્યો હતો. એક આદર્શ શિક્ષક તરીકે વ્યવસાય કરનાર માર્કંડભાઈ એક આદરણીય આદર્શ સત્સંગી બંધુ હતા. અનેક સ્તરે તેમણે આપેલી સેવાઓ સદા સ્મરણીય રહેશે. ગુરુહરિના અતિ કૃપાપાત્ર આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### શ્રી નરસિંહભાઈ એચ. દરજી, મુંબઈ, ઉં.વ. ૬૬, અ.વા. તા. ૧-૬-૧૯



મુંબઈના વાલકેશ્વર વિસ્તારના અગ્રણી હરિભક્ત શ્રી નરસિંહભાઈ હીરાભાઈ દરજીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગથી સત્સંગને જીવનમાં દૃઢ કર્યો હતો. મુંબઈમાં એક શિક્ષક તરીકે સફળ કારકિર્દી વિતાવ્યા બાદ છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓએ મુંબઈના દાદર ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં નિત્ય સેવા કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. મુંબઈમાં વિવિધ સેવાઓ કરીને તેઓએ અનેક મુમુક્ષુઓને સત્સંગમાં જોડ્યા હતા. સદા દાસભાવે સેવા કરનાર તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆



### મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભક્તિભાવપૂર્વક ઊજવાશે

# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ...

આપ સૌને જણાવતાં હર્ષ થાય છે કે વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વના ઉપક્રમે આ વર્ષે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં દિવ્યતા અને ભવ્યતાથી મુંબઈ ખાતે ઊજવાશે. આ મહોત્સવ અંગે કેટલીક અગત્યની સૂચનાઓ:

- જન્મજયંતી મહોત્સવ તા. ૪-૧૨-૨૦૧૯, માગશર સુદ ૮, બુધવારના રોજ સાંજે ૫:૦૦ થી ૮:૦૦ દરમ્યાન ઊજવાશે.
- આ મહોત્સવનું જીવંત પ્રસારણ આસ્થા ટીવી ચેનલ અને live webcast (live.baps.org) પર માણવા વિનંતી.
- જન્મજયંતી મહોત્સવ નિમિત્તે તા. ૪-૧૨-૨૦૧૯ના દિવસે સાંજે ૫:૦૦ થી ૮:૦૦ દરમ્યાન ડી. વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે યોજાનાર મુખ્ય સભા સિવાય, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં પ્રાતઃપૂજાદર્શન, સભા, પ્રદર્શનો કે અન્ય કોઈ કાર્યક્રમો રાખવામાં આવેલ નથી.
- મુંબઈના આ મહોત્સવમાં ઉતારાની સગવડ શક્ય બની શકશે નહીં. મહોત્સવમાં પરદેશથી પધારનાર બધા જ હરિભક્તોએ ઉતારાની વ્યવસ્થા પોતાની રીતે મહોત્સવ-સ્થળની નજીક આવેલી હોટેલ્સ અથવા અન્ય સ્થળોએ કરવાની રહેશે.

**જન્મજયંતી મહોત્સવ સ્થળ: ડી. વાય. પાટીલ સ્ટેડિયમ, સેક્ટર-૭, નેરૂલ, નવી મુંબઈ, મહારાષ્ટ્ર.**

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી તારલાઓને અભિનંદન...**

### શ્રી અભિષેક એ. પટેલ, અમદાવાદ : સી.એ.માં અગ્ર ક્રમે ઉત્તીર્ણ



અમદાવાદના સંનિષ્ઠ યુવક શ્રી અભિષેક પટેલે વર્ષ ૨૦૧૯માં લેવાયેલી સી.એ.ની ફાઇનલ પરીક્ષામાં ૮૦૦માંથી ૫૧૬ સ્કોર સાથે ઉત્તીર્ણ થતાં સમગ્ર ભારતમાં અગ્ર ક્રમે અને ગુજરાતમાં પાંચમા ક્રમે ઉત્તીર્ણ થયા છે. તેઓશ્રીને હાર્દિક અભિનંદન. ◆

### શ્રી હરિકૃષ્ણભાઈ પરીખ, અમદાવાદ : સમગ્ર ભારતમાં ચોથા ક્રમે



બાળપ્રવૃત્તિ કાર્યકર અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા શ્રી હરિકૃષ્ણભાઈ પરીખે તાજેતરમાં સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા દ્વારા યોજાયેલી ચેસ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ તૃતીય અને રાષ્ટ્રીય કક્ષાએ ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓશ્રીને હાર્દિક અભિનંદન. ◆

### શ્રી મૌલિકકુમાર એમ. પટેલ, બોડિયા : ગોલ્ડ મેડલ વિજેતા



લીંબડી તાલુકાના બોડિયા ગામના સંનિષ્ઠ યુવક શ્રી મૌલિક પટેલ કામધેનુ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બી. ટેક્.ની ડેરી ટેક્નોલોજી વિદ્યાશાખાની પરીક્ષામાં ૮.૫૫ OGPA પ્રાપ્ત કરીને પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા છે. યુનિવર્સિટીએ તેઓને સુવર્ણચંદ્રક અર્પણ કરી સન્માનિત કર્યા છે. હાર્દિક અભિનંદન. ◆

### શ્રી મનુભાઈ સિંધા, ગાંધીનગર : શ્રેષ્ઠ શ્રમરત્ન એવૉર્ડથી સન્માનિત



ગાંધીનગરના સત્સંગપ્રવૃત્તિ કાર્યકર શ્રી મનુભાઈ સિંધાને ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગે 'શ્રેષ્ઠ શ્રમરત્ન'નો ઍવૉર્ડ એનાયત કર્યો છે. ગુજરાત થર્મલ પાવરનાં તમામ યુનિટોના કર્મચારીઓ પૈકી ઉત્કૃષ્ટ યોગદાન બદલ આ ઍવૉર્ડ તેઓને મુખ્યમંત્રીશ્રીએ અર્પણ કર્યો હતો. હાર્દિક અભિનંદન. ◆








**દેશ-વિદેશમાં ઠેર ઠેર ભક્તિભાવપૂર્વક ઊજવાયો પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો ૮૬મો જન્મોત્સવ...**

તાજેતરમાં પૂર્વ આફ્રિકાના મહાનગર નૈરોબી ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો ૮૬મો જન્મોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો. આ સાથે બી.એ.પી.એસ. સંસ્થાનાં દેશ-વિદેશનાં તમામ સત્સંગકેન્દ્રોમાં પણ મહંત સ્વામી મહારાજના ૮૬મા જન્મજયંતી દિનની ભક્તિસભર ઉજવણી થઈ હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આધ્યાત્મિક સદ્‌ગુણો અને અનંત ઉપકારોની સ્મૃતિ વચ્ચે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની અનોખી સંતપ્રતિભા અને આધ્યાત્મિક કૃપાવર્ષાને સૌએ વિવિધ માધ્યમો દ્વારા હૃદયપૂર્વક માણી હતી. આબાલવૃદ્ધ સૌએ વિવિધ પ્રસ્તુતિઓમાં જોડાઈને ગુરુહરિનાં ચરણે ભાવવંદના કરી હતી. છબિઓ: અમેરિકાનાં ડલાસ, હ્યુસ્ટન, લોસ એન્જલસ, રોબિન્સવિલ, વૉશિંગ્ટન ડીસી વગેરે મહાનગરો ખાતે હજારો ભક્તો-ભાવિકોએ માણેલાં ગુરુજયંતીનાં સ્મૃતિ-દૃશ્યો...

Swaminarayan Prakash Gujarati, November-2019, Published on 1-11-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.











## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યતીર્થ ચાણસદમાં રાજ્ય સરકાર દ્વારા વિકાસકાર્યોનો શુભારંભ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ઐતિહાસિક પ્રાગટ્ય-તીર્થ ચાણસદને પ્રવાસી સુવિધાઓથી સજ્જ કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. હજારો ભક્તો અને પ્રસિદ્ધ મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, રાજ્યના અન્ય મંત્રીશ્રીઓ તથા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ચાણસદ ખાતે તા. ૫-૧૦-૨૦૧૯ના રોજ આ વિકાસકાર્યોનો શુભારંભ કરાવ્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યસ્થાને વંદના કરી ગુજરાતની સુખાકારી માટે પ્રાર્થનાપૂર્વક ભાવના વ્યક્ત કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas